અકલંક ગ્રંથમાળા પુષ્પ-૧૮૦

# બૃહત્સંગ્રહણી સૂત્રાર્થ



સં. વર્ધમાન તપોનિધિ શ્રુતજ્ઞાનોપાસક પૂ. મુનિ

**શ્રી અકલંક વિજયજી મ. સા.**

અકલંક ગ્રંથમાળા

ઉજમફઈની ધર્મશાળા, વાઘણ પોળ, ઝવેરીવાડ, અમદાવાદ-૧

## છપાયેલ પુસ્તકોની યાદી

કથાનુયોગ

તીર્થંકરાદિ ચરિત્રો ૨ થી ૬
૨૭ થી ૩૧/૧૩૨/૧૫૭/૧૭૯
૭/૩૨/૭૦ જૈન રામાયણ
૬૭ જૈન મહાભારત
૬૮/૧૭૮ જૈન ઈતિહાસ
૯/૧૭૬ શુકરાજાની કથા
૧૧ અકલંક વિજયજીનું જીવનચરિત્ર
૭૬ અકલંક આત્મકથા
૧૨ કુમારપાળ ચરિત્ર
૧૫/૧૩૫ નળ દમયંતિ ચરિત્ર
૨૨/૧૬૨ કુલવયમાળા કથા
૨૪ તિલકમંજરી
૨૬ વૈરાગ્યનુ અમૃત સમરાદિત્ય ચરિત્ર
૩૫ શાંબ પ્રદ્યુમ્ન ચરિત્ર
૩૬ વીશસ્થાનકની કથાઓ
૩૮ મયણા શ્રીપાળ
૫૫ જૈનકથાઓ અને સુબોધ કથાઓ
૫૬ સુબોધ કથાઓ અને જૈન દર્શન
૫૯/૬૦ ઉપરિતિ ભવ પ્રપંચા કથા
ભાગ ૧-૨
૭૧/૧૬૫ વસુદેવહિંડ ચરિત્ર
૭૨ સમકિત મૂળ બાર વ્રતની કથાઓ
૨૩ સમાયિક પ્રતિક્રમણને અષ્ટ-
કર્મ ઉપરની કથાઓ.
૪૦ મહાબળ મલયાસુંદરી.
૯૬/૧૫૪ જૈન ધર્મનો પરિચય

૧૦૬ બુદ્ધિસાગર સૂરિ જીવન ઝરમર
૧૦૯ ચંદરાજાનું ચરિત્ર
૧૧૯ ઉપાસક દશાંગ
૧૨૧ ઉપદેશ તરંગીણી
૧૨૨ પેથડશા ચરિત્ર
૧૨૪ સાત ભવનો સ્નેહ
૧૨૫ ભીમસેન નૃપચરિત્ર
૧૨૬/૧૫૩ સુર સુંદરી ચરિત્ર
૧૩૧ પ્રભુ શ્રી રાજેન્દ્ર સૂરિ
૧૩૩ અંબડ ચરિત્ર
૧૩૪ રાજકુમારી સુદર્શના ચરિત્ર
૧૩૭ શ્રીચંદ કેવળી ચરિત્ર
૧૩૮ હેમચદ્રાચાર્ય
૧૪૧ આરામ શોભા
જૈનકથાઓ ભા. ૧ થી ૪૦ ૧૭/૧૯
૨૫/૩૭/૪૧ થી ૪૭/૫૨ ૬૪ થી
૬૬/૭૯/૮૦/૮૮ થી ૯૦/૯૯/
૧૦૪/૧૦૭/૧૦૮/૧૧૩/૧૨૩/
૧૨૭/૧૩૦, ૧૪૪ થી ૧૪૭
૧૫૦ થી ૧૫૨/૧૫૮ થી ૧૬૦
૧૪૨ જ્યોતિષ રત્નાંકર
૧૨૦ જૈન જાગૃતિ
૧૬૧/૧૬૮ ભક્તામરપૂજન વિધિ
૧૭૨ અઠ્ઠાઇ વ્યાખ્યાન
૧૧૨ મેઘમાળા આદિ સંગ્રહ
૧૫૫ સંસ્કૃતસરળ વ્યાકરણ
૧૬૯ ધર્મ મિમાંસા

અકલંક ગ્રંથમાળા પુષ્પ : ૧૮૦

# શ્રી બૃહત્ સંગ્રહણી-સૂત્રાર્થ

સંપાદક :

વર્ધમાનતપોનિધિ શ્રુતજ્ઞાનોપાસક

પૂ. મુનિરાજશ્રી અકલંકવિજયજી મ૦સા૦

પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા

(૧) પ્રો૦ કે. જી. શાહ

(૨) શ્રી પારસમલજી જૈન

ઉજમ ફુઈની ધર્મશાળા, વાઘણ પોળ, ઝવેરીવાડ,

અમદાવાદ-૩૮૦૦૦૧

અકલંક ગ્રન્થમાળા–પુષ્પ ૧૮૦

# બૃહત્–સંગ્રહણી પ્રકરણ સાર્થ

## પ્રસ્તાવના

"નમિય જિણં સવ્વન્નુ, જગ–પુજ્જં, જગ–ગુરૂં, મહા–વીરં,
જંબુદ્દિવ પયત્થે, વુચ્છં સુત્તા સ – પર – હેઉ."

ઉપરોક્ત મહાવીર સ્તુતિનો શ્લોક **'શ્રી લઘુ–સંગ્રહણી પ્રકરણ'**નો પહેલો શ્લોક છે :

**અર્થ** : રાગ–દ્વેષ ને જીતનાર, સર્વજ્ઞ, ત્રણ–જગતને પૂજ્ય, ત્રણ જગતના ગુરુ, એવા **શ્રી મહાવીરસ્વામીને** નમસ્કાર કરીને **જંબુદ્વીપના શાશ્વતા પદાર્થને** સૂત્ર અનુસારે, મારા તથા તમારા આત્મ–કલ્યાણાર્થે વર્ણવીશ,

આ 'સંગ્રહણી' શું છે? શાસ્ત્રમાં કહેલા **દશ પદાર્થોનો સંગ્રહ** તે 'સંગ્રહણી' છે. આ દસ પદાર્થ : (૧) ખાંડવા, (૨) યોજન, (૩) ક્ષેત્ર, (૪) પર્વત, (૫) શિખરો (૬) તીર્થો, (૭) શ્રેણીઓ, (૮) વિજય, (૯) દ્રહો અને (૧૦) નદીઓ, છે.

સંગ્રહણી–'લઘુ' પણ છે અને 'બૃહત્' પણ છે. બન્ને સંગ્રહણી શાસ્ત્રીય હોવાથી ઘણી ટેકનિકલ છે, અને પંડિત–વિદ્વાન યોગ્ય છે.

**શ્રી લઘુ સંગ્રહણી** પ્રકરણની રચના **શ્રી હરિભદ્રસૂરિએ** કરેલી છે જે આપણા પ્રતિક્રમણ સૂત્રોમાં આપવામાં આપેલી છે.

પ્રતિક્રમણ સૂત્રોમાં ચાર પ્રકરણ અપાય છે. તેમાં બે પ્રકરણ (૧) **જીવ વિચાર પ્રકરણ** તથા (૨) **નવતત્ત્વ પ્રકરણ** દરેક સાચા જૈને વાંચવા જ જોઈએ જેથી વીતરાગોનો વિશ્વ-કલ્યાણનો હેતુ સમજાય. બાકીના બે પ્રકરણ (૩) **શ્રી દંડક પ્રકરણ** તથા (૪) **શ્રી લઘુ સંગ્રહણી સૂત્ર** એકાદવાર વાંચી જવા, કેમકે જૈન સિદ્ધાંતોનું ઊંડું રહસ્ય તેમાં સમાયેલું છે.

દરેક ભવ્ય જૈનને "જીવ"નું સ્વરૂપ સમજવા **શ્રી જીવ વિચાર પ્રકરણ** શ્રી શાંતિસૂરિએ, તીર્થંકર તથા ગણધરોએ ઉપદેશેલા ધર્મમાંથી, બાળજીવો-સંક્ષેપ રુચિ (થોડી બુદ્ધિ)વાળા માટે, વિસ્તારવાળા એવા શ્રુત-સમુદ્રમાંથી સંક્ષેપથી ઉદ્ધર્યું. પહેલો શ્લોક :

"ભુવણ-પઈવં વીરં,-નમિઊણ ભણામિ અબુહ બોહત્થં,
જીવ-સરૂવં કિંચિવિ, જહ ભણિયં પૂવ્વ-સૂરિહિં."

અર્થ : ત્રણ ભુવનમાં (સ્વર્ગ, મૃત્યુ, પાતાળમાં) દીપક સમાન શ્રી મહાવીર પ્રભુને નમસ્કાર કરીને, જીવનું કંઈક સ્વરૂપ, પૂર્વના આચાર્યોએ કહ્યું છે તેમ, અજ્ઞાની જીવના બોધ માટે કહેવામાં આવ્યું છે.

**'શ્રી નવતત્ત્વ પ્રકરણ'ની** પહેલી ગાથામાં દરેક ભવ્ય જીવે સારી રીતે જાણવા યોગ્ય નવ તત્ત્વોનું સુંદર વિવરણ છે :

(૧) જીવતત્ત્વ, (૨) અજીવ તત્ત્વ, (૩) પુણ્ય તત્ત્વ, (૪) પાપ તત્ત્વ, (૫) આશ્રવ તત્ત્વ, (૬) સંવર તત્ત્વ, (૭) નિર્જરા તત્ત્વ, (૮) બંધ તત્ત્વ તથા (૯) મોક્ષ તત્ત્વ.

છેલ્લી ગાથા–શ્લોક ૯૦માં એક સરસ પ્રશ્નનો ઉત્તર અપાયેલો છે. અત્યાર સુધી કેટલા ભવ્ય જીવો મોક્ષે ગયા છે?

જ્યારે જ્યારે જિનેશ્વર ભગવંતોને આ પ્રશ્ન પૂછાય ત્યારે એક જ ઉત્તર હોય છે કે અત્યાર સુધીમાં '**એક નિગોદ'નો અનંતમો ભાગ જ મોક્ષે ગયો છે**: વિચારવું.

ત્રીજું **શ્રી દંડક પ્રકરણ** : પ્રથમ ગાથા.

"નમિઉં ચઉવીસ જિણે, તસ્સુત્ત–વિચાર લેસ દેસણુઓ,
દંડગ–પએહિં તે ચ્ચિય, થોસામિ સુણેહ, ભો ભવ્વો."

હે ભવ્ય જનો, ચોવીશ જિનેશ્વરોને નમસ્કાર કરીને, તેમના સિદ્ધાંત વિચારને લેશ માત્ર કહેવાથી '**જીવો જેને વિષે દંડાય છે**' તે દંડકની વિચારણા કરાઈ છે, અને છેલ્લી ગાથાઓમાં '**ચોવીસ દંડક**'ના સ્થાનને વિષે ભમવાથી, ખેદયુક્ત મનવાળા આપણને, **મન વચન ને કાયા એ ત્રણ દંડની** વિરતિથી–ત્રણ દંડના વિરામથી–સુલભ એવું **મોક્ષ** પદ આપણને જલ્દી મળે તેવી **પ્રાર્થના** કરાઇ છે.

આ દંડક પ્રકરણના રચયિતા શ્રી ગજસાર મુનિ છે." આ ગ્રંથના વિષયનો બોધ આગમના બીજા ગ્રંથ સમજવામાં ખૂબ મદદરૂપ નીવડે છે.

"**બૃહદ સંગ્રહણી પ્રકરણ**"માં પ્રથમ શ્લોકમાં જણાવ્યા પ્રમાણે : નવ દ્વાર નરકગતિ, નવ દ્વાર દેવગતિ, આઠ દ્વાર મનુષ્ય ગતિ તથા આઠ દ્વાર તિર્યંચ ગતિ એમ કુલ ચારે ગતિના ચોત્રીસ દ્વારનું વર્ણન છે

આ ગ્રંથના **કર્તાનું મુખ્ય લક્ષ** : પ્રાણીઓ ઉપર ઉપકાર કરવો તે છે અને **આપણું પ્રયોજન** દેવાદિ ચાર ગતિઓનું સ્વરૂપ જાણવાનું છે: અને બન્નેના હેતુ જ્ઞાનાવરણીય વગેરે **આઠ કર્મોનો** ક્ષય કરી **મોક્ષ પ્રાપ્તિ** કરવી તે છે.

"પરસ્પરોપગ્રહ જીવાનામ્"–તત્ત્વાર્થ સૂત્ર

આ ગ્રન્થ મહાવીર પ્રભુએ અર્થથી કહ્યો, ગણધરોએ સૂત્રથી ગુંથ્યો, શ્રી શ્યામાચાર્ય (કાલકાચાર્ય) મહારાજે "પન્નવણા" માં વર્ણવ્યો અને શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે 'બૃહત સંગ્રહણી'માં કહ્યો, તે અર્થને સંક્ષેપી **શ્રી ચન્દ્રસૂરિએ** આ બૃહત સંગ્રહણી રચી છે.

જૈન દર્શનમાં અને દરેક ધર્મમાં ઘણી જાતના દેવલોક ને દેવ–દેવીઓ હોય છે તેમનું વર્ણન–આયુષ્ય (ઉત્કૃષ્ટ અને જઘન્ય) આપવામાં આવ્યું છે.

આ બૃહત સંગ્રહણીમાં એક સરસ પ્રકરણ છે 'તમસ્કાય' નું સ્વરૂપ–The Blaek Hole = જો કે સમજવું જરા કઠણ છે પણ વિચારવા જેવું છે. જૈન શાસ્ત્રમાં કેટલું બધું વૈજ્ઞાનિક જ્ઞાન ઠાંસી ઠાંસીને ભરેલું છે તે ચમત્કારિક આશ્ચર્યજનક છે. એમ કહેવાય છે કે કોઈ પ્લેઇન આ બ્લેક હોલમાં ખેંચાઇ જાય તો પત્તો લાગે નહીં.

દેવોમાં પણ કષાયો–લોભ વગેરે–દ્વેષ–ઈર્ષા હોય છે. બધા દેવ–દેવીઓ સુખી હોતા નથી.

નારકાધિકારમાં સાત નરકનું વર્ણન છે.

દેવો આપણી માફક માતાના ગર્ભમાં આવતા નથી,– પરંતુ તેઓ જન્મે તેને 'ઉપપાત' કહે છે–દેવ વિમાનમાં

યુવાન દેવ જન્મે. દેવોનું આયુષ્ય તથા નારકોનું આયુષ્ય કરોડો વર્ષનું હોય છે. સામાન્ય સમજણ—દેવલોકમાં સુખ—નરકમાં દુઃખ દુઃખખા. વર્ણન પુસ્તકમાં વાંચવું. ક્ષેત્ર વેદના હોય તથા પરમાધામી દેવો પણ નારકોને ત્રાસે. આ બધું થાય છે **પૂર્વ કર્માનુસાર**—સવ્વે જીવા કમ્મવસ. નારકો કુંભીમાં જન્મે છે.

સારઃ અહિંસા પરમો ધર્મ. કોઈ જીવને દુઃખ દેવું નહીં—જેવું કરો તેવું પામો—અહિં લાંચ રૂશ્વત કંઈ ચાલતું નથી. કાળું ધોળું જુઠાણું કરનાર વકીલ વગેરેના જીવો પ્રાયઃ નરકવાસ ભોગવે છે.

મનુષ્ય ગતિ અને તિર્યંચ ગતિના સુખ—દુઃખ તો આપણે નજર જોઈએ છીએ. ચક્રવર્તી જે થઈ ગયા તેમને ૧૪ રત્નો હોય છે—વાંચો પા. ૧૦૩—૧૦૪.

---

આ પુસ્તક તમારા કરકમળમાં આવે તો જેટલું સમજાય તેટલું સમજી વિચારી **આત્મ કલ્યાણનું** લક્ષ રાખવું.

સર્વે સુખીનઃ સન્તુ, સર્વે સન્તુ નિરામયા,
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, ન કશ્ચિદ્ દુઃખભાગ્ ભવેત્.

વૈશાખ સુદિ ત્રીજ
અક્ષય તૃતીયા
૨૫/૪/૯૩ રવિવાર
લુહારની પોળ,
અમદાવાદ—૩૮૦૦૧

સંકલન કાર—સંઘસેવક
પ્રા. કુમુદચન્દ્ર
ગોકળદાસ શાહના
જય જિનેન્દ્ર
(જન નયન)

નોંધ :- 'લઘુ સંગ્રહણી' સૂત્રમાં જંબુદ્વીપમાં આવેલ દસ શાશ્વત પદાર્થોનું વર્ણન છે. તેનો વિસ્તાર 'લઘુ ક્ષેત્ર સમાસ'માં છે, તેમા અઢી દ્વીપના શાશ્વત પદાર્થોનું વર્ણન છે. તેનું બીજું નામ "જૈન ભૂગોળ શાસ્ત્ર" છે.

આ "બૃહત્ સંગ્રહણી" સૂત્રનું બીજું નામ

"ત્રૈલોક્ય દીપિકા છે." તેને "જૈન ખગોળ શાસ્ત્ર" પણ કહેવાય છે. તેમાં દંડક સૂત્રનો વિસ્તાર છે. આ ગ્રન્થમાં ત્રણે લોકનું વર્ણન અને તેમાં રહેલ ચારે ગતિના જીવોનું વર્ણન, આઠ દ્વારે, કરેલ છે.

પ્રથમ આવૃત્તિ ખલાસ થતાં આ બીજી આવૃત્તિ છપાવી છે. ૐ

# મન ભમરાની સજ્ઝાય

ભુલ્યોમન ભમરાતું ક્યાં ભમ્યો ભમીયો દિવસને રાત
માયાનો બાંધ્યો પ્રાણીયો ભમે પરિમલજાત ભુલ્યો૦૧

કુંભ કાચોને કાયા કારમી તેહનાંશાં કરો રે જતન્ન
વિણસંતા વાર લાગે નહિ નિર્મળ રાખોરે મન્ન ભુલ્યો૦૨

કોનાં છોરૂ કોનાં વાછરૂ કેહનાંમાય ને બાપ
અંતકાળે જીવને જાવું એકલું સાથે પુણ્યને પાપ ભુલ્યો૦૩

જીવને આશા ડુંગર જેવડી મરવું પગલાંરે હેઠ
ધન સંચી સંચી કાંઈ કરો કરો દેવની વેઠ ભુલ્યો૦૪

ધંધો કરી ધન મેળવ્યું લાખો ઉપર ક્રોડ
મરણની વેળા માનવી લીધો કંદોરો છોડ ભુલ્યો૦૫

મૂરખ કહે ધન માહરૂં ધોખે ધાન્ય ન ખાય
વસ્ત્ર વિના જઈ પોઢવું લખપતિ લાકડામાંય ભુલ્યો૦૬

ભવ સાગર દુઃખ જલ ભર્યા તરવો છે રે તેહ
વચમાં ભય સબળો થયો કર્મ વાયરો ને મેહ ભુલ્યો૦૭

લખપતિ છત્રપતિ સવિગયા ગયા લાખ બે લાખ
ગર્વકરી ગોખે બેસતાં સર્વ થયા બળી રાખ ભુલ્યો૦૮

ધમણ ધખંતી રહી ગઈ બુઝ ગએ લાલ અંગાર
એરણ કો ઠબકો મટયો ઊઠ ચાલ્યોરે લુહાર ભુલ્યો–૯

ઉવટ મારગ ચાલતાં જવું પહેલે પાળ
આગળ હાટ ન વાણીઓ સંબળ લેજોરે હાથ ભુલ્યો–૧૦

પરદેશી પરદેશમાં કુણશું કરોરે સનેહ
આયા કાગળ ઉઠ ચલ્યા, ન ગણે આંધી ને મેહ ભુલ્યો–૧૧

કેઈ ચાલ્યા કેઈ ચાલશે, કે તો ચાલણ હાર
કેઈ બેઠા બુઢા બાપડા, જા એ નરક મોઝાર ભુલ્યો–૧૨

જે ઘેર નોબત વાગતી થાતા છત્રીશે રાગ
ખંડેર થઈ ખાલી પડયાં બેસણ લાગ્યા છે કાગ ભુલ્યો–૧૩

ભમરો આવ્યો રે કમળમાં લેવા પરિમલ પૂર
કમળ મીંચાએ માંહિ રહ્યો જબ આથમતે સૂર ભુલ્યો–૧૪

રાતનો ભુલ્યોરે માનવી દિવસે મારગ આય
દિવસનો ભુલ્યોરે માનવી ફિર ફિર ગોથાં ખાય ભુલ્યો–૧૫

સદ્‌ગુરૂ કહે વસ્તુ વ્હોરીએ જે કાંઈ આવેરે સાથ
આપણો લાભ ઉગારીયે, લેખું સાહિબ હાથ ભુલ્યો–૧૬

# બૃહત્ સંગ્રહણી પ્રકરણ સાર્થ

**નમિઉ અરિહંતાઈ, ઠિઇ ભવણો ગા હણાય પત્તેયં**
**સુર નારયાણ વુચ્છં, નર તિરિયાણં વિણા ભવણં ૧**

**ઉવવાય ચવણ વિરહં, સંખં ઇગ સમઇયં ગમાગમણે**
**દસ વાસ સહસ્સાઈ, ભવણવઇણં જહન્ન ઠિઇ ૨**

અરિહંતાદિને નમસ્કાર કરીને આયુષ્ય ભવન અવગાહના ઉપપાત વિરહ ચ્યવન વિરહ એક સમયે સંખ્યાએ ગણતાં ઉપપાત અને ચ્યવન ગતિ ને આગતિ એ નવ દ્વાર નરક ગતિ અને દેવગતિને વિષે કહેવાશે અને ભવન વિના આઠ દ્વાર મનુષ્ય ગતિ અને તિર્યંચ ગતિને વિષે કહેવાશે કુલ ચારે ગતિના ચોત્રીશ દ્વાર થાય છે.

કર્તાનું અનતર પ્રયોજન પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવો તે છે. શ્રોતાનું અનંતર પ્રયોજન દેવાદિનું સ્વરુપ જાણવું તે છે. બન્નેનું પરંપર પ્રયોજન જ્ઞાનાવરણાદિ કર્મનો ક્ષય કરી મોક્ષની પ્રાપ્તિ કરવી તે છે, સાધ્ય સાધન અને તેથી પૂર્વક્રમ લક્ષણ તે સંબંધ બે પ્રકારે છે. જ્ઞાન તે સાધ્ય ગુરૂ પૂર્વક્રમ લક્ષણ તે આ ગ્રથ મહાવીર સ્વામીએ અર્થથી કહયો, ગણધરોએ સુત્રથી ગુથ્યો, શ્યામાચાર્યે પન્નવણામાં વર્ણવ્યો જિન ભદ્ર ગણિ ક્ષમા શ્રમણે બૃહત્સંગ્રહણીમાં કહયો તે અર્થને સંક્ષેપી ચંદ્રસૂરિએ આ સંગ્રહણી રચી છે અધિકારી ચતુર્વિધ સંઘ છે. એમ ચતુષ્ઠય અનુબંધ કહયો ભવનપતિનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું હોય છે.

**ચમર બલિ સાર મહિઅં, તદ્દેવીણું તુ તિન્નિ ચત્તારિ**
**પલિયાઈં સઢ્ઢાઈં, સેસાણું નવનિકાયાણું 3**

**દાહિણ દિવડઢ પલિયં,**
**ઉત્તરઓ હુન્તિ દુન્નિ દેસૂણા,**
**તદ્દેવી મદ્ધ પલિયં. દેસૂણં આઉ મુકકોસં, ૪**

ચમરેન્દ્રનું આયુંષ્ય એક સાગરોપમ છે. બલીન્દ્રનું તેથી કંઇક અધીક છે તેઓની દેવીઓનું આયુષ્ય અનુક્રમે સાડા-ત્રણ અને સાડા ચાર પલ્યોપમ છે. બાકીના ભવન પતિના નવ નિકાયમાં દક્ષિણના ઇંદ્રોનું દોઢ પલ્યોપમ અને ઉતરના ઈન્દ્રોનું દેશેઊણુ બે પલ્યોપમ છે. તેની દેવીઓનું અનુક્રમે અર્ધ પલ્યોપમ અને દેશેઉણુ એક પલ્યોપમ ઉત્કૃષ્ટથી આયુષ્ય હોય છે. (ઓછું અધીક એટલે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જાણવો હીં શ્રી ધુતિ કીર્તિ બુદ્ધિ લક્ષ્મી એ છ નું એક પલ્યોપમ આયુષ્ય છે માટે તે અસુરકુમાર નિકાયની જાણવી.

**વંતરિયાણ જહન્નં, દસ વાસ સહસ્સ પલિય મુકકોસં**
**દેવીણું પલિયદ્ધં, પલિયં અહિયં સસિ રવીણું, ૫**

**લક્ખેણ સહસ્સેણય,વાસાણ ગહાણ પલિય મેએસિ**
**ઠિઇ અદ્ધં દેવીણં, કમેણ નક્ખત્ત તારાણં, ૬**

**પલિયદ્ધં ચઉભાગો, ચઉ અડ ભાગાહિગાઉ દેવીણં,**
**ચઉ જુઅલે ચઉભાગો, જહન્ન મડ ભાગ પંચમએ ૭**

વ્યંતર દેવ દેવીઓનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનુ હોય છે. વ્યંતર દેવોનું ઉત્કૃષ્ટ એક પલ્યોપમ અને દેવીઓનું અર્ધપલ્યોપમ હોય છે. જ્યોતિષિમાં ચંદ્રનું એક પલ્યોપમને

એક લાખ વર્ષ સૂર્યનું એક પલ્યોપમ ને એક હજાર વર્ષ ગ્રહોનું એક પલ્યોપમ છે. તેમની દેવીઓનું તેમનાથી અડધું છે નક્ષત્રનું અર્ધ પલ્યોપમને તારાનું એક ચતુર્થાંઉસ પલ્યો-પમ છે તેની દેવીઓનું તેનાથી અડધું છે જઘન્ય ચારે વિમા-નના દેવદેવીનું એક ચતુર્થાંઉસ પલ્યોપમ છે. અને તારાનું ⅛ પલ્યોપમ છે. ઈન્દ્રો અને વિમાનાધિપતિઓનું જઘન્ય હોતું નથી પણ ઉત્કૃજ હોય છે. તે તે વિમાનમાં રહેલા બીજા દેવ દેવીઓનું આયુષ્યજ જઘન્ય હોય છે.

દો સાહિ સત્ત સાહિય,
દસ ચઉદસ સત્તર અયર જાસુકકો,
ઇક્કિકકૂક મહિયમિરો, જા ઇગિતીસુવરિ ગોવિજજે. ૮
તિત્તીસ-ણુત્તરેસુ, સોહમ્માઇસુ ઇમા ઠિઇ જિટ્ઠા,
સોહમ્મે ઇસાણે, જહન્ન ઠિઇ પલિય મહિયં ચ. ૯

દો સાહિ સત્ત દસ ચઉદસ,
સત્તર અયરાઇજા સહસ્સારો,
તપ્પરઓ ઇક્કિક્કં, અહિયં જાણુતર ચઉકકે. ૧૦

ઇગતીસ સાગરાઈ, સવ્વટ્ઠે પુણ જહન્ન ઠિઈનત્થિ,
પરિગ્ગહિયાણિયરાણિય,
સોહમ્મી સાણ દેવીણ. ૧૧

પલિયં અહિયં ચ કમા,
ઠિઈ જહન્ના ઇઓ ય ઉકકોસા
પલિયાઈ સત્ત પન્નાસ, તહ ય નવ પંચવન્ના ય ૧૨

સૌધર્મનું બે સાગરોપમ ઈશાનનું બેથી અધિક, સન કુમારનું સાત માહેન્દ્રનું સાતથી અધિક, બ્રહ્મલોકનું દશ

લાંતકનું ચૌદ મહાશુક્રનું સત્તર પછી એકેક વધારતા નવમાં ગ્રૈવેયકનું એકત્રીસ ને અનુત્તરમાં તેત્રીસ સાગરોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય છે. જઘન્ય સ્થિતિ સૌધર્મની એક પલ્યોપમ ને ઈશાનનો તેથી અધીક છે. સનત્કુમારની બે સાગરોપમ અને માહેન્દ્રની તેથી અધીક છે. બ્રહમલોકની સાત, લાતકની દશ, મહાશુક્રની ચૌદ સહસ્રારની સત્તર પછી એકેક સાગરોપમ વધારતાં નવમાં ગ્રવેયકની ત્રીશ ને ચાર અનુત્તરે એકત્રીશ થાય

સર્વાર્થસિદ્ધમાં જઘન્ય સ્થિતિ નથી પરિગૃહિતા દેવીયોનું જઘન્ય આયુષ્ય અનુક્રમે પલ્યોપિમ અને પલ્યોપમથી કંઇક અધિક છે. સૌધર્મની પરિગૃહિતા અને અપરિગૃહિતાનુ ઉત્કૃષ્ટ આયુષ્ય અનુક્રમે સાત ને પચાસ પલ્યોપમ છે જ્યારે ઈશાનની પરિગૃહિતા અને અપરિગૃહિતાનું અનુક્રમે નવ ને પંચાવન પલ્યોપમ છે સૌધર્મમાં અપરિગૃહિતાનાં છ લાખ વિમાન છે. તે ૩-૫-૭-૯-૧૧ દેવલોકને ભોગ્ય છે. ઈશાનમાં ચાર લાખ વિમાન છે તે ૪-૬-૮-૧૦-૧૨ દેવ લોકને ભોગ્ય છે

## વૈમાનિક દેવ દેવીઓનું જઘન્ય અને ઉત્કૃષ્ટ આયુષ્ય

| દેવોના નામ | | જઘન્ય ને | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|---|
| સૌધર્મ | દેવો | એક પલ્યોપમ | બે સાગરોપમ |
| ઇશાન | ,, | ,, અધીક | ,, અધિક |
| સનત્કુમાર | ,, | બે સાગરોપમ | સાત સાગરોપમ |
| માહેન્દ્ર | ,, | ,, અધીક | ,, અધિક |
| બ્રહમલોક દેવ | | સાત સાગરોપમ | દશ સાગરોપમ |

| દેવોના નામ | જઘન્ય ને | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|
| લાંતક ,, | દશ સાગરોપમ | ચૌદ સાગરોપમ |
| મહાશુક્ર ,, | ચૌદ સાગરોપમ | સતર સાગરોપમ |
| સહસ્ત્રર ,, | સતર ,, | અઢાર ,, |
| આનત ,, | અઢાર ,, | ઓગણીસ ,, |
| પ્રાણુત ,, | ઓગણીશ ,, | વીશ ,, |
| આરણ્ય ,, | વીશ ,, | એકવીશ ,, |
| અચ્યુત ,, | એકવીશ ,, | બાવીશ ,, |
| પહેલો ગ્રૈવેયક દેવ | બાવીશ ,, | ત્રેવીશ ,, |
| બીજો ,, ,, | ત્રેવીશ ,, | ચોવીશ ,, |
| ત્રીજો ,, ,, | ચોવીશ ,, | પચ્ચીશ ,, |
| ચોથો ,, ,, | પચ્ચીશ ,, | છવ્વીશ ,, |
| પાંચમો ,, ,, | છવ્વીશ ,, | સત્યાવીશ ,, |
| છઠ્ઠો ,, ,, | સત્યાંવીશ ,, | અઠ્ઠાવીશ ,, |
| સાતમો ,, ,, | અઠ્ઠાવીસ ,, | ઓગણત્રીશ ,, |
| આઠમો ,, ,, | ઓગણત્રીશ,, | ત્રીશ ,, |
| નવમે ,, ,, | ત્રીશ ,, | એકત્રીશ ,, |
| ચાર અનુત્તરે ,, | એકત્રીશ ,, | તેત્રીશ ,, |
| સર્વાર્થ સિદ્ધે | ૦ | ,, ,, |
| દેવીનાં નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| સૌધર્મ | એક પલ્યોપમ | સાત પલ્યોપમ |
| ઈશાન | એક અધીક ,, | નવ પલ્યોપમ |

| | | | |
|---|---|---|---|
| સનત્કુમારને ભોગ્ય | અપરિગૃહિતા દેવી | ૧૦ પલ્યોપમ આયુષ્ય | |
| માહેન્દ્ર | ,, | ,, | ૧૫ ,, |
| બ્રહ્મ | ,, | ,, | ૨૦ ,, |
| લાંતક | ,, | ,, | ૨૫ ,, |
| મહાશુક્ર | ,, | ,, | ૩૦ ,, |
| સહસ્ત્રાર | ,, | ,, | ૩૫ ,, |
| આણુત | ,, | ,, | ૪૦ ,, |
| પ્રાણુત | ,, | ,, | ૪૫ ,, |
| આરણ્ય | ,, | ,, | ૫૦ ,, |
| અચ્યુત | ,, | ,, | ૫૫ ,, |

દેવીઓની ઉત્પતિ બે દેવલોક સુધીજ છે. ઉપરના દેવોને ભોગ્ય દેવીઓ પહેલા બીજા દેવલોકે રહે છે. આઠમા દેવલોક સુધીના દેવો તેમને ત્યાં લઈ જાય છે. તેથી ઉપરના દેવો ફક્ત મનથી ચીંતવના કરે છે કારણ કે મન સેવી છે. ત્રીજા ચોથા દેવલોકના દેવો સ્પર્શ સેવી પાંચમા છઠ્ઠાના દેવો રુપ સેવી છે સાતમા આઠમાનાં દેવો શબ્દ સેવી છે ઉપરના મન સેવી છે.

**પણ છ ચઉચઉ અટ્ઠય,કમેણ પત્તેય મગ્ગમહિસીઓ.**
**અસુર નાગાઈ વંતર, જોઇસિ કપ્પ દુગિંદાણં, ૧૩**

ચમરેન્દ્ર અને બલીન્દ્રને પાંચ પાંચ, નાગાદિ નવનિકાયમાં છ, છ, વ્યંતર વાણ વ્યંતરના ઈન્દ્રો તથા સૂર્ય ચંદ્રને ચાર ચાર પટ્ટરાણીઓ છે.

ભવન પતિના વીશ, વ્યંતરના બત્રીશ, જ્યોતિષીના બે વૈમાનીકના બે ઈન્દ્રો મળી કુલ છપન્ન ઈન્દ્રોની બસ્સોને

સિત્તોર પટ્ટરાણીઓ છે. સૌધર્મ અને ઈશાનેન્દ્રની આઠ આઠ પટ્ટરાણીઓ છે.

**દુસુ તેરસ દુસુ બારસ,**
**છ પણ ચઉ ચઉ દુગે દુગે ય ચઉ,**
**ગેવિજ્જ-ણુત્તરે દસ, બિસટ્ઠિ પયરા ઉવરિ લોએ.૧૪**

પહેલા બે દેવલોકે તેર બીજા બે દેવલોકે બાર પાંચમાં દેવલોકે છ, છઠ્ઠા દેવલોકે પાંચ, સાતમાને આઠમાં દેવલોકે ચાર ચાર નવમાં અને દશમાં દેવલોકે ચાર, અગ્યારમાને બારમાં દેવલોકે ચાર, નવ ગ્રવયકે નવ, અનુત્તર વિમાને એક, એમ કુલ બાસઠ પ્રતર છે

**સોહમ્મુકકોસ ઠિઈ,નિય પયર વિહત્ત ઈચ્છિ સંગુણિઓ**
**પયરૂક્કોસ ઠિઇઓ, સવ્વત્થ જહન્નઓ પલિયં ૧૫**

સૌ ધર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમને પોતાના તેર પ્રતરે ભાગીએ પછી ઈચ્છીત પ્રતર સાથે ગુણવાથી પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે તેરે પ્રતરની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ છે.

પહેલા પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ તેરીઆ બે ભાગ સાગરોપમ છે બીજા પ્રતરની તેરીઆ ચાર ભાગ ત્રીજા પ્રતરની તેરીઆ છ ભાગ, ચોથા પ્રતરની તેરીઆ આઠ ભાગ, પાંચમાં પ્રતરની તેરીઆ દશ ભાગ છઠ્ઠા પ્રતરની તેરીઆ બાર ભાગ સાગરોપમ છે. સાતમા પ્રતરની એક સાગયોપમ ને તેરીઆ એક ભાગની છે. આઠમા પ્રતરની તેરીઆ ત્રણ ભાગ નવમાં પ્રતરની તેરીઆ પાંચભાગ દશમા પ્રતરની તેરીઆ સાત ભાગ અગ્યારમાં પ્રતરની તેરીઆ નવભાગ બારમાં પ્રતરની તેરીઆ

અગ્યાર ભાગ ને એક સાગરોપમની છે. અને તેરમા પ્રતરની ઉત્કૃષ્ટ સ્થિતિ બે સાગરોપમની છે. ઈશાન દેવલોકમાં જઘન્યને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ અધિક સૌધર્મ દેવલોક કરતાં જાણવી.

**સુરકપ્પઠિઈ વિસેસો,**
**સગ પયર વિહત્ત ઇચ્છ સંગુણિઓ,**
**હિઠ્ઠિલ્લ ઠિઈસહિઓ, ઇચ્છિય પયરંમિ ઉક્કોસા. ૧૬**

દેવલોકની સ્થિતિનો વિશ્લેષ કરીએ (અધીક સ્થિતિમાંથી ઓછી કાઢવી) પછી પોતાના પ્રતર વડે ભાગીએ અને ઇચ્છીત પ્રતર સાથે ગુણીએ પછી પાછલી સ્થિતિ સહિત કરીએ તો ઇચ્છીત પ્રતરને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિ આવે સનત્કુમાર કરતાં માહેન્દ્રની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ ઉપર મુજબ અધીક જાણવી

સનત્કુમારના પહેલાં પ્રતરેબે સાગરોપમને બારીઆ પાંચ-ભાગ અધીક છે

સનત્કુમારના બીજા પ્રતરે બે સાગરોપમને બારીઆ દશ-ભાગ અધીક જાણવી.

સનત્કુમારના ત્રીજા પ્રતરે ત્રણ સાગરોપમને બારીઆ ત્રણ ભાગ અધીક જાણવી.

સનત્કુમારના ચોથા પ્રતરે ત્રણ સાગરોપમને બારીઆ આઠ ભાગ અધીક જાણવી.

સનત્કુમારના પાંચમાં પ્રતરે ચાર સાગરોપમને બારીઆ એક ભાગ અધીક જાણવી.

સનત્કુમારના છઠ્ઠા પ્રતરે સાડા ચાર સાગરોપમ

સનત્કુમારના સાતમા પ્રતરે ચાર સાગરોપમને બારીઆ અગીઆર ભાગ અધીક જાણવી

સનત્કુમારના આઠમે પ્રતરે પાંગ સાગરોપમને બારીઆ ચાર ભાગ અધીઠ જાણુવી.

સનત્કુમારના નવમે પ્રતરે પાંચ સાગરોપમને બારીઆ નવ ભાગ અધીક જાણુવી

સનત્કુમારના દશમે પ્રતરે છ સાગરોપને બારીઆ બે ભાગ અધીઠ જાણુવી

સનત્કુમારના અગ્યારમે પ્રતરે છ સાગરોપમને બારીઆ સાત ભાગ અધીક જાણુવી

સનત્કુમારના બારમે પ્રતરે સાત સાગરોપમ

બ્રહ્મ લોકના પહેલા પ્રતરે સાડા સાત સાગરોપમ

બ્રહ્મ લોકના બીજા પ્રતરે આઠ સાગરોપમ

બ્રહ્મ લોકના ત્રીજા પ્રતરે સાડા આઠ સાગરોપમ

બ્રહ્મ લોકના ચોથે પ્રતરે નવ સાગરોપમ

બ્રહ્મ લોકના પાંચમાં પ્રતરે સાડા નવ સાગરોપમ

છઠ્ઠા પ્રતરે દશ સાગરોપમ હોય

લાંતકના પહેલા પ્રતરે દશ સાગરોમને પાંચીઆ ચાર ભાગ અધીક હોય

લાંતકના બીજા પ્રતરે અગ્યાર સાગરોપમને પાંચીઆ ત્રણુ ભાગ અધીઠ હોય

લાંતકના ત્રીજા પ્રતરે બાર સાગરોપમને પાંચીઆ બે ભાગ અધીક હોય

લાંતકના ચોથા પ્રતરે તેર સાગરોપમને પાંચીઆ એક ભાગ અધીક હોય.

લાંતકના પાંચમા પ્રતરે ચૌદ સાગરોપમ હોય
મહાશુકના પ્રથમ પ્રતરે પોણા પંદર સાગરોપમ હોય

,, બીજા પ્રતરે સાડા પંદર સાગરોપમ ,,

,, ત્રીજા પ્રતરે સવા સોળ સાગરોપમ હોય

,, ચોથા પ્રતરે, સત્તર સાગરોપમ ,,

સહસ્રારના પ્રથમ પ્રતરે સવા સત્તર સાગરોપમ હોય

,, બીજા પ્રતરે સાડા સત્તર ,, ,,
,, ત્રીજા પ્રતરે પોણા અઢાર ,, ,,
,, ચોથા પ્રતરે અઢાર ,, ,,

આણતપ્રાણુતના પ્રથમ પ્રતરે, સાડા અઢાર સાગરોપમ હોય

,, બીજા પ્રતરે ઓગણીશ ,, ,,
,, ત્રીજે ,, સાડી ઓગણીશ ,, ,,
,, ચોથે ,, વીશ ,, ,,

આરણ્ય અચ્યુતના પ્રથમ પ્રતરે સાડી વીશ સાગરોપમ હોય

,, ,, બીજા ,, એકવીશ ,, ,,
,, ,, ત્રીજા ,, સાડી એકવીશ ,, ,,
,, ,, ચોથા ,, બાવીશ ,, ,,

નવ ગ્રૈવેયકે એકેક વધારતાં ત્રેવીશથી એકત્રીશ સાગરોપમ હોય

અનુત્તરમાં તેત્રીસ સાગરોપમ ઉત્કૃષ્ટ આયુષ્ય હોય

દરેક પ્રતરે જઘન્યાયુ જાણવા નીચેના દેવનું ઉત્કૃષ્ટ છે તે ઉપરના દેવનું જઘન્ય જાણવું

**કપ્પસ્સ અંતપયરે, નિય કપ્પ વડિંસયા વિમાણાઓ,**
**ઈંદ નિવાસા તેસિં, ચઉદિસિ લોગપાલાણં. ૧૭**

દેવલોકના છેલ્લા પ્રતરે પોતાના દેવલોકના નામે અવતંસક વિમાનો છે. તેમાં ઈન્દ્રનો વાસ છે. અને તેની ચારે દિશાએ લોકપાલોનો વાસ છે.

**સોમ જમાણં સતિભાગ**
**પલિય વરૂણસ્સ દુન્નિ દેસૂણા,**
**વેસમણે દો પલિયા, એસ ઠિઈ લોગપાલાણં. ૧૮**

પૂર્વ દિશાએ સોમને દક્ષિણ દિશાએ યમ બન્નેનું આયુષ્ય એક પુર્ણાંક એક ત્રત્યાઉંસ પલ્યોપમ છે પશ્ચિમ વરૂણનું કંઈક ઓછું બે પલ્યોપમ છે ઉત્તરે કુબેરનું બે પલ્યોપમ છે. અહિં બનેલા અકસ્માત બનાવોને સોમ જાણે છે. રોગને મરણને યમ જાણે છે જળથી બનેલા બનાવોને વરૂણ જાણે છે. અને ધન સંબંધી બનાવોને કુબેર જાણે છે તેથી જમીનમાં દાટેલાં માલીક વિનાનાં ધનને દેવો મારફત તીર્થંકરના ઘેર મુકાવે છે.

**અસુરા નાગ સુવન્ના. વિજ્જુ અગ્ગી ય દીવ ઉદહીઅ**
**દિસિ પવણ થણિય દસવિહ,**
**ભવણવઇ તેસુ દુદુ ઈંદા. ૧૯**

અસુર–નાગ–સુવર્ણ–વિદ્યુત્–અગ્નિ-દ્વીપ–ઉદધિ,દિશિ,પવનને સ્તનિતએ દશ પ્રકારે ભવનપતિ દેવો કુમારની માફક ક્રિડા કરતા હોવાથી કુમાર કહેવાય છે તેઓને વિષે ઉત્તર દક્ષિણ બબ્બે ઈન્દ્રો હોય છે.

**ચમરે બલી અ ધરણે, ભૂયાણંદેય વેણુદેવ ય.**
**તત્તો ય વેણુદાલી, હરિકંતે હરિસ્સહે ચેવ. ૨૦**
**અગ્ગિસિહ અગ્ગિમાણુવ, પુન્ન વિસિટ્ઠે તહેવ જલકંતે**
**જલપહ તહ અમિઅ ગઇ,**
**મિયવાહણુ દાહિણુત્તરઓ. ૨૧**

**વેલંબે ય પભંજણુ, ઘોસ મહાઘોસ એસિ મન્નયરો,**
**જંબુદ્દીવં છત્તં, મેરું દંડં પહુ કાઉં. ૨૨**

ચમરેન્દ્રને બલીન્દ્ર બન્ને અસુરકુમારના અનુક્રમે દક્ષિણને ઉત્તરના ઈન્દ્રો છે.

ધરણેન્દ્રને ભૂતાનેન્દ્ર બન્ને નાગકુમારના અનુક્રમે દક્ષિણને ઉત્તરના ઈન્દ્રો છે.

વેણુ દેવને વેણુંદાલી બન્ને સુવર્ણકુમારના અનુક્રમે દક્ષિણને ઉત્તરના ઈન્દ્રો છે.

હરિકાન્તને હરિસ્સહ બન્ને વિદ્દ્યુત્કુમારના અનુક્રમે દક્ષિણને ઉત્તરના ઈન્દ્રો છે.

અગ્નિશિખને અગ્નિમાણુવ બન્ને અગ્નિકુમારના અનુક્રમે દક્ષિણને ઉત્તરના ઈન્દ્રો છે.

પુર્ણ અને વિશિષ્ઠ બન્ને દ્વીપકુમારના અનુક્રમે દક્ષિણને ઉત્તરના ઈન્દ્રો છે.

જલકાન્ત અને જલપ્રભ બન્ને ઉદધિકુમારનાર અનુક્રમે દક્ષિણને ઉત્તરના ઈન્દ્રો છે.

અમિતગતિને મિતવાહન બન્ને દિશિકુમારના અનુક્રમે દક્ષિણને ઉત્તરના ઈન્દ્રો છે.

વેલંબ અને પ્રભંજન બન્ને વાયુકુમારના અનુક્રમે દક્ષિ-ણને ઉત્તરના ઈન્દ્રો છે.

ઘોશને મહાઘોશ બન્ને સ્તનિતકુમારના અનુક્રમે દક્ષિણને ઉત્તરના ઈન્દ્રો છે.

ચમરેન્દ્ર ચમરચંચા રાજધાનીથી જંબુદ્વિપ સુધી દેવોને દેવીઓના વૈક્રિય રૂપો વડે પુરવાને શક્તિમાન છે તેથી બલીન્દ્ર અધીક શક્તિમાન છે.

નાગકુમાર એક ફેણ વડે જંબુદ્વીપને આચ્છાદન કરવાને શક્તિમાન છે.

વિદ્દ્યુત્કુમાર વિજળી વડે જંબુદ્વીપને પ્રકાશ કરવાને શક્તિમાન છે.

અગ્નિકુમાર અગ્નિ જવાળા વડે જંબુદ્વિપને બાળવાને કરવાને શક્તિમાન છે.

દ્વીપકુમાર એક હાથ વડે જબુદ્વીપને સ્થાપવાને શક્તિ-માન છે.

ઉદધિકુમાર એક ઉર્મિના જળવડે જંબુદ્વીપને ભરવાને શક્તિમાન છે.

દિશિકુમાર પગની પાની વડે જ જંબુદ્વીપને કંપાવાને શક્તિ માન છે.

વાયુકુમાર એક વાયુના શબ્દ વડે જંબુદ્વીપને બહેરી કરવાને શક્તિમાન છે.

સ્તનિતકુમાર મેઘવડે જંબુદ્વીપને આચ્છાદન કરવાને શક્તિમાન છે.

આ વીશમાંનો કોઈપણ ઈન્દ્ર જંદ્વીપને છત્ર અને મેરૂ પર્વતને દંડ માફક કરવાને શક્તિમાન છે. પણ તેવું કદી કરતા નથી પોતાની મર્યાદા મુકતા નથી.

**ચઉતીસા ચઉચત્તા, અટ્ઠતીસા ય ચત્ત પંચણ્હં,**
**પન્ના ચત્તા કમસો, લક્ખા ભવણાણ દાહિણઓ ૨૩**

**ચઉ ચઉ લક્ખ વિહુણા, તાવઇયા ચેવ ઉત્તર દિસાએ**
**સવ્વેવિ સત્તકોડી, બાવત્તરિ હુન્તિ લક્ખા ય ૨૪**

દક્ષિણ :

૩૪, ૪૪–૩૮–૪૦–૪૦–૪૦–૪૦–૪૦રે૫૦ ૪૦–૪૦૬ લાખ

ઉત્તર :

૩૦–૪૦–૩૪–૩૬–૩૬–૩૬–૩૬–૩૬–૪૬–૩૬-૩૬૬લાખ

---

૭૭૨ લાખ

ભવનપતિ દસનિકાયમાં દક્ષિણ દિશામાં ચારસો છ લાખ ભવનો છે અને ઉત્તર દિશામા ચાર ચાર લાખ ઓછાં કરતા ત્રણસો સાસઠ લાખ છે અને ઉતરે દક્ષિણ બન્ને મળી કુલ સાત કોડ ને બહોતેર લાખ ભવનો છે

**રયણાએ હિટ્ઠુવરિં જોયણ સહસ્સં વિમુત્તું તેભવણા**
**જંબુદ્વીવ સમા તહ, સંખ–મસંખિજ્જ વિત્થારા ૨૫**

રત્નપ્રભા પૃથ્વીની નીચે અને ઉપર એક હજાર યોજન મુકીને બાકીના એક લાખ ને અઠ્ઠોતેર હજાર યોજનમાં તે ભવનો રહેલા છે રત્નપ્રભાનો પિંડ એક લાખ ને એ શી હજાર છે ભવનો ગોળ છે. આવાસો ચોરસ છે. તેની પહોળાઇ ને લંબાઇ અસંખ્યાત યોજન છે. અસુરકુમારો ઘણું કરીને આવાસોમાં રહે છે. નાનાં જંબુદ્વીપ જેટલાં મધ્યમ સંખ્યાતા યોજનનાં અને ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજનનાં છે.

**ચુડામણિ ફણિ ગરૂડે. વજ્જે તહ કલસ સીહ અસ્સેય,**
**ગય મયર વદ્ધમાણે, અસુરાઈણં મુણસુ ચિંધે. ૨૬**

અસુરકુમારાદિનાં મુકુટોને વિષે અનુક્રમે નીચે મુજબ ચિન્હો હોય છે

ચુડામણી, ફેણ, ગરૂડ, વજ્ર, કલશ, સિંહ, અશ્વ, ગજ, મગર અને શરાવ સંપુટનું ચિન્હ હોય છે (વર્ધમાન)

**અસુરા કાલા નાગુ દહિ,**
**પંડુરા તહ સુવન્ન દિસિ થણિયા,**
**કણગાભવિજ્જુ સિહિ દીવ,**
**અરૂણા વાઉપિયંગુ નિભા ૨૭**

અસુરો કાળાં છે નાગને ઉંદધિ શ્વેત છે, સુવર્ણ દિશિને સ્તનિત પીળા છે વિદ્યુત અગ્નિ ને દ્વીપ લાલ છે વાયુકુમાર લીલા રાયણના વૃક્ષ જેવા છે.

**અસુરાણ વત્થ રત્તા, નાગો-દહિ વિજ્જુ દીવ સિહિનીલ**
**દિસિ થણિય સુવન્નાણં, ધવલો વાઉણ સંઝ-રુઈ. ૨૮**

અસુરના વસ્ત્રો રાતા છે. નાગઉદધિ વિદ્યુતદ્વીપને અગ્નિ

કુમારના વસ્રો લીલા છે. દિસિ સ્તનિત અને સુવર્ણના વસ્રો ધોળા છે વાયુકુમારના વસ્રો સંધ્યાના રંગ જેવા છે મતલબ કે આવા વસ્રોનું પહેરવું તેમને પ્રિય છે.

**ચઉસટ્ઠિ સટ્ઠિ અસુરે, છચ્ચ સહસ્સાઇધિરણુમાઇણ**
**સામાણિયા ઇમેસિં, ચઉગુણા આયરક્ખા ય. ૨૯**

ચમરેન્દ્રને ચોસઠ હજાર ને બલીન્દ્રને સાઠ હજાર સામાનિક દેવો છે. ધરણેન્દ્ર વગેરેને છ હજાર સામાનીક દેવો છે. તેથી ચાર ગુણા આત્મરક્ષક દેવો છે.

**રયણાએ પઢમ જોયણ,**
**સહસ્સે હિટ્ઠુવરિસય સય વિહૂણે,**
**વંતરિયાણં રમ્મા, ભોમા નયરા અસંખિજ્જા ં ૩૦**

રત્નપ્રભાના ઉપરના હજાર યોજનમાંથી ઉપર નીચે સો સો યોજન મુકતાં બાકીના આઠસો યોજનમાં વ્યંતર દેવનાં રમણીય પૃથ્વીકાયનાં અસંખ્ય નગરો છે. ઉપરના સો યોજનમાંથી ઉપર નીચે દશ દશ યોજન મુકતાં બાકીનાં એંશી યોજનમાં વાણવ્યંતર દેવોના અસંખ્ય નગરો આવેલા છે.

**બાહિં વટ્ટા અંતો, ચઉરંસા અહો ય કણ્ણિઆયારા,**
**ભવણવઇણં તહ વંતરાણ ઇંદ ભવણાઓ નાયવ્વા.૩૧**

ભવનપતિ તથા વ્યંતરના ભવનો બાહરથી ગોળ અંદરથી ચોખુણાં અને નીચે કમળની કર્ણિકાના આકારે જાણવાં

**તહિં દેવા વંતરિયા, વર તરૂણી ગીય વાઇય રવેણં,**
**નિચ્ચં સુહિયા, પમુઇયા, ગયંપિકાલંન યાણંતિ ૩૨**

તે ભવનોમાં વ્યંતર દેવો પ્રધાન દેવાંગનાઓનાં ગીત અને

વાજીંત્રના નાદ વડે નિરંતર સુખી અને હર્ષિત થએલા ગએલા કાળને પણ જાણતાં નથી.

તે જંબુદ્દીવ ભારહ વિદેહ સમ ગુરૂ જહન્ન મજ્ઝિમગા
વંતર પુણ અટ્ઠવિહા, પિસાય ભૂયા તહા જક્ખા, ૩૩

રક્ખસ કિંનર કિંપુરિસા, મહોરગા અટ્ઠમાયગંધવ્વા
દાહિણુત્તર ભેયા, સોલસ તેસિં ઇમે ઇંદા. ૩૪

તે ભવનો મોટા જંબુદ્વીપ જેવડા નાનાં ભરત ક્ષેત્ર જેવડાં અને મધ્યમ મહાવિદેહ ક્ષેત્ર જેવડાં છે. વ્યંતરો વળી આઠ પ્રકારે છે. પીશાચ ભૂત યક્ષ રાક્ષસ કિન્નર, કિંપુરૂષ, મહોરગ અને ગંધવ તેના દક્ષિણ અને ઉત્તરના મળી સોળ ઇંદ્રો છે.

કાલેય મહાકાલે, સુરૂવ પડિરૂવ પુન્નભદે ય,
તહ ચેવ માણિભદ્દે ભીમે ય તહા મહાભીમે. ૩૫

કિંનર કિંપુરિસે સપ્પુરિસા, મહાપુરિસતહયઅઇકાયે,
મહાકાય ગીયરઇ, ગીયજસે દુન્નિ દુન્નિ કમા. ૩૬

કાળ, મહાકાળ, સુરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, માણિભદ્ર, ભીમ, મહાભીમ, કિન્નર, કિંપુરૂષ, સત્પુરૂષ, મહાપુરૂષ, અતિકાય, મહાકાય, ગીત રતિ ને ગીતયશ એ આઠ વ્યંતરોના દક્ષિણ ઉત્તર બબ્બે ગણતાં સોળ ઈન્દ્રો થાય છે.

ચિંધ કલંબ સુલસે, વડ ખટ્ટંગે અસોગ ચંપયએ,
નાગે તુંબરૂ અઝ્ઝએ, ખટ્ટંગ વિવજ્જિયા રૂક્ખા. ૩૭

તેમની ધ્વજાને વિષે વૃક્ષનાં ચિહ્નો છે ફક્ત રાક્ષસને ખાપ્પરનું ચિન્હ છે અનુક્રમે કદંબ સુલસ, વડ,

ખટ્વાંગ અશોક ચંપક નાગ તુંબરૂ એમ સાત વૃક્ષ એક ખટવાંગ મળી આઠ વ્યંતરના આઠ ચિન્હો જાણવા.

**જક્ખ પિસાય મહોરગ, ગંધવ્વા સામ કિન્નરા નીલા**
**રક્ખસ કિંપુરિસા વિય, ધવલા ભૂયા પુણો કાલા. ૩૮**

યક્ષ પિશાચ મહોરગ અને ગંધર્વના શરીરનો વર્ણ કંઈક કાળો છે કિન્નરો લીલાવર્ણે છે રાક્ષસ કિંપુરૂષ શ્વેત વર્ણે છે ભૂતવળી અત્યંત કાળા છે.

**અણપન્ની પણપન્ની, ઇસિવાઇ ભૂયવાઈ એ ચેવ,**
**કંદીય મહાકંદી, કોહંડે ચેવ પયંગે ય ૩૯**

**ઇય પઢમ જોયણ સએ, રયણાએ અટ્ઠવંતરા અવરે,**
**તેસુ ઈહિ સોલસિંદા, રુયગ અહો દાહિણુત્તરઓ. ૪૦**

અણપન્ની, પણપન્ની, ઋષીવાદી ભૂતવાદી, કંદિત મહાકંદિત, કોહંડને પતંગ એ આઠ વાણ વ્યંતર દેવો રત્નપ્રભાના ઉપરના સોયોજનમાંથી દશ દશ યોજન મૂકીને એશી યોજનમાં રહ્યા છે. રુચકથી નીચે દક્ષિણ ઉત્તરે રહ્યા છે.

**સંનિહિએ સામાણે, ધાઈ વિહાએ ઇસીય ઈસીવાલે,**
**ઈસિર મહેસરે વિય, હવઇ સુવચ્છે વિસાલે ય. ૪૧**
**હાસે હાસરઈ વિય, સેએ ય ભવે તહા મહાસેએ.**
**પયંગે પયંગવઇવિય, સોલસ ઈંદાણ નામાઇં ૪૨**

સન્નિહિત, સામાનિક ધાતા, વિધાતા, રૂષી રૂષીપાલ ઈશ્વર, મહેશ્વર સુવત્સ, વિશાલ, હાસ્ય, હાસ્યરતિ, શ્વેત, મહાશ્વેત, પતંગને પતંગવતિ એ વાણવ્યંતરના સોળ ઈન્દ્રોનાં નામજાણવાં.

**સામાણિયાણ ચઉરો સહસ્સ સોલસ ય આયરક્ખાણં**
**પત્તેયં સવ્વેસિં, વંતરવઈ સસિ રવીણં ચ. ૪૩**

સર્વ વ્યંતર, વાણવ્યંતર તથા સૂર્ય ચંન્દ્રના ઈન્દ્રોને ચાર ચાર હજાર સામાનિક દેવો છે. અને સોળ હજાર આત્મ રક્ષક દેવો છે.

**ઇદ સમ તાયતીસા, પરિસતિયા રક્ખ લોગપાલાય,**
**અણિય પઈન્ના અભિઓગા,**
**કિબ્બિસં દસ ભવણ વેમાણી. ૪૪**

ઈંદ્ર સામાનિક (ઈંદ્ર સરખા ઋદ્ધિવાળા) ત્રાયત્રિશક (ગુરૂઠાણીયા સલાહકારક) બાહ્ય મધ્યમને અભ્યંતર ત્રણ પર્ષદાના દેવો, અંગ રક્ષક, લોકપાળ, કોટવાળ, સેનાધિપતિ, સૈન્યના દેવો, પ્રજાના દેવો, નોકર દેવો, અને કીલ્વીશક ચંડાળ દેવો એ દશ પ્રકારના દેવોની જાતો ભવનપતિ અને વૈમાનીક દેવોમાં હોય છે.

**ગંધવ્વ નટ્ટહય ગય, રહ ભડ અણિયાણિસવ્વઇંદાણં**
**વેમાણિયાણ વસહા, મહિસા ય અહોનિવાસીણં. ૪૫**

ગંધર્વ (મૃદંગ વગાડનાર) નાટક કરનાર, ઘોડા, હાથી, રથ, સુભટનું સૈન્ય સર્વ ઇન્દ્રોને હોય છે. વૈમાનિક જ્યોતિષીને વૃષભનું અને ભવનપતિ વ્યંતરને પાડાનું સૈન્ય હોય છે. આ સાતમાંથી બે સૈન્ય ઉપભોગ માટે અને છેલ્લાં પાંચ સંગ્રામ માટે હોય છે. નોકર દેવો હાથી ઘોડાના રૂપો વિકુર્વિ પોતાના સ્વામીને ઉપર બેસાડે છે.

**તિત્તીસ તાયતીસા, પરિસતિયા લોગપાલ ચત્તારિ,**
**અણિઆણિ સત સત્તય.**
**અણિયાહિવ સવ્વઇંદાણં ૪૬**

તેત્રીસ ત્રાયશ્રિંશક દેવો, ત્રણ પર્ષદાના દેવો, ચાર લોક-પાલ દેવો, અને સાત પ્રકારનું સૈન્ય છે. સાત સૈન્યના અધિ-પતિ સર્વ ઈન્દ્રો હોય છે.

**નવરંવંતર જોઇસ, ઇંદાણ ન હુન્તિ લોગ પાલાઓ.**
**તાયત્તીસ ભિહાણા, તિયસાવિય તેસિંન હુ હુન્તિ.૪૭**

વ્યંતર જ્યોતિષીના ઈન્દ્રોને લોકપાલને ગાર્યત્રિંશક દેવો હોતા નથી તે ઈન્દ્રો યણ સૌધર્મ અને ઈશાનેન્દ્રના તાબાના છે

**સમભૂતલાઓ અટઠહિં,દસૂણ,જોયણસએહિં આરબ્ભ.**
**ઉવરિ દસુત્તર જોયણ, સયંમિ ચિષ્ઠન્તિ જોઇસિયા ૪૮**

સમભૂતલાથી આરંભીને ૭૯૦ યો૦ થી ૯૦૦ યો૦ એટલે એકસો દશ યોજનમાં જ્યોતિષિ દેવો રહેલા છે તીર્છાલોક ઉપર નવસો યોજન અને નીચે પણ નવસો યોજન ગણાય છે તેથી વ્યંતરને જ્યોતિષીદેવો તીર્છા લોકમાં ગણાય છે. ભવનપતિ ને નારકો અધોલોકમાં અને વૈમાનિક દેવો ઉર્ધ્વલોકમાં ગણાય છે. તીર્છોલોક એક રાજ પ્રમાણ લાંબો છે તેમાં અસંખ્ય દ્વીપ સમુદ્રો આવી જાય છે. સમ-ભૂતલાએ આઠ રૂચક પ્રદેશો તેમાં ચાર ઉપર અને ચાર નીચે આવેલા છે તે મેરૂ પર્વતની નીચે ગણાય છે.

**તત્થ રવી દસ જોયણ.**
**અસીઇ તદ્દવરિ સસીય રિકખેસુ,**
**અહભરણિસાઇઉવરિં, બહિં મૂલો ભિંતરેઅભિઇ૪૯**

તે સાતસો નેવું યોજન ઉપર દશ યોજને સૂર્ય તેની ઉપર એંશી યોજને ચંદ્રનું વિમાન છે, તેની ઉપર ચાર યોજને

નક્ષત્રોના વિમાનો છે તેમાં પણ ભરણી નીચે અને સ્વાતી ઉપર ચાલે છે બહારના મંડળે મૂળ નક્ષત્ર અને અંદરના મંડળે અભિજિત નક્ષત્ર ચાલે છે.

**તાર રવી ચંદ રિકખા બુહ સુક્કા જીવ મંગલ સણિયા**
**સગ સય નઉય દસ આસેઈ.**
**ચઉ ચઉ કમસો તિયા ચઉસુ. ૫૦**

સાતસો નેવું યોજને તારા તેની ઉપર દશ યોજને સૂર્ય તેની ઉપર એંશી યોજને ચંદ્ર તેની ઉપર ચારયોજને નક્ષત્રો તેની ઉપર ચાર યોજને બુધ તેની ઉપર ત્રણ યોજને શુક્ર તેની ઉપર ત્રણ યોજને બૃહસ્પતિ, તેની ઉંમર ત્રણ યોજને મંગળ તેની ઉપર ત્રણ યોજને શની એમ ઉપરા ઉપરી ગ્રહો રહેલા છે.

**ઇક્કારસ જોયણ સય, ઇગવી સિક્કાર સાહિયા કમસો,**
**મેરૂ અલોગા બાહં, જોઇસિ ચકકં ચરઈ ઠાઈ. ૫૧**

મેરૂ પર્વતની અબાધાએ ૧૧૨૧ યોજન અને અ લોકની અબાધાએ ૧૧૧૧ યોજન જ્યોતિષી ચક્ર ચાલે છે અને સ્થીર રહે છે.

**અદ્ધ કવિટઠાગારા, ફલિહમયા રમ્મ જોઇસિ વિમાણા,**
**વંતર નયરેહિંતો, સંખિજ્જ ગુણા ઇમે હુન્તિ. ૫૨**

અર્ધ કોઠા ફળના આકારવાળાં સ્ફટિક રત્નના મનોહર આ જ્યોતિષી વિમાનો વ્યંતરોના અસંખ્યાત નગરોથી પણ સંખ્યાત ગણાં છે.

**તાઇં વિમાણાઇં પુણ, સવ્વાઇં હુન્તિ ફાલિહ મયાઇં**
**દગ ફાલિહં મયા પુણ, લવણે જે જોઇસિ વિમાણા.૫૩**

તે સર્વ વિમાનો વળી સ્ફટિક રત્નના છે પરંતુ લવણ સમુદ્રમાં જે જ્યોતિષી દેવોનાં વિમાનો છે. તે ઉદક સ્ફટિક રત્નના છે અત્યંત નીચો ભૂમિનો ભાગ તે ગોતીર્થ છે. જંબુદ્વીપ અને ધાતકી ખંડની વેદીકાથી પચાણું હજાર યોજન સુધી ગોતીર્થ છે તે પછી લવણ સમુદ્રની શીખા દશ હજાર યોજન પહોળી અને સોળ હજાર યોજન ઉચી નદ્યાદિ પ્રવેશ માર્ગે છે. જ્યોતિષિનાં વિમાનો નવસો યોજન સુધી શિખામાંહે ચાલે છે. પરંતુ ઉદક સ્ફટિક રત્નના પ્રભાવથી પાણી ફાટીને મોકળુ થઈ જાય છે તેથી વિમાનોને પાણીમાં ફરવામાં બાધા થતી નથી તથા વિમાનોમાં પાણી ભરાતું નથી તેમજ વિમાનોના તેજના પ્રકાશને પાણીથી અંતરાય થતો નથી

**જોયણિ ગસટ્ઠી ભાગા,**
**છપ્પન્ન અડયાલ ગાઉ દુ ઈગ દ્ધં,**
**ચંદાઈ વિમાણા યામ, વિત્થડા અદ્ધ મુચ્ચત્તં. ૫૪**

ચંદ્રાદિકનાવિમાનની લંબાઈ અને પહોળાઈ અનુક્રમેચંદ્રની $\frac{56}{61}$ યોજન છે સૂર્યની $\frac{48}{61}$ યોજન છે, ગ્રહની $\frac{1}{2}$ યો૦ નક્ષત્રની $\frac{1}{4}$ યો૦ અને તારાની $\frac{1}{8}$ યો૦ છે. ઉંચાઈ લંબાઈથી અડધી છે જઘન્ય સ્થિતિવાળા તારાની લંબાઈ પાંચસો ધનુષની અને ઉંચાઈ અઢીસો ધનુષની છે.

**પણયાલ લક્ખ જોયણ, નર ખિત્તં તત્થિમે સયાભમિરા**
**નરખિત્તાઉબહિ પુણ, અદ્ધ પમાણાઠિઆનિચ્ચં ૫૫**

પીસ્તાલીશ લાખ યોજનનું મનુષ્ય ક્ષેત્ર છે. તેમાં આ જ્યોતિષીના વિમાનો હંમેશાં ભમવાના સ્વભાવવાળા છે. મનુષ્ય

ક્ષેત્રની બહાર વળી સ્થીર જ્યોતિષિના વિમાનો ચરથી અર્ધ પ્રમાણવાળાં છે. જઘન્યાયુ તારાની લંબાઈ પહોળાઈ અઢીસો ધનુષ ને ઉંચાઈ સવાસો ધનુષ છે. તપસ્યાના બળથી જંઘા ચારણો રૂચકદ્વીપ સુધી અને વિદ્યા ચારણો નંદીશ્વર દ્વીપ સુધી યાત્રાર્થે વિદ્યાના બળથી જાય આવે છે.

**સસિરવિગહ નકખત્તા, તારાઓ હુન્તિ જહુત્તરસિગ્ઘા વિવરીયાઉ મહડ્ઢિઅ, વિમાણ વહગા કમેણે સિં પ૬ સોલસ સોલસ અડચઉ.**

**દો સુર સહસ્સા પુરઓ દાહિણઓ,**

**પચ્છિમ ઉત્તર સીહા,**

**હત્થી વસહા હયા કમસો ૫૭**

ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર અને તારાઓ અનુક્રમે એક એકથી ઉતાવળી ગતિવાળા છે. અને ઋદ્ધિમાં વળી વિપરીત છે. એટલે ચંદ્ર કરતાં સૂર્યની ઋદ્ધિ ઓછી છે. તેઓના વિમાનને વહન કરનાર દેવો અનુક્રમે ૧૬૦૦૦/૧૬૦૦૦, ૮૦૦૦, ૪૦૦૦, અને ૨૦૦૦, દેવો છે. તે પૂર્વ દિશાએ સિંહરૂપે, પશ્ચિમે બળદરૂપે ઉત્તરે ઘોડારૂપે અને દક્ષિણે હાથીરૂપે વહન કરે છે. ગ્રહોમાં બુધથી શુક્ર તેથી મંગળ તેથી બુહસ્પતિ તેથી શની અનુક્રમે ઉતાવળી ગતિવાળો છે. આભિયોગીક દેવોને વિમાનવહન કરવામાં ભાર લાગતોં નથી જેમ સ્ત્રીને ઘરેણાં પહેરતાં ભાર લાગે નહિ તેમ તે દેવોને ભાર લાગતો નથી તારા પાંચ વર્ણના છે.

બીજા ચારે જ્યોતિષી સુવર્ણ જેવા વર્ણવાળા છે. સારા વસ્ત્ર આભુષણ મુકુટ વડે શોભીત મસ્તકવાળા છે. તે તે આકારે

ચિન્હો તેમના મુકુટે હોય છે માનુષોત્તર પર્વત ૧૭૨૧ યો૦ ઉંચો છે તેની બહાર મનુષ્યોનાં જન્મ મરણ થતાં નથી.

**ગહ અટ્ઠાસી નકખત્ત, અડવીસં તાર કોડિ કોડીણં,**
**છાસટ્ઠી સહસ્સ નવસય,**
**પણહત્તરિ એગ સસિ સિન્નં ૫૮**

અઠ્ઠાશી ગ્રહ અઠ્ઠાવીશ નક્ષત્ર અને ૬૬૯૭૫ કોડા કોડી તારા એ સર્વ ચંદ્રમાનું સૈન્ય છે. તે સૂર્યને પણ ઉવભોગમાં આવે છે માટે બન્નેનું જાણવું.

**કોડી કોડી સન્નં તરં, તુ મન્નન્તિ ખિત્ત થોવતયા,**
**કેઈ અન્ને ઉસ્સે, હંગુલ માણેણ તારાણં ૫૯**

ક્ષેત્રના થોડા પણાથી કોડાકોડીને અન્ય સંજ્ઞા તરીકે કેટલાક આચાર્યો માને છે ત્યારે બીજા આચાર્યો તારાના વિમાનોનું માન ઉત્સેધ અંગુલે માને છે.

**કિણહં રાહુ વિમાણં, નિચ્ચં ચંદેણ કોઇ અવિરહિયં**
**ચઉરંગુલ-મપ્પત્તં, હિટ્ઠા ચંદસ્સ તં ચરઇ. ૬૦**

રાહુનું વિમાન કાળુ છે. નિરંતર ચંદ્રના વિમાનથી આંતરા રહિત છે તે રાહુનું વિમાન ચંદ્રની નીચે ચાર આગળ દુર ચાલે છે નિત્યરાહુ ને પર્વરાહુ પુર્ણિમાં કે અમાવાસ્યાએ અકસ્માત આવીને જઘન્યથી છ માસે અને ઉત્કૃષ્ટથી ચંદ્રને બેતાલીશ મહીને અને સૂર્યને અડતાલીશ વર્ષે ગ્રહણ કરે છે. રાહુની માફક કેતુ ગ્રહ પણ ગ્રહણ કરે છે આવરે છે નિત્યરાહુનું વિમાન કાળું છે. જોકે રાહુનું વિમાન એક યોજનનું છે નાનું છતાં કાળું હોવાથી ચંદ્ર કે સૂર્યને ઢાંકી શકે છે

જેમ મશીના એક ટીંપાથી બધો સ્ફટિક કાળો દેખાય છે તેમ તે બધુ કાળુ દેખાય છે.

**તારસ્સ ય તારસ્સ ય, જંબુદીવંમિ અંતરં ગુરુયં.**
**બારસ જોયણુ સહસ્સા, દુન્નિસયા ચેવ બાયાલા.૬૧**

જંબુદ્રીપમાં એક તારાથી બીજા તારાનું ઉત્કૃટ અંતર ૧૨૨૪૨ યો૦ છે મેરૂની બન્ને બાજુ ૧૧૨૧ યો૦ અને મેરૂની પહોળાઈ દશ હજાર ગણુતાં પર્વતના વ્યાઘાતે ૧૨૨૪૨ યો૦ થાય.

**નિસઢો ય નીલવંતો,**
**ચત્તારિ સય ઉચ્ચ પંચ સય કૂડા,**
**અદ્ધં ઉવરિં રિકખા, ચરંતિ ઉભય-ટઠ બાહાએ, ૬૨**

**છાવઠા દુન્નિ સયા. જહન્ન-મેયં તું હોય વાઘાએ,**
**નિવ્વાઘાએ ગુરૂ લહુ, દો ગાઉ ય ધણું સયાપંચ. ૬૩**

નિસઢ નીલવંત ચારસો યોજન ઉંચા છે. તેની ઉપર પાંચસો યોજન ઉંચા ને મુળમાં વિસ્તારે કૂટ છે. તેનું અર્ધ ઉપર વિસ્તારે છે. તે શિખરની બન્ને બાજુએ આઠ આઠ-યોજના દુર નક્ષત્રને તારા ચાલે છે એટલે ૨૬૬ યો૦ જઘન્ય અંતર વ્યાઘાતે થાય છે નિવ્યાઘાતે ઉત્કૃષ્ટ અંતર બેગાઉ ને જઘન્ય અંતર પાંચસો ધનુષ્ય હોય છે.

**માણુસ-નગાઓ બાહિં,**
**ચંદા સૂરસ્ય સૂર ચંદસ્સ,**
**જોયણુ સહસ્સ પન્નાસ ણુણુગા અંતરં દિઠં. ૬૪**

માનુષોત્તર પર્વતની બહાર ચંદ્રથી સૂર્યને અને સૂર્યથી ચંદ્રને પચાસ હજાર યોજનનું અંતર હોય છે.

**સસિ સસિ રવિ રવિ સાહિય,**
**જોયણ લકખેણ અંતરં હોઈ,**
**રવિ અંતરિયા સસિણો,**
**સસિ અંતરિયા રવિ દિત્તા, ૬૫**

એક ચંદ્રમાથી બીજા ચંદ્રમાને અને એક સૂર્યથી બીજા સૂર્યને અંતર એક લાખ યોજનથી અધિક ૨૪/૬૧ યોજન અને ૭૮/૧૬ યોજન છે. બે સૂર્યના આંતરે ચંદ્ર અને બે ચંદ્રના આંતરે તેજવાળા સૂર્ય રહેલા છે.

**બહિયા ઉ માણુસુત્તરઓ,**
**ચંદા સૂરા અવટ્ઠિ-ઉજ્જોયા.**
**ચંદા અભિઇ-જુત્તા, સૂરા પુણ હુન્તિ પુસ્સેહિં ૬૬**

માનુષોત્તર પર્વતની બહાર ચંદ્ર અને સૂર્ય સ્થિર અને ઉદ્યોત કરનાર છે. ચંદ્ર અભિજિત નક્ષત્ર વડે યુક્ત છે. ને સૂર્ય પુષ્પ નક્ષત્ર વડે યુક્ત છે. અતિ શિતળતા કે તાપ કરતાં નથી. પણ પ્રકાશને કરે છે.

**ઉદ્ધાર સાગર દુગે, સડ્ઢે સમએહિં તુલ્લ દીવુદહિં,**
**દુગુણા દુગુણ પવિત્થર. વલયાગારા પઢમ વજ્જં ૬૭**

અઢી ઉદ્ધાર સાગરોપમના સમયની તુલ્ય દ્વીપ અને સમુદ્રો બમણા બમણા વિસ્તારવાળા છે. જંબુદ્વીપ થાળીના આકારે છે. બાકીના વલયાકારે છે.

**પઢમો જોયણ લકખં, વટ્ટો તં વેઢિઉં ઠિઆસેસા,**
**પઢમો જંબુદીવો, સયંભૂરમણોદહી ચરમો. ૬૮**

પહેલો જંબુદ્વીપ લાખ યોજનનો ગોળાકાર પુડા સરખો છે.

તેને વીંટીને બાકીના સમુદ્રો અને દ્વીપો રહેલા છે. પહેલો જંબુ-દ્વીપ અને છેલ્લો સ્વયંભુ રમણ સમુદ્ર છે. તે અર્ધરાજ પ્રમાણ છે. બાકીના અસંખ્યાતા દ્વીપ સમુદ્રો મળી અર્ધરાજ પ્રમાણ છે, એટલે તીર્છાક્ષેત્ર એકરાજ પ્રમાણ છે.

**જંબૂ ધાયઇ પુક્ખર,વારુણીવર ખીર ઘયખોય નંદીસર**
**અરુણ-રૂણુવાય કુંડલ, સંખ રુયગ ભુયગ કુસકુંચા ૬૯**

જંબુ, ધાતકી, પુષ્કરવર, વારૂણીવર, ક્ષીરવર, ધૃતવર, ઈક્ષુવર, નંદીશ્વર, અરૂણ, અરૂણવર અરૂણવરાવભાસ, કુંડલ કુંડલવર. કુંડલવરાવભાસ, શંખ શંખવર, શંખવરાવભાસ, રૂચક, રૂચકવર, રૂચકવરાવભાસ,ભુજગ ભુજગવર ભુજગવરાવભાસ કુસ, કુસવર, કુસવરાવભાસ, ક્રૌચ, ક્રૌચવર ક્રૌચવરાવભાસ પછી અસંખ્ય દ્વીપો તેજ નામના અને ત્રિપત્યાવતાર આવે છે. જંબુદ્વીપ નામના દ્વીપો પણ અસંખ્યાત છે.

**પઢમે લવણો જલહી,**
**બીએ કાલોય પુક્ખરાઇસુ,**
**દીવેસુ હુન્તિ જલહી, દીવ-સમાણેહિં નામેહિં ૭૦**

પહેલો લવણ સમુદ્ર બીજો કાલો દધિ ત્રીજો પુષ્કરવરાદિ દ્વીપના સમાન નામ વાળા અસંખ્યાત સમુદ્રો છે. જંબુદ્રવીપનો અધિપતિ અનાદત્ત દેવનું સ્થાન જંબુ વૃક્ષ પર ઉતરકુરૂ ક્ષેત્રમાં છે. લવણનો અધિપતિ સુસ્થિર દેવ છે. નામો શાશ્વત છે. લવણનું પાણી ખારૂં છે. ધાતકી ખંડમાં ધાવડીનાં વૃક્ષ ઘણાં છે. ધાતકી ને મહા ધાતકી વૃક્ષ પર સુદર્શન ને પ્રિય દર્શન દેવનું સ્થાન છે. કાળોદધિનું પાણી કાળું છે. કાળ ને મહાકાળ અધિપતિ હોવાથી કાળોદધિ નામ છે. પુષ્કર એટલે કમળ ઘણાં હોવાથી પુષ્કરવર નામ છે. તેના અધિપતિ પદ્મ અને પુંડરીક દેવ છે.

મંદિરા સરખું પાણી હોવાથી વારૂણીવર સમુદ્રના અધિપતિ વરૂણને વરુણપ્રભ દેવ છે.સાકરમિશ્રિત ખીર જેવું પાણી હોવાથી ક્ષીરવર સમુદ્ર ઘૃત જેવું પાણી હોવાથી ઘૃતવર સમુદ્રને શેરડીના રસ જેવું પાણી હોવાથી ઇક્ષુવર સમુદ્ર છે. તેમાં ત્રણ ભાગ શેરડીનો રસ તજ, એલચી, મરી, ને કેસર મીશ્રીત છે. નંદીશ્વરદ્વીપની ચારે દીશાએ અંજન રત્નમય ચાર અજનગિરિ છે. તે દરેકની ચારે દિશાએ ચાર ચાર વાવો તે સોળ વાવડીના મધ્યભાગે સ્ફટિક રત્નમય દધિમુખ પર્વત છે. વાવોના આંતરાને વિષે બબ્બે રતિકર પર્વત છે. તે દરેક પર એકેક ચૈત્ય છે.

દધિમુખ સોળ રતિકર બત્રીશ ને ચાર અંજનગિરિએ બાવન ચૈત્યોમાં દેવો જિનેશ્વરના કલ્યાણકો અને છ અઠ્ઠાઈઓમાં અષ્ટાન્હિકા મહોત્સવ કરે છે. એ સર્વ દ્વીપ સમુદ્રોના અધિપતિ વ્યંતર દેવો એક પલ્યોપમના આયુષ્યવાળા છે. અરૂણદ્વીપ વજ્રમય રત્નની પ્રભાથી લાલ છે. અરૂણ સમુદ્રના અધિપતિ સુભદ્ર અને સુમનો ભદ્ર છે. દરેક દ્વીપને સમુદ્ર યથાર્થ નામ વાળા છે. વાવડીઓમાં પણ સમુદ્ર માફક પાણી છે.

**આભરણ વત્થ ગંધે,**
**ઉપ્પલ તિલએ ય પઉમનિહિ રયણે,**
**વાસહર દહ નઇઓ, વિજયા વક્ખાર કપ્પિંદા. ૭૧**
**કુરૂ મંદર આવાસા, કુડા નક્ખત્ત ચંદ સૂરા ય,**
**અન્નેવિ એવમાઇ, પસત્થ-વત્થુણ જે નામા ૭૨**

આભરણ,વસ્ત્ર, ગંધ, ચંદ્ર, વિકાશીકમળ, તિલકાદિ વૃક્ષ. સૂર્ય વિકાસીકમળ, નવનિધિ, રત્ન, વર્ષધર પર્વત, દ્રહ,નદી વિજય, વૃક્ષસ્કાર પર્વત, બારદેવલોક ઈંદ્ર, સૂર્ય વગેરે શ્રેષ્ઠ

વસ્તુઓના બીજા પણ જે નામો છે તે તે નામ વાળા દ્વીપને સમુદ્રો છે.

**તન્નામા દીવુદહી, તિપડોયાયાર હુન્તિ અરૂણાઇ,-**
**જંબૂ–લવણાઇયા, પત્તેયં તે અસંખિજ્જા ૭૩**

**તાણં-તિમ સૂરવરા-વભાસ જલહી પરંતુ ઇક્કિક્કા,**
**દેવે નાગે જક્ખે, ભૂએ ય સંયભૂરમણે ય ૭૪**

અરૂણાદિથી ત્રણ પ્રત્યાવતાર થાય છે. જંબુદ્વીપને લવણ નામના પણ અસંખ્યાત દ્વીપ સમુદ્ર છે. છેલ્લો સૂર્યવરાવ ભાસ સમુદ્ર છે. તે પછી પાંચ દ્વીપને પાંચ સમુદ્ર એકેક નામવાળા છે. દેવ, નાગ યક્ષ, ભૂત અને સ્વયંભુરમણ સર્વે દ્વીપ સમુદ્રો વિજયાદિ ચાર દ્વારવાળા વજ્રમય જગતિ વડે વિંટાએલ છે. જગતી આઠ યોજન ઉંચી મૂળમાં બાર યોજન પહોળી અને ઉપર ચાર યોજન પહોળી છે. તેના ઉપર મધ્ય ભાગે બે ગાઉ ઉંચીને ૫૦૦, ધનુષ પહોળી પદ્મવરવેદીકા છે.
તેની બન્ને બાજુએ અઢીસે ધનુષ્ય ન્યૂન બે યોજન પ્રમાણ વન ખંડ છે.

**વારૂણીવર ખીરવરો,**
**ઘયવર લવણો ય હુન્તિ ભિન્નરસા,**
**કાલોય પુક્ખરો દહિ, સયંભુરમણો ય ઉદગરસા ૭૫**

**ઇક્ખુરસ સેસ જલહી,**
**લવણે કાલોએ ચરિમિ બહુમચ્છા,**
**પણ સગ દસ જોયણ સય, તણુ કમા થોવ સેસેસુ. ૭૬**

વારૂણીવર ક્ષીરવર ધૃતવર ને લવણ સમુદ્રનાં પાણી ભિન્ન રસવાળાં છે કાળોદધિ પુષ્કરવર અને સ્વયંભુરમણનાં

પાણી વરસાદના પાણી જેવાં છે બાકીના સમુદ્રોનાં પાણી શેરડીના રસ જેવાં સ્વાદવાળાં છે. લવણમાં પાંચસો યોજન પ્રમાણ કાલોદધિમાં સાતસો ને સ્વયંભુરમણમાં હજાર યોજન પ્રમાણનાં ઘણાં માછલા છે. બાકીના સમુદ્રોમાં થોડાં માછલાં છે.

**દો સસિ દો રવિ પઢમે, દુગુણાલવણમ્મિ ધાયઇ સંડે**
**બારસ સાસે બારસ રવિ.**
**તપ્પભિઈ નિદ્દિઠ સસિરવિણો ૭૭**

**તિગુણા પુવ્વિલ્લ જુયા, અણંતરા ણંતરંમિખિત્તમ્મિ,**
**કાલોએ બાયાલા, બિસત્તરી પુક્ખરદ્ધંમિ. ૭૮**

જંબુદ્વીપમાં બે ચંદ્રને બે સૂર્ય છે, લવણ સમુદ્રમાં ચાર ચંદ્રને ચાર સૂર્ય છે ધાતકી ખંડમાં બાર ચંદ્રને બાર સૂર્ય છે. કાલોદધિમાં ૪૨ ચંદ્રને ૪૨ સૂર્ય છે. પુષ્કરવર અર્ધમાં ૭૨ ચંદ્રને ૭૨ સૂર્ય છે. અઢીદ્વીપમાં સૂર્ય ચંદ્ર શમ શ્રેણીએ છે પણ આંતરાનું પ્રમાણ અનિયત છે. અઢી દ્વીપની બહાર સૂર્ય ચંદ્રનું અંતર પચાસ હજાર યોજન છે. કુલ ૧૩૨ સૂર્યને ૧૩૨ ચંદ્ર અઢીદ્વીપમાં છે. તેને અઠ્ઠાસીએ ગુણતાં ૧૧૬૧૬ ગ્રહો છે, અઠ્ઠાવીસે ગુણતાં ૩૬૯૬ નક્ષત્રો છે તારાની કોડાકોડી ૮૮૪૦૭૦૦ છે.

**દો સસિ દો રવિપંતી, એગંતરિયા છસટ્ઠિ સંખાયા**
**મેરૂં પયાહિણંતા, માણુસ-ખિત્તે પરિઅડન્તિ. ૭૯**

છાસઠની સંખ્યાવાળી બે ચંદ્રને બે સૂર્યની પંક્તિ એક એકને આંતરે મેરૂ પર્વતને પ્રદક્ષિણા દેતી મનુષ્યક્ષેત્રને વિષે ભ્રમણ કરે છે.

**એવં ગહાઇણો વિ, નવરં ધ્રુવ પાસવત્તિણો તારા,**
**તં ચિય પયાહિણંતા, તત્થેવ સયા પરિભમન્તિ ૮૦**

એવી રીતે ગ્રહાદિકની પણ નિશ્ચે પંક્તિઓ છે પરંતું એટલું વિશેષ છે કે ધ્રુવ તારાની પાસે વર્તતા સપ્તર્ષિ આદિ તારાઓ તે ધ્રુવ તારાનેજ પ્રદક્ષિણા દેતાં ત્યાંજ હંમેશાં ભમે છે.

**પન્નરસ ચુલસી ઈ સયં,**
**ઇહ સસિ-રવિ મંડલાઇં તક્ખિત્તં,**
**જોયસ પણ-સય દસહિય, ભાગા અડયાલ ઈગસટ્ઠા ૮૧**

આ જંબુદ્વીમાં ચંદ્ર અને સૂર્યનાં માંડલાં અનુક્રમે પંદર અને એકસો ચોરાસી છે. તેનું ક્ષેત્ર ૫૧૦$\frac{૪૮}{૬૧}$ યો. છે. એક સૂર્ય દક્ષિણ દિશાથી ચાલી ઉત્તર દિશાએ આવે ત્યારે અહોરાત્રીમાં અર્ધમંડળ ક્ષેત્ર ઉલ્લંઘે તેવીજ રીતે બીજો સૂર્ય ઉત્તર દિશાથી ચાલી દક્ષિણ દિશામાં આવે ત્યારે અહોરાત્રીમાં અર્ધ મંડળ ક્ષેત્ર ઉલ્લંઘે બન્ને મળીને એક મંડળ થાય.

**તીસિ ગસટ્ઠા ચઉરો, ઇગ ઇગસટ્ઠસ્સ સત્ત ભઇયસ્સ**
**પણતીસં ચંદુ જોયણ, સસિરવિણો મંડલં-તરયં ૮૨**

ચંદ્રના પંદર માંડલા છે. તેના આંતરા ૧૪, થાય દરેક આંતરાનું પ્રમાણ ૩૫$\frac{૩૦}{૬૧}$ + $\frac{૪}{૭}$ તેને ચૌદે ગુણતાં ૪૯૭$\frac{૧}{૬૧}$ અને ચંદ્રનું પ્રમાણ $\frac{૫૬}{૬૧}$ યો. છે. તેને પંદરે ગુણતાં ૧૩$\frac{૪૭}{૬૧}$ ચાર ક્ષેત્ર થાય. બન્ને મળી ૫૧૦$\frac{૪૮}{૬૧}$ થાય.

સૂર્યના માંડલા ૧૮૪ છે. તેના આંતરા ૧૮૩ થાય. દરેક આંતરાનું પ્રમાણ બે યોજન છે તેથી બે વડે ગુણતાં ૩૬૬ થાય અને સૂર્યનું પ્રમાણ $\frac{૪૮}{૬૧}$ યો. છે. તેને ૧૮૪, એ ગુણતાં ૧૪૪ $\frac{૪૮}{૬૧}$ થાય. બન્ને મળીને ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ થાય.

**મંડલ દસગં લવણે,**
**પણગં નિસઢંમિ હોઈ ચંદસ્સ.**
**મંડલ-અંતર-માણં, જાણ પમાણં પુરા કહિયં. ૮૩**
**પણસટ્ઠી નિસઢંમિ ય,**
**દુન્નિ ય બાહા દુજોયણં—તરિયા,**
**ઈગુણવીસં તુ સયં, સૂરસ્સય મંડલા લવણે ૮૪**

ચંદ્રના દશ માંડલાં લવણ સમુદ્રમાં અને પાંચ માડલા નિષધ પર્વત ઉપર છે. સૂર્યનાં એકસો ઓગણીશ માંડલાં લવણ સમુદ્રમાં અને પાંસઠ માંડલા નિષધ પર છે તેમાંના બે હરિવર્ષ ક્ષેત્રની બાહા પર છે,

**સસિ—રવિણો લવણંમિય.**
**જોયણ સય તિન્નિ તીસ અહિયાઈ.**
**અસીયં તુ જોયણ સયં, જંબુદ્દીવંમિ પવિસન્તિ. ૮૫**

ચંદ્ર અને ભૂર્યનું ફરવાનું ક્ષેત્ર લવણ સમુદ્રમ ૩૩૦$\frac{૪૮}{૬૧}$ પાછા ફરતા જંબુદ્વીપમાં ૧૮૦ યો૦ દૂર નિષઢ પર્વત પર છે. નક્ષત્ર અને તારાઓ પોત પોતાના મંડળમાં જ ફરે છે.

ગ્રહો અનિયમિત ચાલે છે. એટલે કોઈ વખત સવળા કે અવળા ગોળ ફરે છે,

**ગહ રિક્ખ તાર સંખં,**
**જત્થે-ચ્છસિ નાઉ મુદહિ-દીવે વા,**
**તસ્સસિહિ એગ—સસિણો,**
**ગુણ સંખં હોઇ સવ્વગ્ગં. ૮૬**

જે દ્વીપ કે સમુદ્રમાં ગ્રહ નક્ષત્ર અને તારાની સંખ્યાને જાણવા માટે તું ઇચ્છે તો તે દ્વીપ તથા સમુદ્રે ચંદ્રોની સાથે એક ચંદ્રની સંખ્યાએ પરિવારે ગુણતાં સર્વ ગ્રહ નક્ષત્ર અને તારાની સંખ્યા આવે.

**બત્તીસ—ટ્ઠાવીસા,**
**બારસ અડ ચઉ વિમાણ લકખાઈ,**
**પન્નાસ ચત્ત છ સહસ્સ, કમેણ સોહમ્માઇસું ૮૭**
**દુસુ સયચઉ દુસુ સયતિગ,**
**મિગાર સહિયં સયંતિગે હિટ્ઠા,**
**મજઝે સ-ત્તુત્તર સય,સુવરિ તિગે સય-સુવરિ પંચ.૮૮**

વૈમાનીક દેવોમાં અનુક્રમે ૩૨—૨૮—૧૨—૮—૪—૮૪લાખ વિમાનો પાંચમા દેવલોક સુધીમાં થાય પછી અનુક્રમે ૫૦—૪૦—૬—૯૬ હજાર વિમાનો ૬—૭—૮ દેવલોક સુધીમાં થાય પછી અનુક્રમે ૪૦૦—૩૦૦—૧૧૧—૧૦૭—૧૦૦—૫=૧૦૨૩ વિમાનો અનુત્તર સુધીમાં થાય કુલ૮૪૯૭૦૨૩ વિમાનો ઉર્ધ્વ-લોકમાં છે.

**ચુલસીઇ લકખ સત્તાણુવઇ,સહસ્સા વિમાણ તેવીસં**
**સવ્વગ્ગ મુડઢ લોગ મિ,ઇંદયા બિસટ્ઠિ પયરેસું૮૯**

૮૪૯૭૦૨૩ વીમાનોની સર્વ સંખ્યા ઉર્ધ્વલોકમાંછે. બાસઠ પ્રતરને વિષે બાસઠ ઇંદ્રક વિમાન છે. તે પંક્તિ અને પ્રતરના મધ્ય ભામમાં હોય છે.

**ચઉ દિસિ ચઉ પંતીઓ,**
**બાસટઠિ વિમાણિયા પઢમ પયરે,**
**ઉવરિ ઇક્કિક્ક હીણા, આણુત્તરે જાવ ઇક્કિક્કં. ૯૦**

પહેલા પ્રતરને વિષે ચારે દિશાએ ચાર પંક્તિઓ બાસઠ વિમાનની છે ઉપરના પ્રતરને વિષે એકેક ઓછું વિમાન છે યાવત અનુત્તરને વિષે એંકક વિમાન ચારે દિશામાં છે. તે દેવદ્વીપ ઉપર છે. પહેલા પ્રતરની મધ્યે ઉડુ વિમાન છે. તે પીસ્તાલીશ લાખ યોજન પ્રમાણ અઢીદ્વીપ જેટલું છે.

**ઇંદય વટ્ટા પંતીસુ, તો કમસો તંસ ચઉરંસા વટ્ટા**
**વિવિહા પુપ્ફવકિન્ના, તયંતરે મુત્તું પુવ્વ.દિસિ,૯૧**

પંક્તિઓને વિષે ઇંદ્રક વિમાન ગોળ છે. તે પછી અનુક્રમે ત્રિખુણાં ચોખુણાં અને વાટલાં વિમાન છે. તે પંક્તિઓના આંતરામાં પૂર્વ દિશાને મૂકીને બાકીની ત્રણ દિશામાં જુદા જુદા આકારવાળા પુષ્પાવકીર્ણ વિમાનો હોય છે. તે છુંટાછટા વિખરાએલાં નંદાવર્ત સ્વસ્તિક વગેરેનાં આકારવાળાં છે.

**એગં દેવે-દીવે, દુવે ય નાગોદહીસુ બોધવ્વે,**
**ચત્તારિ જક્ખ-દીવે, ભુય-સમુદેસુ અટઠેવ. ૯૨**

**સોલસ સયંભુરમણે, દીવેસુ પઇટઠિયા ય સુરભવણા**
**ઇગતીસં ચ વિમાણા, સયંભુરમણે સમુદે ય. ૯૩**

એક વિમાન દેવદ્વીપ ઉપર, બે નાગ સમુદ્ર ઉપર ચાર યક્ષ દ્વીપ ઉપર,આઠ ભૂત સમુદ્ર ઉપર,સોળ સ્વયંભુરમણદ્વીપ ઉપર, અને એકત્રીશ વિમાન સ્વયંભુરમણ સમુદ્ર ઉપર રહેલા છે તે વિમાનો પ્રથમ પ્રતરના ઉડુનામના ઇંદ્રક વિમાનની ચારે દિશાએ છે તે પછી ઉપરના દરેક પ્રતરના છેડેથી ચારે દિશાએ એકેક પંક્તિગત વિમાન ઘટાડીએ તો બાસઠમાં પ્રતરે ઇંદ્રક વિમાનની ચારે દિશાએ દેવદ્વીપ ઉપર એકેક ત્રિખુણ વિમાન આવે વાટલાં વિમાન વલયા કારે, ત્રિખુણાં વિમાનો સિંઘોડાના અકારેને ચોખુણાં વિમાન નાટકના અખાડાના આકારે હોય છે.

**વટ્ટં વટ્ટસ્સુવરિં, તંસ તંસસ્સ ઉવરિમં હોઇ,**
**ચઉરંસે ચઉરંસં, ઉરંસં.ઉડઢંતુ વિમાણ સેઢિઓ૯૪**

વાટલા વિમાનની ઉપર વાટલું, ત્રિખુણા ઉપર ત્રિખુણું અને ચોખુણું ઉપર ચોખુણું વિમાન હોય છે. એમ ઉંપર વળી વિમાનની પંક્તિઓ છે.

**સવ્વે વટ્ટ–વિમાણા, એગ–દુવારા હવન્તિ નાયવ્વા,**
**તિન્નિય તંસ વિમાણે, ચત્તારિ ય હુન્તિ ચઉરંસે ૯૫**

સર્વ વાટલા વિમાનો એક બારણાંવાળા હોય છે ત્રિખુણાને ત્રણ બારણાં અને ચોખુણાને ચાર બારણાં હોય છે. એમ જાણવું

**પાગાર–પરિક્ખિત્તા, વટ્ટવિમાણા હવન્તિ સવ્વેવિ,**
**ચઉરંસ વિમાણાણં, ચઉદિસિં વેઇયા હોઇ. ૯૬**

સર્વે વાટલાં વિમાનો ગઢ કાંગરાવાળા કોટ વડે વિંટાએલા હોય છે. પણ ચોખુણા વિમાનોની ચારે દિશાએ વેદિકા સાદો કોટ હોય છે.

**જત્તો વટ્ટ વિમાણા તત્તો તંસસ્સ વેઇયા હોઇ,**
**પાગારો બોધવ્વો, અવસેસેસું તુ પાસેસુ. ૯૭**

જે દિશાએ વાટલું વિમાન હોય છે. તે દિશાએ ત્રિખુણા વિમાને વેદિકા હોય બાકીની બન્ને બાજુએ ગઢ હોય છે, કાંગરા વિમાનો કોટ તે વેદિકા.

**આવલિય—વિમાણાણં,**
**અંતરં નિયમસો અસંખિજજં,**
**સંખિજજ–મસંખિજજં,**
**ભણિયં પુપ્ફાવકિન્નાણં. ૯૮**

પંક્તિગત વિમાનોનું આંતરૂ નિશ્ચયથી અસંખ્યાત યોજન હોય છે. અને પુષ્પાવકીર્ણ વિમાનોનું આંતરૂ સંખ્યાત કે અસંખ્યાત યોજન હોય છે પૂર્વદિશિ મુંકીને બાકીની ત્રણ દિશામાં ને વિદિશામાં પુષ્પાવકીર્ણ વિમાનો છે, કુલ ૫૯૯ ૭૦૭૫ પુષ્પાવકીર્ણ વિમાનો છે બાકીનાં ૨૯૨૫ આવલીગત છે

**અચ્ચંત સુરહિ ગંધા,**
**ફાસે નવણીય મઉય સુહફાસા,**
**નિચ્ચુજ્જોયા રમ્મા, સયં પહા તે વિરાયંતિ. ૯૯**

અત્યંત સુગંધવાળાં સ્પર્શમાં માખણની જેમ કોમળ અને સુખકારી સ્પર્શવાળાં નિરંતર ઉદ્યોતવાળાં રમણિક તે વિમાનો પોતાની પ્રભાથી શોભે છે

**જે દક્ખિણેણ ઇંદા, દાહિણઓ આવલી મુણેયવ્વા,**
**જે પુણ ઉત્તર ઇંદા, ઉત્તરઓ આવલી મુણે તેસિં ૧૦૦**

જે દક્ષિણ દિશાએ સૌધર્મને સનત્કુમાર છે. તેઓના દક્ષિણ દિશાનાં આવલીગત વિમાનો છે. જે વળી ઉત્તર દિશાના ઈન્દ્રો ઇશાન અને માહેન્દ્ર છે. તેઓના ઉત્તર દિશાનાં આવલી ગત વિમાનો જાણવા

**પુવ્વેણ પચ્છિમેણય, સામન્ના આવલી મુણેયવ્વા,**
**જેપુણ વટ્ટ વિમાણા, મજ્ઝિલ્લા દાહિણલ્લાણં,૧૦૧**

પૂર્વ અને પશ્ચિમ દિશાનાં આવલિકાગત વિમાનો છે. તે સાન્યથી બન્નેનાં જાણવા જે વળી મધ્યનાં વાંટલાં વિમાનો છે તે દક્ષિણ દિશાના ઈન્દ્રોના છે.

**પુવ્વેણ પચ્છિમેણ ય. જે વટ્ટા તે વિ દાહિણલ્લસ્સ,**
**તંસ ચઉરંસગા પુણ, સામન્ના હુન્તિ દુણ્હંપિ ૧૦૨**

પૂર્વ અને પશ્ચિમ દિશામાં જે વાંટલા વિમાનો છે તે પણ દક્ષિણ દિશાના ઈંદ્રોનાં જાણવા ત્રિખુણાને ચોખુણાં વળી સામાન્યથી અર્ધ અર્ધ બન્ને દિશાના ઇન્દ્રોના પણ હોય છે.

**પઢમંતિમ પયરાવલિ,**
**વિમાણ મુહ ભૂમિતસ્સમાસદ્ધં,**
**પયર ગુણ મિટઠ કપ્પે, સવ્વગ્ગં પુપ્ફકિન્નિયરે.૧૦૩**

પહેલાં અને છેલ્લા પ્રતરનાં પંક્તિગત વિમાનોને અનુક્રમે મુખ અને ભૂમિ કહીએ તેનો સરવાળો કરીને અર્ધ કરીએ પછી વાંછિત દેવલોકના પ્રતરે ગુણતાં સર્વ પંક્તિગત વિમાનોની સંખ્યા આવે અને બાકીનાં પુષ્પાવકીર્ણ વિમાનો જાણવા જેમકે સૌધર્મ ઇશાનના પહેલા પ્રતરની એકેક દિશાએ બાસઠ વિમાનની પંક્તિ છે. તો ચાર દિશામાં ૨૪૮ થાય મધ્યનું

ઈંદ્રક ઉમેરતાં ૨૪૯ થાય તે મુખ કહેવાવ તથા તેરમાં પ્રત- રની એકેક દિશાએ પચાસ વિમાન પંક્તિ હોવાથી બસો વિમાન થાય ઈંદ્રક્ર ઉમેરતાં બસો એક થાય બન્નેનો સરવાળો ૪૫૦ થાય તેનું અર્ધ ૨૨૫ થાય તેને તેર પ્રતરે ગુણતાં ૨૯૨૫ આવલીગત થાય.

ઉર્દ્ધ્વ લોકમાંદરેક દેવલોકે આવલીગતને પુષ્પાવકીર્ણની સંખ્યા

દેવ પહેલો છેલ્લા મુખ ભૂમિ અર્ધ પ્ર. આવલી પુષ્પા કુલ
લોક પ્ર. પ. ગ.ત વકીર્ણ લાખ

૧/૨- ૬૨ ·૫૦- ૨૪૯· ૨૦૧· ૨૨૫ ×૧૩-૨૯૨૫- ૫૯૯૭૦૭૫-૬૦
૩/૪· ૪૯- ૩૮– ૧૯૭- ૧૫૩- ૧૭૫×૧૨-૨૧૦૦-૧૯૯૭૯૦૦ ૨૦
૫– ૩૭- ૩૨– ૧૪૯- ૧૨૯- ૧૩૯ ×૬· ૮૩૪– ૩૯૯૧૬૬ –૪
હજાર

૬– ૩૧- ૨૭– ૧૨૫- ૧૦૯- ૧૧૭ ×૫- ૫૮૫- ૪૯૪૧૫ –૫૦
૭– ૨૬- ૨૩- ૧૦૫- ૯૩- ૯૯ ×૪- ૩૯૬– ૩૯૬૦૪ –૪૦
૮– ૨૨- ૧૯- ૮૯· ૭૭- ૮૩ ×૪- ૩૩૨– ૫૬૬૮ ૬
૯/૧૦૧૮-૧૫- ૭૩- ૬૧- ૬૭ ×૪- ૨૬૮– ૧૩૨ ૪૦૦
૧૧/૧૨૧૪-૧૧- ૫૭- ૪૫- ૫૧ ×૪. ૨૦૪– ૯૬ ૩૦૦

ગ્રૈવયક
પ.ત્રી. ૧૦–૮–૪૧–૩૩ -૩૭ × ૩· ૧૧૧– ૦ ૧૧૧
બી.ત્રી. ૭–૫–૨૯- ૨૧ ·૨૫ × ૩- ૭૫– ૩૨ ૧૦૭
ત્રી.ત્રી. ૪– ૨–૧૭· ૯ -૧૩ × ૩- ૩૯– ૬૧ ૧૦૦
અનુત્તર ૧–૦– ૫- ૦ - ૫ × ૧- ૫– ૦ ૫

૮૪૯૭૦૨૩

**ઇગદિસિ-પંતિ વિમાણા,**
**તિવિભત્તા તંસ ચઉરંસા વટ્ટ,**
**તંસેસુ સેસ મેગં, ખિવ સેસ દુગસ્સ ઇક્કક્કં. ૧૦૪**
**તંસેસુ ચઉરંસેસુ ય તો રાસિ તિગંપિ ચઉગુણંકાઉં**
**વટેસુ ઇંદયં ખિવ, પયર ઘણ મીલિયં કપ્પે. ૧૦૫**

એક દિશાનાં પંક્તિગત વિમાનોને ત્રણે ભાંગતા ત્રિખુણાં ચોખુણાંને વાંટલાં વિમાન આવે બાકી રહેલ એકને ત્રિખુણામાં નાખો બાકી રહેલ બેમાંના એકને ત્રિખુણામાં ને એકને ચોખુણાંમાં નાખો પછી ત્રણે રાશીને પણ ચાર ગુણા કરીને વાટલાં વિમાનમાં ઇદ્રકનેનાખીનેમેળવતાંપ્રતરના આવલીગત વિમાનો આવે જેમકે સૌધર્મ ઈશાનના પહેલા પ્રતરે એક દિશાએ બાસઠ વિમાનો છે તેને ત્રણે ભાગતાં વીશ આવે બે શેષ વધે. એક ત્રિખુણાંમાં અને એક ચોખુણામાં નાખતાં ૨૧ ત્રિખુણાં ૨૧ ચોખુણાંને વીશ વાટલાં વિમાન થાય તેને ચારે ગુણતાં ૮૪ ત્રિખુણા ૮૪ ચોખુણાને ૮૦+૧ ઇન્દ્રક મળી ૮૧ વાટલાં થાય.

| | પહેલા બીજા દેવલોકે | | | ત્રીજા ચોથા દેવલોકે | | |
|---|---|---|---|---|---|---|
| પ્રતરે | ત્રિ. | ચો. | વા. | ત્રિ. | ચો. | વા. |
| પહેલા | ૮૪ | ૮૪ | ૮૦ | ૬૮ | ૬૪ | ૬૪ |
| બીજા | ૮૪ | ૮૦ | ૮૦ | ૬૪ | ૬૪ | ૬૪ |
| ત્રીજા | ૮૦ | ૮૦ | ૮૦ | ૬૪ | ૬૪ | ૬૦ |
| ચોથા | ૮૦ | ૮૦ | ૭૬ | ૬૪ | ૬૦ | ૬૦ |
| પાંચમાં | ૮૦ | ૭૬ | ૭૬ | ૬૦ | ૬૦ | ૬૦ |
| છઠ્ઠા | ૭૬ | ૭૬ | ૭૬ | ૬૦ | ૬૦ | ૫૬ |
| સાતમા | ૬૬ | ૭૬ | ૭૨ | ૬૦ | ૫૬ | ૫૬ |

| પ્રતરે | ત્રિ. | ચો. | વા. | ત્રિ. | ચો. | વા. |
|---|---|---|---|---|---|---|
| આઠમા | ૭૬ | ૭૨ | ૭૨ | ૫૬ | ૫૬ | ૫૬ |
| નવમાં | ૭૨ | ૭૨ | ૭૨ | ૫૬ | ૫૬ | ૫૨ |
| દશમાં | ૭૨ | ૭૨ | ૬૮ | ૫૬ | ૫૨ | ૫૨ |
| અગ્યારમાં | ૭૨ | ૬૮ | ૬૮ | ૫૨ | ૫૨ | ૫૨ |
| બારમાં | ૬૮ | ૬૮ | ૬૮ | ૫૨ | ૫૨ | ૪૮ |
| તેરમાં | ૬૮ | ૬૮ | ૬૪ | ૭૧૨ | ૬૯૬ | ૬૮૦ |
| | ૯૮૮ | ૯૭૨ | ૯૫૨ | | | ઈ ૧૨ |

કુલ ૨૯૨૫ ઈ + ૧૩ કુલ ૨૧૦૦

પાંચમાં દેવલોકે છઠ્ઠ દેવલોકે

| પ્રતરે | ત્રિ. | ચો. | વા. | ત્રિ. | ચો. | વા. |
|---|---|---|---|---|---|---|
| પહેલા | ૫૨ | ૪૮ | ૪૮ | ૪૪ | ૪૦ | ૪૦ |
| બીજા | ૪૮ | ૪૮ | ૪૮ | ૪૦ | ૪૦ | ૪૦ |
| ત્રીજા | ૪૮ | ૪૮ | ૪૪ | ૪૦ | ૪૦ | ૩૬ |
| ચોથા | ૪૮ | ૪૪ | ૪૪ | ૪૦ | ૩૬ | ૩૬ |
| પાંચમાં | ૪૪ | ૪૪ | ૪૪ | ૩૬ | ૩૬ | ૩૬ |
| છઠ્ઠા | ૪૪ | ૪૪ | ૪૦ | | | |
| | ૨૮૪ | ૨૭૬ | ૨૬૮ | ૨૦૦ | ૧૯૨ | ૧૮૮ |

કુલ ૮૩૪ ઈ ૬ કુલ ૫૮૫ ઈ ૫

સાતમાં દેવલોકે આઠમા દેવલોકે

| પ્રતરે | ત્રિ. | ચો. | વા. | ત્રિ. | ચો. | વા. |
|---|---|---|---|---|---|---|
| પહેલા | ૩૬ | ૩૬ | ૩૨ | ૩૨ | ૨૮ | ૨૮ |

| પ્રતરે | ત્રિ. | ચો. | વા. | ત્રિ. | ચો. | વા. |
|---|---|---|---|---|---|---|
| બીજા | ૩૬ | ૩૨ | ૩૨ | ૨૮ | ૨૮ | ૨૮ |
| ત્રીજા | ૩૨ | ૩૨ | ૩૨ | ૨૮ | ૨૮ | ૨૪ |
| ચોથા | ૩૨ | ૩૨ | ૨૮ | ૨૮ | ૨૪ | ૨૪ |
| | ૧૩૬ | ૧૩૨ | ૧૨૪ | ૧૧૬ | ૧૦૮ | ૧૦૪ |

કુલ ૩૯૬ ઈ ૪ કુલ ૩૩૨ ઈ ૪

નવમાં દશમા દેવલોકે અગ્યાર બારમે દેવ લોકે

| પ્રતરે | ત્રિ. | ચો. | વા. | | ત્રિ. | ચો. | વા. |
|---|---|---|---|---|---|---|---|
| પહેલા | ૨૪ | ૨૪ | ૨૪ | ૧ | ૨૦ | ૨૦ | ૧૬ |
| બીજા | ૨૪ | ૨૪ | ૨૦ | ૨ | ૨૦ | ૧૬ | ૧૬ |
| ત્રીજા | ૨૪ | ૨૦ | ૨૦ | ૩ | ૧૬ | ૧૬ | ૧૬ |
| ચોથા | ૨૦ | ૨૦ | ૨૦ | ૪ | ૧૬ | ૧૬ | ૧૨ |
| | ૯૨ | ૮૮ | ૮૪ | | ૭૨ | ૬૮ | ૬૦ |

કુલ ૨૬૮ ઈ ૪ કુલ ૨૦૪ ઈ ૪

પહેલી ત્રણ ગેવયક બીજી ત્રણ ગેવયક ત્રીજી ત્રણ ગેવયક

| પ્રતરે | ત્રિ. | ચો. | વા. | ત્રિ. | ચો. | વા. | ત્રિ. | ચો. | વા. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૬ | ૧૨ | ૧૨ | ૧૨ | ૮ | ૮ | ૮ | ૪ | ૪ |
| ૨ | ૧૨ | ૧૨ | ૧૨ | ૮ | ૮ | ૮ | ૪ | ૪ | ૪ |
| ૩ | ૧૨ | ૧૨ | ૮ | ૮ | ૮ | ૪ | ૪ | ૪ | ૦ |
| | ૪૦ | ૩૬ | ૩૨ | ૨૮ | ૨૪ | ૨૦ | ૧૬ | ૧૨ | ૮ |

કુલ ૧૧૧ ઈ ૩ કુલ ૭૫ ઈ ૩ કુલ ૩૯ ઈ ૩

અનુત્તરે ૧ ૦ ઈ ૧ કુલ ૫

**સત્ત સય સત્તવીસા, ચત્તારિ સયા ય હુન્તિ ચઉનઉયા, ચત્તારિ ય છાસીયા, સોહમ્મે હુન્તિ વટ્ટાઈ ૧૦૬**

| દેવલોક | વાટલા | ત્રિખુણા | ચોખુણાં | પંક્તિગત |
|---|---|---|---|---|
| સૌધર્મ | ૭૨૭ | ૪૯૪ | ૪૮૬ | ૧૭૦૭ |
| ઈશાન | ૨૩૮ | ૪૯૪ | ૩૪૮ | ૧૨૧૮ |
| સનત્કુમાર | ૫૨૨ | ૫૩૬ | ૩૪૮ | ૧૨૨૬ |
| માહેન્દ્ર | ૧૭૦ | ૩૫૬ | ૩૪૮ | ૮૭૪ |
| બ્રહ્મલોક | ૨૭૪ | ૨૮૪ | ૨૭૬ | ૮૩૪ |
| લાંતર | ૧૯૩ | ૨૦૦ | ૧૯૨ | ૫૮૫ |
| મહાશુક્ર | ૧૨૮ | ૧૩૬ | ૧૩૨ | ૩૯૬ |
| સહસ્રાર | ૧૦૮ | ૧૧૬ | ૧૦૮ | ૩૩૨ |
| આણુત પ્રાણુત | ૮૮ | ૯૨ | ૮૮ | ૨૬૮ |
| આરણ્ય અચ્ચુત | ૬૪ | ૭૨ | ૬૮ | ૨૦૪ |
| પહેલી ત્રણ ગૈવયક | ૩૫ | ૪૦ | ૩૬ | ૧૧૧ |
| બીજી | ૨૩ | ૨૮ | ૨૪ | ૭૫ |
| ત્રીજી | ૧૧ | ૧૬ | ૧૨ | ૩૯ |
| અનત્તરે | ૧ | ૪ | ૦ | ૫ |
| | ૨૫૮૨ | ૨૬૮૮ | ૨૬૦૪ | ૭૮૭૪ |

પુષ્પાવકીર્ણ ૮૪૮૯૧૪૯

કુલ ૮૪૯૭૦૨૩

**એમેવ ય ઈસાણે, નવરં વટ્ટાણ હોઇ નાણત્તં,**
**દો સય અટ્ઠતીસા સેસા જહ ચેવ સોહમ્મે. ૧૦૭**
**પુવ્વા વરા છ લંસા, તંસા પુણ દાહિણુત્તરા બજ્ઝ,**
**અબ્ભિન્તર ચઉરંસા, સવ્વા વિય કણ્હરાઇઓ. ૧૦૮**

ઈશાનમાં ત્રિખુણાં ચોખુણાં સૌધર્મ જેટલાં છે.પણ વાટલાં ફક્ત ઉત્તર દિશાનાંજ ઈશાનેન્દ્રનાં છે. બાકીની ત્રણે દિશાનાં વાટલાં તથા ઇંન્દ્રક વિમાનો સૌધર્મેન્દ્રનાં છે. પૂર્વ અને પશ્ચિમ દિશાની બહારની કૃષ્ણરાજી ત્રણ ખુણાવાળી છે. દક્ષિણ અને ઉત્તરદિશાની બહારની કૃષ્ણરાજી ત્રણ ખુણા વાળી છે. અને અંદરની સર્વે પણ કૃષ્ણરાજીઓ ચાર ખુણાવાળી છે. એ આઠે કૃષ્ણરાજીના આઠ આંતરાને વિષે અર્ચી, અર્ચીમાલી, વૈરોચન પ્રભંકર, ચંદ્રાભ, સૂર્યાભ, શુક્રાભ, સુપ્રતિષ્ઠાભ નામે આઠ વિમાનો ઈશાન ખુણાથી અનુક્રમે છે. નવમું રીષ્ટ નામે વિમાન કૃષ્ણરાજીના મધ્યભાગે છે. તે વિમાનોમાં લોકાંન્તિક દેવો રહે છે. તેમનુ આયુંષ્ય આઠ સાગરોપમ છે બ્રહ્મદેવ લોકના સમીપે વસે તેને લોકાન્તિક કહીએ અથવા નવમાં રિષ્ટ વિમાનના દેવો એકાવતારી હોવાથી સંસારના અંતે થયા માટે લોકાન્તિક બાકીના આઠ વિમાનના દેવો એકાન્તો એકાવતારી ન હોય આ નવે વિમાનોમાં રહેનારા દેવોનાં નામ ૧ સારસ્વત, ૨ આદિત્ય, ૩ વહ્નિ ૪ વરૂણ ૫ ગર્દતોય, ૬ તુષિત, ૭ અવ્યાબાધ ૮ આગ્નેયમરૂત અને ૯ રિષ્ટ અનુક્રમે જાણવા સ્થાપના નીચે મુજબ

સારસ્વતને આદિત્વના સાત દેવોનો સાતસો દેવોનો પરિવાર છે વહ્નિ અને વરૂણના ચૌદ દેવોને ચૌદ હજાર દેવોનો પરિવાર છે ગર્દનોય ને તુષિતના સાત દેવોને સાત

હજાર દેવોનો પરિવાર છે અવ્યાબાધ મરૂત અને રિષ્ટાના નવ દેવોને નવસો દેવોનો પરિવાર છે.

# તમસ્કાયનું સ્વરૂપ

આ જંબુદ્વીપથી તીર્છો અસંખ્યાતા દ્વીપ સમુદ્ર ઓળંગીએ તે વારે અરૂણવર દ્વીપ આવે તે દ્વીપની વેદીકાના છેડાથી બેતાલીશ હજાર યોજન અરૂણવર સમુદ્રમાં જઈએ ત્યાં પાણીના ઉપરના તળીઆથી ઉંચો અપકાય મય મહા અંધકાર રૂપ તમસ્કાય નિકળ્યો છે. સતરસો એકવીશ યોજન સુધી ભીંત સરખો થઈને તીર્છો વિસ્તાર પામતો સૌધર્મ ઈશાન સનત્કુમારને માહેન્દ્રએ ચાર દેવલોકને આવરી ઉંચો બ્રહમ દેવલોકે રિષ્ટ નામના ત્રીજા પ્રતરે જઈ રહ્યો છે.

આ તમસ્કાય નીચે સરખી ભીંત રૂપ વર્તુળ આકાર પણે મધ્યમાં સરાવલાના આકારે અને ઉપર કુકડાના પાંજરાના આકારે છે તે નીચે સંખ્યાતા યોજન ઉંચો અને વિસ્તારે છે તે પછી વિસ્તારમાં અસંખ્યાતા યોજન પ્રમાણ છે. અહિંથી અસંખ્યાતમાં સમુદ્રે તમસ્કાય ઉત્પન્ન થવાથી તે તમસ્કાયની પરિધિ અસંખ્યાતા યોજનની જાણવી આગમને જાણનાર ગીતાર્થો તમસ્કાયના મહત્વને આ પ્રમાણે કહે છે કોઈક મહર્ધિક દેવ ત્રણ ચપટી વગાડીએ તેટલા વખતમાં જંબુદ્વીપને એકવીશ વાર પ્રદક્ષિણા કરીને આવે તેજ દેવ તેજ ગતિ વડે છ માસ સુધી તમસ્કાયના સંખ્યાતા નાના વિસ્તારને ઉલ્લંઘે પરંતુ ઉપર રહેલ અસંખ્યાત યોજનના વિસ્તારને ઉલ્લંગે નહિ

બળવાન દેવના ભયથી નાસતા દેવને સંતાવા માટે આ

અંધકારવાળી જગ્યા અત્યંત અનુકુળ છે. કારણ કે દેવતા અવધિ કે વિભંગજ્ઞાનથી શોધવાને માટે ઉપયોગ મુકે તેટલામાં તે ભય પામેલ દેવતા બીજે નાશી જાય

**ચુલસી અસિઇ બાવત્તારિ, સત્તરિ સટ્ઠિયપન્નચત્તાલા**
**તુલ્લ સુર તીસ વીસા,**
**દસ સહસ્સ આયરકખ ચઉગુણિયા. ૧૦૯**

સામાનીક દેવો કરેક દેવલોકના અનુક્રમે ૮૪, ૮૦, ૭૨ ૭૦, ૬૦, ૫૦, ૪૦, ૩૦, ૨૦, ૧૦ હજાર છે. તેનાથી ચાર ગણા આત્મરક્ષક દેવો જાણવા.

**કપ્પેસુ ય મિય મહિસો, વરાહ સીહા ય છગલ સાલૂરા**
**હય ગયભુયંખગ્ગી, વસહા વિડિમાઈ ચિંધાઇં ૧૧૦**

દેવલોકનાં ચિન્હો અનુક્રમે તેમના મુગુટમાં હોય છે. ૧ મૃગ ૨ પાડો ૩ ભુંડ ૪ સિંહ ૫ બકરો ૬ દેડકો ૭ ઘોડો ૮ હાથી ૯ સર્પ ૧૦ ગેંડો ૧૧ બળદ ૧૨ મૃગવિશેષ

**દુસુ તિસુ તિસુ કપ્પેસુ,**
**ઘણુદહિ ઘણુવાય તદુભયં ચ કમા,**
**સુર ભવણ પઇટ્ઠાણં, આગાસ પઇટ્ઠિયા ઉવરિ.૧૧૧**

પ્રથમ બે દેવલોકના વિમાનો ઘનોદધિના આધારે છે પછીના ત્રણ દેવલોકના વિમાનો ઘનવાતના આધારે છે. પછીના ત્રણ ઘનોદધિ ઘનવાતના આધારે છે ઉપરનાં વિમાનો ફક્ત આકાશના આધારેજ રહેલાં છે.

**સત્તાવીસ સયાઇં, પુઢવિ પિંડો વિમાણ ઉચ્ચત્તં,**
**પંચ સયા કપ્પ દુગે. પઢમે તત્તો ય ઇક્કિકકં, ૧૧**

હાયઈ પુઢવીસુ સયં. વડ્ઢઈ ભવણેસુ દુ દુ દુ કપ્પેસુ,
ચઉગે નવગે પણગે, તહેવ જાણુત્તારેસુ ભવે. ૧૧૩

ઇગવીસ સયા પુઢવી, વિમાણ મિક્કારસેવ ય સયાઇં
બત્તીસ જોયણ સયા, મિલિયા સવ્વત્થ નાયવ્વા ૧૧૪

પહેલા બે દેવલોકમાં પૃથ્વીપીંડ ૨૭૦૦ યોજનને વિમાનની ઉંચાઈ ૫૦૦ યોજન છે.

બીજા બે દેવલોકમાં પૃથ્વીપીંડ ૨૬૦૦ યોજનને વિમાનની ઉંચાઈ ૬૦૦ યોજન છે.

ત્રીજા બે દેવલોકમાં પૃથ્વીપીંડ ૨૫૦૦ યોજનને વિમાનની ઉંચાઈ ૭૦૦ યોજન છે.

ચોથા બે દેવલોકમાં પૃથ્વીપીંડ ૨૪૦૦ યોજનને વિમાનની ઉંચાઇ ૮૦૦ યોજન છે.

પાંચમાં ચાર દેવલોકમાં પૃથ્વીપીંડ ૨૩૦૦ યોજનને વિમાનની ઉંચાઈ ૯૦૦ યોજન છે.

નવ ગ્રૈવયકે દેવલોકમાં પૃથ્વીપીંડ ૨૨૦૦ યોજનને વિમાનની ઉંચાઈ ૧૦૦૦ યોજન છે.

અનુત્તરે પૃથ્વીપીંડ ૨૧૦૦ યોજનને વિમાનની ઉંચાઈ ૧૧૦૦ યોજન છે.

બન્ને મળી કુલ ૩૨૦૦ યોજન છે સૌધર્મને સનત્કુમાર કરતાં ઈશાનને માહેન્દ્રની ઉંચાઈ એક હાથ વધુ જાણવાં.

પણ ચઉ તિ દુ વન્ન વિમાણ,
સધય દુસુ દુસુ ય જા સહસ્સારો,
ઉવરિ સિય ભવણવંતર,
જોઇસિયાણં વિવિહ વન્ના. ૧૧૫

સહસ્રાર સુધી બબ્બે દેવલોકમાં ધ્વજા સહિત વિમાનો અનુક્રમે પાંચ ચાર ત્રણ ને બે વર્ણવાળાં છે. ઉપરના દેવલોકનાં વિમાનો શ્વેત વર્ણવાળાં છે. ભવનપતિ વ્યંતર જ્યોતિષીના વિમાનો જુદા જુદા વર્ણવાળાં છે કોઈ કાળાં કોઈ લીલાં કોઇ પીળાં કોઈ રાતાં અને કોઈ શ્વેત વર્ણવાળા છે.

**રવિણો ઉદય-ત્થંતર, ચઉ નવઇસહસ્સ પણ સયછવીસા**
**બાયાલ સટ્ઠિ ભાગા, કક્કડ સંકંતિ દિયહંમિ ૧૧૬**
**એયંમિપુણોગુણિએ,તિ પંચસગ નવય હોઇકિમ માણં**
**તિગુણંમિ યદો લકખા, તેસીઇ સહસ્ય પંચસયા ૧૧૭**
**અસીઈ છ સટ્ઠિ ભાગા,**

**જોયણ ચઉ લક્ખ બિસત્તરિ સહસ્સા**
**છચ્ચ સયા તેત્તીસા તીસ કલા પંચગુણિયંમિ.૧૧૮**
**સત્ત ગૂણે છ લકખા,ઇગિસટ્ઠિ સહસ્સ છ સય છાસીયા**
**ચઉપન્ન કલા તહ નવ,**

**ગુણંમિ અડલકખ સડઢાઓ. ૧૧૯**
**સત્તાસયા ચત્તાલા, અટ્ઠારસકલા ય ઇય કમા ચઉરો,**
**ચંડા ચવલા જયણા, વેગા ય તહા ગઇ ચઉરો. ૧૨૦**

કર્કસંક્રાંતિના પહેલા દિવસે સૂર્યના ઉદય અને અસ્તનું અંતર ૯૪૫૨૬ $\frac{૪૨}{૬૦}$ યો. છે એ અંતરને ત્રણ પાંચ સાત નવે ગુણતાં દેવનાં ચંડા, ચપલા, જયણા ને વેગા ગતિના પગલાનું માપ અનુક્રમે નીચે મુજબ જાણવું.૨૮૩૫૮૦,૬ કલા ૪૭૨૬૩૩, ૩૦ કલા, ૬૬૧૬૮૬,૫૪ કલા ૮૫૦૭૪૦,૧૮ કલા

ઈત્થ ય ગઈ ચઉત્થિં, જયણસરિં નામ કેઈ મન્નંતિ
એહિં કમેહિ મિમાહિ, ગઇહિ ચઊરો સુરા કમસો૧૨૧

વિકખંભં આયામં, પરિહિ અબ્ભિંતરંચ બાહિરિય
જુગવં મિણંતિ છમ્માસ, જાવન તહાવિ તે પારં ૧૨૨

પાવંતિ વિમાણણં, કેસિ પિહુ અહવ તિગુણયાઇએ
કમ ચઉગે પત્તેયં, ચંડાઇ ગઈ ઊ જોઈજ્જા. ૧૨૩
તિગુણેણ કપ્પ ચઊગે,

પંચ ગુણેણં તુ અટ્ઠસુ મુણિજ્જા,
ગેવિજ્જે સત્ત ગુણેણં, નવ ગુણે-ણુત્તાર ચઉકકે.૧૨૪

વેગાને કેટલાક જવનંતરી માને છે. એ પગલાં રૂપ આ ગતિ વડે ચાર વૈમાનીક દેવો અનુક્રમે પહોળાઈ, લંબાઈ અંદરની પરિધિ અને બહારની પરિધિ એકી વખતે છ માસ સુધી માપે તો પણ તે દેવો વિમાનનો પાર ન પામે ચંડાગાતથી પહોળાઇને, ચપલા ગતિથી લંબાઇને, જવના ગતિથી અંદરની પરિધિને ને વેગાવતિથી બહારની પરિધિ ને છ માસ સુધી માપે તો પણ કેટલાક વિમાનોનો(સંખ્યાતા યોજનોનો,) પાર પમાય પણ અસંખ્યાત યોજનવાળા વિમાનનો પાર ન પમાય એ ચારે ગતિને ત્રણે ગુણવાથી ચાર દેવલોકનાં, પાંચે ગુણવાથી આઠ દેવલોકના, સાતે ગુણવાથી નવ ગ્રવેયકનાં ને નવે ગુણવાથી આર અનુત્તરનાં વિમાનોનો પાર પામે એમ જાણવું

પઢમ પયરંમિ પઢમે, કપ્પે ઉડુ નામ ઇંદય વિમાણ
પણયાલ લક્ખ જોયણ લક્ખં સવ્વુવરિ સવ્વઠ્ઠં૧૨૫

પહેલા દેવલોકના પહેલા પ્રતરને વિષે ઉડુ નામનું ઇન્દ્રક

વિમાન પીસ્તાલીશ લાખ યોજન લાંબું પહોળું છે અને સર્વની ઉપર સર્વાર્થ સિદ્ધ વિમાન એક લાખ યોજનનું છે.

ઉડુ ચંદ રયય વગ્ગુ, વીરિય વરૂણે તહેવ આણંદે.
બંભે કંચણ રુઇરે ચંદ અરુણે ય વરુણે ય. ૧૨૬

ઉડુ, ચંદ્ર, રજત, વલ્ગુ, વીર્ય, વરૂણ, આનંદ, બ્રહ્મ, કંચન, રૂચિર, ચંદ્ર, અરૂણ ને વરૂણ એ તેર નામો પહેલા બે દેવલોકના ઈન્દ્રક વિમાનના છે.

વેરૂલિય રૂયગ રૂઇરે, અંકેફલિહે તહેવ તવણિજ્જે,
મેહે અગ્ઘ હલિદે, નલિણે તહ લોહિયક્ખે ય. ૧૨૭
વઇરે અંજણ વરમાલ, રિટ્ઠ દેવે ય સોમ મંગલએ,
બલભદ્દે ચક્ક ગયા, સોવત્થિય ણંદિયાવત્તે. ૧૨૮
આભંકરે ય ગિદ્ધી, કેઉ ગરુલેય હોઇ બોધવ્વે,
બંભે બંભહિએ પુણ, બંભુત્તર લંતએ ચેવ. ૧૨૯

સુમહક્ક સહસ્સારે આણય તહ પાણએ ય બોધવ્વે,
પુપ્ફે લંકાર આરણ, તહા વિય અચ્ચુએ ચેવ.૧૩૦
સુદંસણ સુપહિબદ્ધે, મણોરમે ચેવ હોઇ પઢમતિગે
નત્તો ય સવ્વભદે' વિસાલએ સુમણે ચેવ. ૧૩૧

સોમણસે પીઇકરે, આઇચ્ચે ચેવ હોઈ તઇયતિગે,
સવ્વટસિદ્ધિ નામે, ઇદયા એવ બાસટ્ઠી. ૧૩૨

વૈડુર્ય, રૂચક, રૂચિર, અંક, સ્ફટિક, તપનીય, મેઘ, અર્ધ હાલિદ્ર, નલિન, લોહીતાક્ષ ને વજ્ર એ બાર પ્રતર ત્રીજા ચોથા દેવલોકના જાણવા.

અંજન, વરમાળ, રિષ્ટ, દેવ, સોમ,ને મંગળ એ છ પ્રતર બ્રહ્મદેવલોકના જાણવા બળભદ્ર, ચક્ર, ગદા, સ્વસ્તિક ને નંદ્યાવર્ત એ પાંચ પ્રતર લાંતકના જાણવા આભંકર, ગૃદ્ધિ, કેતુ, ગરૂડ, બ્રહ્મ, બ્રહ્મહિત, બ્રહ્મોત્તર ને લાંતક એ ચાર ચાર પ્રતર અનુક્રમે સાત આઠ દેવલોકના જાણવા.

મહાશુક્ર, સહસ્રાર, આણુત પ્રાણુત, પુષ્પ, અલંકાર આરણ ને અચ્યુતરએ આઠ નામ અનુક્રમે નવદશ તથા અગ્યાર બાર દેવલોકના જાણવા

સુદર્શન,સુપ્રતિબદ્ધ મનોરમ,સર્વત્તોભદ્ર, વિશાળ સુમન સૌમનસ પ્રીતિકર ને આદિત્ય એ નવગ્રૈયવકના નામો છે. અને સર્વાર્થ સિદ્ધ અનુત્તરના પ્રતરનું નામ છે. આ પ્રમાણે બાસઠ ઈન્દ્રક વિમાનના નામો જાણવાં.

**પણયાલીસં લક્ખા, સીમંતય માણુસં ઉડુ સિવંચ, અપયટ્ઠણો સવ્વટ્ઠ, જંબુદીવો ઇમિં લક્ખં ૧૩૩**

રત્નપ્રભાના પહેલા પ્રતરનો સીમતંક નરકાવાસ, મનુષ્ય ક્ષેત્ર,ઉડુ વિમાન અને સિદ્ધશીલાએ ચાર પીસ્તાલીશ લાખ ચોજનના વિસ્તારે છે. સાતમી નરકનો અપ્રતિષ્ઠાન નરકાવાસ સર્વાર્થસિદ્ધ વિમાન અને જંબુદ્વીપ એ ત્રણે લાખ ચોજનના વિસ્તારે છે.

**અહ ભાગા સગ પુઢવીસુ,**
**રજ્જુ ઈક્કિક્ક તહેવ સોહમ્મે,**
**માહિંદ લંત સહસ્સાર,**
**અચ્ચુઅ ગેવિજ્જ લોગંતે ૧૩૪**

અધોલોકના સાત ભાગ સાત પૃથ્વીને વિષે એકેકરાજ પ્રમાણુ છે. તેમજ સૌધર્મ, માહેન્દ્ર, લાંતક, સહસ્રાર, અચ્યુત, ગ્રૈવેચકને લોકાંત સુધી સાતરાજ ઉર્ધ્વલોકે છે. તીર્છાલોક વચમાં આવેલો છે તે લંબાઈમાં એક રાજ પ્રમાણુ છે. પહોળાઇ અઢારસો યોજન છે તેમાં મનુષ્ય તીર્યંચ, વ્યંતરને જયોતિષી દેવો રહે છે ભવનપતિ ને નારકો અધોલોકમાં રહે છેજ્યારે વૈમાનીકો ઉર્ધલોકમાં રહે છે.

**સમ્મત્ત ચરણુ સહિયા, સવ્વં લોગં ફુસે નિરવસેસં**
**સત્ત ય ચઉદ્દસ ભાએ,**
**પંચ ય સુય દેસ વિરઈએ ૧૩૫**

સમ્યકત્વ ચારિત્ર સહિત કેવળજ્ઞાની સર્વ રાજલોકને કેવળી સમુદ્ઘાતે ફરસે છે સમ્યકત્વ ચારિત્ર સહિત શ્રુતજ્ઞાની સાતરાજ ફરસે, સમ્યકત્વ સહિત દેશ વિરતી પાંચ રાજલોક ફરસે નીચે સાતરાજ પહોળો, મધ્ય ભાગે એક રાજ પહોળો બ્રહ્મલોકે પાંચ રાજ પહોળો ને મસ્તકે એક રાજ પહોળો ત્રસનાડી ચૌદરાજ લાંબી ને એક રાજ પહોળી છે. તેમાંજ ત્રસજીવો છે બાકીનામાં સ્થાવર જીવો છે.

**ભવણુવણુ જોઇ સોહમ્મી-સાણે સત્તહત્થ તણુ-માણં**
**દુ દુ દુ ચઉક્કે ગેવિજ્જ-ણુત્તરે હાણિ ઇક્કિક્કં ૧૩૬**

ઈશાન સુધીના દેવોની ઉંચાઈ સાત હાથની છે પછીના ત્રણ બબ્બે દેવલોકમાં એકેક હાથ ઓછું કરતાં ચાર આવે પછીના ચારમાં ત્રણ હાથ, નવગૈવયકે બે હાથ અને અનુત્તરે એક હાથ જાણુવા.

કપ્પ દુગ દુ દુ દુ ચઉગે,
નવગે પણગે ય જિટ્ઠ-ઠિઈ અયરા,
દો સત્ત ચઉદ–ટ્ઠારસ,
બાવીસિગતીસ તિત્તીસા ૧૩૭

પહેલા દેવલોકે બે સાગરોપમ ને બીજા દેવલોકે બે સાગરોપમથી કંઇક અધીક આયુષ્ય છે. ત્રીજે દેવલોકે સાત સાગરોપમને ચોથે સાત સાગરોપમથી અધીક હોય છે. પાંચમે દશ છઠ્ઠે ચૌદ, સાતમે સત્તર આઠમે અઢાર નવમે દશમે અગ્યારને બારમે એકેક વધારતાં બાવીશ નવગૈવયકે એકેક વધારતાં એકત્રીશને અનુત્તરે તેત્રીસ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે.

વિવરે તાણિ ક્કુણે, ઇક્કારસગા ઉ પાડિએ સેસા,
હત્થિક્કારસ ભાગા, અયરે અયરે સમહિયંમિ. ૧૩૮

ચય પુવ્વ સરીરાઓ, કમેણ ઇગુત્તરાઈ વુડ્ઢીએ,
એવં ઠિઈ વિસેસા, સણંકુમારાઇ તણુ-માણં. ૧૩૯

તે સ્થિતિનો વિશ્લેષ એટલે મોટીમાંથી નાની બાદ કરીએ તેમાંથી એક ઓછો કરીને અગીઆરીઆ ભાગ પાડીએ તે બાકી રહેલા એક હાથના અગીઆરીઆ ભાગો જાણવા સાગરોપમ વધારે છતે પૂર્વે કહેલા શરીરના પ્રમાણમાંથી અનુક્રમે એકેક ભાગની વૃદ્ધિને તું ઓછી કર એ પ્રમાણે સ્થિતિના વિશ્લેષથી સનત્કુમારાદિ દેવોના શરીરનું પ્રમાણ થાય તેનું કોષ્ટક નીચે મુજબ જાણવું.
બે સાગરોપમે સાત હાથ

| સાગરોપમે | હાથ | સા. | હાથ | સા. | હાથ |
|---|---|---|---|---|---|
| ૩. | ૬ ૪/૧૧ | ૧૪. | ૫ | ૨૫. | ૨ ૬/૧૧ |
| ૪. | ૬ ૩/૧૧ | ૧૫. | ૪ ૩/૧૧ | ૨૬. | ૨ ૫/૧૧ |
| ૫. | ૬ ૨/૧૧ | ૧૬. | ૪ ૨/૧૧ | ૨૭. | ૨ ૪/૧૧ |
| ૬. | ૬ ૧/૧૧ | ૧૭. | ૪ ૧/૧૧ | ૨૮. | ૨ ૩/૧૧ |
| ૭. | ૬ | ૧૮. | ૪ | ૨૯. | ૨ ૨/૧૧ |
| ૮. | ૫ ૬/૧૧ | ૧૯. | ૩ ૩/૧૧ | ૩૦. | ૨ ૧/૧૧ |
| ૯. | ૫ ૫/૧૧ | ૨૦. | ૩ ૨/૧૧ | ૩૧. | ૨ |
| ૧૦. | ૫ ૪/૧૧ | ૨૧. | ૩ ૧/૧૧ | ૩૨. | ૧ ૧/૧૧ |
| ૧૧. | ૫ ૩/૧૧ | ૨૨. | ૩ | ૩૩. | ૧ |
| ૧૨. | ૫ ૨/૧૧ | ૨૩. | ૨ ૮/૧૧ | | |
| ૧૩. | ૫ ૧/૧૧ | ૨૪. | ૨ ૭/૧૧ | | |

**ભવ ધારણિજ્જ એસા, ઉત્તર વેઉવ્વિ જોયણા લક્ખં**
**ગેવિજ્જ-ણુત્તરેસુ, ઉત્તર વેઉવ્વિયા નત્થિ. ૧૪૦**

આ ભવ ધારણીય શરીરનું પ્રમાણ કહ્યું અને ઉત્તર

વૈક્રિય શરીર લાખ યોજન હોય ગ્રૈવેયક અને અનુત્તરને વિષે ઉત્તર વૈક્રિય શરીર કરવાપણું નથી.

**સાહાવિય વેઉવ્વિય, તણુ જહન્ના કમેણ પારંભે,**
**અંગુલ અસંખભાગો, અંગુલ સંખિજ્જ ભાગોય૧૪૧**

આરંભતી વખતે સ્વાભાવિક વૈક્રિય અંગુલના અસંખ્યાતમાં ભાગનું હોય છે.

આરંભતી વખતે ઉત્તર વૈક્રિય શરીર અંગુલના સંખ્યાતમા ભાગનું હોય છે.

**સામન્નેણં ચઉવિહ, સુરેસુ બારસ મુહુત્ત ઉક્કોસા,**
**ઉવવાય વિરહકાલો, અહ ભવણાઇસુ પત્તેયં. ૧૪૨**

સામાન્યથી ચારે પ્રકારના દેવોને વિષે ઉપપાતને વિરહકાળ બાર મુહુર્તનો હોય હવે ભવન પતિ આદિ દેવોને વિષે દરેકનો ઉપપાતને વિરહકાળ જુદો જુદો કહીશું, ગર્ભજ તિર્યંચ મનુષ્યનો બાર મુહુર્ત ને સમુર્છીમ મનુષ્યનો ચોવીસ મુહુર્તનો છે, વિકલેન્દ્રિ અને અસંજ્ઞી તિર્યંચનો અંતર્મુહુર્તનો, અને એકેન્દ્રિય તો નિરંતર ઉપજે ચ્યવે છે.

**ભવણ વણ જોઈ સોહમ્મી,–સાણેસુ મુહુત્ત ચઉવીસં,**
**તો નવદિણ વીસ મુહુ, બારસ દિણ દસ મુહુત્તાય૧૪૩**

**બાવીસ સડ્ઢ દિયહા, પણયાલ અસીઇ દિણસાયંતત્તો**
**સંખિજ્જા દુસુ માસા,**
**દુસુ વાસા તિસુ તગેસુ કમા. ૧૪૪**

**વાસાણ સયા સહસ્યા, લકખ તહ ચઉસુ વિજયમાઇસુ,**
**પલિયા અસંખ ભાગો, સવ્વટ્ઠે સંખભાગોય. ૧૪૫**

જઘન્ય દરેકનો એક સમય છે ઉત્કૃષ્ટથી ભવનપતિ વ્યંતર જ્યોતિષી અને સૌધર્મ ઇશાનનો ચોવીસ મુહુર્તનો છે.

સનત્કુમારનો નવ દિવસને વીશ મુંહુર્તનો છે અને મહેન્દ્રનો બાર દિવસને દશ મુહુર્ત છે. બ્રહ્મથી આગળ અનુક્રમે ૨૨ાા–૪૫–૮૦–૧૦૦ દિવસ સંખ્યાતા માસ, વર્ષ, સો, હજાર, લાખ, પલ્યોપમનો અસંખ્યાતમો ને સંખ્યાતમો ભાગ છે.

બ્રહ્મલોક લાંતક મહાશુક્ર સહસ્રાર આણુતપ્રાણુત–આરણ્ય અચ્યુત દિ૦ ૨૨ાા ૪૫–૮૦–૧૦૦ સંખ્યાતા માસ–સંખ્યાતા વર્ષ-(અધિક) પહેલીત્રીક બીજીત્રીક ત્રીજીત્રીક–વિજયાદિચાર સર્વાર્થ સિદ્ધ સંખ્યાતાસો૦ સં ૦ હજાર–સં ૦ લાખ વર્ષ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, ૫૦ સંખ્યાતમો ભાગ (શુક્ષ્મ-અદ્ધા પલ્યોપમ)

**સવ્વેસિંપિજહન્નો, સમઓ એમેવ ચવણ વિરહો વિ, ઇગ દુતિસંખમ મસંખા,**
**ઇગિ સમએ હુન્તિય ચવંતિ. ૧૪૬**

સર્વ દેવોનો પણ જઘન્યથી ઉપપાતને વિરહકાળ એક સમયનો હોય છે, અને ચ્યવન વિરહકાળ પણ એક સમય છે એક સમયે દેવો એક બે ત્રણ સંખ્યાત અસંખ્યાત ઉત્પન્ન થાય ને મરે છે આનતથી ઉપરના સંખ્યાતા ઉપજે અને ચ્યવે. કારણ કે તેઓ મનુષ્યમાંથી આવે અને મનુષ્યમાંજ જતા હોવાથી સંખ્યાતાજ ઉપજે ને ચ્યવે.

**નર પંચિંદિય તિરિયાણુપ્પત્તી સુરભવે પજ્જત્તાણં.**
**અજ્ઝવસાય, વિસેસા, તેસિ ગઇ તારતમ્મં તુ, ૧૪૭**

પર્યાપ્તા પચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોની ઉત્પત્તિ દેવ ભવમાં તરતમતાએ થાય છે. અધ્યવસાયના વિશેષથી એક મોટી ઋદ્ધિવાળો થાય તો બીજો અલ્પઋદ્ધિવાળો થાય,

**નર તિરિ અસંખ જીવી, સવ્વે નિયમેણ જંતિદેવેસુ**
**નિય આઉય સમ હીણા–ઉએસુ ઇસાણ અંતેસુ ૧૪૮**

(યુગલીક) અંસંખ્યાત વર્ષના આયુષ્યવાળા સર્વે મનુષ્ય તિર્યંચો પોતાના સરખા આયુષ્ય કે ઓછા આયુષ્યવાળા ઈશાન સુધીના દેવોમાં ઉત્પન્ન થાય છે પક્ષી તથા અંતર્દ્વીપના મનુષ્યો કે જેઓનું આયુષ્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તેઓ મરીને ભવનપતિ કે વ્યંતરમાંજ ઉત્પન્ન થાય છે. પણ જ્યોતિષિ વગેરેમાં ઉત્પન્ન થતા નથી.

**જંતિ સમુચ્છિમ તિરિયા, ભવણ-વણેસુ ન જોઇમાઇસુ**
**જં તેસિં ઉવવાઓ, પલિયા સંખંસ આઉસુ. ૧૪૯**

સમુર્છીમ તિર્યંચો ભવનપતિ અને વ્યંતરમાં ઉત્પન્ન થાય છે. પણ જ્યોતિષી આદિમાં ઉત્પન્ન થતા નથી કારણ કે તેઓની ઉત્પત્તિ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગના આયુષ્ય--વાળામાં જ થાય છે.

**બાલતવે પડિબદ્ધા, ઉક્કડરોસા તવેણ ગારવિયા.**
**વેરેણ ય પડિબદ્ધા, મરિઊં અસુરેસુ જાયંતિ. ૧૫૦**

અજ્ઞાનતપમાં આશક્ત ઉત્કૃષ્ટ રોષવાળા તપે કરીને અહંકાર કરનારા વૈર લેવામા આશક્ત જીવો મરીને અસુર કુમારાદિમાં ઉત્પન્ન થાય છે.

**રજ્જુગહ વિસ ભક્ખણ,**
**જલ જલણ પવેસ તણ્હ છુહ દુહઓ,**
**ગિરિસિર પડણાઉમુઆ, સુહભાવા હુંતિવંતરિયા૧૫૧**

દોરડાનો ફાંસો ખાવાથી વિષ ભક્ષણથી પાણી અને અગ્નિમાં

પ્રવેશ કરવાથી તરસ અને ભૂખથી વિરહાગ્નિ દુઃખથી પર્વ-તના શિખર પરથી પડવાથી મંદ શુભ ભાવથી મરીને શુલ પાણી યક્ષની જેમ વ્યંતર થાય છે.

**તાવસ જા જોઇસિયા, ચરગ પરિવ્વાય બંભલોગોજા,**
**જા સહસ્સારો પંચિદિ, તિરિય જા અચ્ચુઓ સઢા૧૫૨**

ઉત્કૃષ્ટથી તાપસો જ્યોતિષી સુધી ચરકપરિવ્રાજક બ્રહ્મ દેવલોક સુધી પંચેન્દ્રિય તિર્યંચ સહસ્રાર સુધી અને શ્રાવકો તથા આજીવિક મિથ્યાદૃષ્ટિ અચ્યુત સુધી ઉત્પન્ન થાય છે.

**જઇ લિગ મિચ્છ દિટ્ઠી, ગેવિજ્જા જાવ જંતિ ઉક્કોસં**
**પયમવિ અસદહંતો, સુત્તત્થં, મિચ્છદિટ્ઠીઓ. ૧૫૩**

યતિના વેશવાળો મિથ્યા દૃષ્ટિ ઉત્કૃષ્ટથી ગૈવયક સુધી ઉત્પન્ન થાય છે. સૂત્ર અને અર્થ સંબંધી એક પદની પણ અશ્રદ્ધા કરનારો દેશથી મિથ્યાદૃષ્ટિ છે. સર્વની અશ્રદ્ધા કરનારો સર્વથી મિથ્યાદૃષ્ટિ છે.

**સુત્તં ગણહર રઇયં, તહેવ પત્તેય બુદ્ધ રઇયં ચ,**
**સુય–કેવલિણારઇયં, અભિન્નદસ પુવ્વિણારઇયં ૧૫૪**

ગણધરનું રચેલું પ્રત્યેક બુદ્ધ, શ્રુતકેવલી અને સંપૂર્ણ દશપુર્વીનું રચેલું તે સૂત્ર કહેવાય છે

**છઉમત્થ સંજયાણં, ઉવવા ઉક્કોસઓ અ સવ્વટ્ઠે,**
**તેસિં સઢાણં પિય, જહન્નઓ હોઇ સોહમ્મે. ૧૫૫**

છદ્મસ્થ સાધુઓની ઉત્પત્તિ ઉત્કૃષ્ટથી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં હોય છે. અને તેઓ તથા શ્રાવકોની પણ જઘન્યથી ઉત્પત્તિ સૌધર્મ દેવલોકે હોય છે. સાધુઓ પલ્યોપમ પૃથકત્વ

આયુષ્યે અને શ્રાવકો પલ્યોપમના આયુષ્યે ઉત્પનન થાય છે.

**લંતંમિ ચઉદ પુવ્વિસ્સ, તવિસાઇણ વંતરેસું તહા,**
**એસિ ઉવવાય વિહિ, નિય કિરિય ઠિયાણ સવ્વોવિ૧૫૬**

ચૌદ પૂર્વિની જઘન્યથી ઉત્પત્તિ લાંતકમાં અનેતા પસોની ભવનપતિ કે વ્યંતરમાં હોય છે એઓની સર્વ પણ ઉંપજવાની વિધી પોતપોતાની ક્રિયામાં સ્થિત–રક્તથએલાઓની જાણવી ચૌદ પૂર્વી પ્રમાદથી નિગોદમાં પણ જાય તે ભણેલું ભુલી જનારા જાણવા.

**વજ્જરિસહ નારાયં, પઢમં બીય ચ રિસહ નારાયં,**
**નારાય મદ્ધ નારાય, કીલિયા તહ ય છેવટં, ૧૫૭**
**એએ છ સંઘયણા, રિસહો પટ્ટો ય કીલીયા વજ્જં,**
**ઊભઓ મક્કડ બંધો, નારાઓ હોઈ વિન્નેઓ ૧૫૮**

પહેલું સંઘયણ પાટો ખીલો અને બન્ને બાજુ મર્કટબંધ જેવું જાણવું બીજું ખીલા વગરનું ત્રીજું પાટા વગરનું ચોથું એક બાજુ મર્કટબંધ બીજી બાજુ ખીલી પાંચમું બન્ને હાડકાં વચ્ચે ખીલી અને છઠું અડીને રહેલું જાણવું.

**છ ગબ્ભતિરિ નરાણં, સમુચ્છિમ પણિંદિ વિગલ છેવટ્ઠ**
**સુર નેરઈયા એગિદિયા ય સવ્વે અસંઘયણા ૧૫૯**

ગર્ભજ તિર્યંચ અને મનુષ્યોને છએ સંઘયણ હોય છે. સમુંર્છિમ તિર્યંચ મનુષ્ય તથા વિગલેન્દ્રિને છેવડું સંઘયણ હાય છે. સર્વે દેવ નારકી અને એકેન્દ્રિય સંઘયણ રહિત હોય છે. કમ્મપયડીમાં સમુર્છીમ તિર્યંચને છએ સંઘયણ કહ્યાં છે તે શક્તિ વિશેષ જાણવું પણ હાડકાં રૂપ નહિ.

**છેવટ્ઠેણ ઉ ગમ્મઈ, ચઉરો જા કપ્પ કીલિયાઇસુ,**
**ચઉસુ દુ દુ કપ્પ વુડ્ઢી, પઢમેણં જાવ સિદ્ધિવિ૧૬૦**

છેવટ્ઠા સંઘયણવડે ચાર દેવલોક સુધી, કીલીકા વડે, છ દેવલોક સુધી, અર્ધ નારાચ વડે, આઠ સુધી,નારાચવડે, દશ સુધી ઋષભનારાચે, બાર સુધી, ને વજરઋષભ નારાચે પાંચ અનુત્તર યાવત્ મોક્ષ સુધી શુંભ અધ્વવસાએ જાય, તિર્યંચો માટે આ નિયમ લાગુ પડતો નથી તેમાં તો અસંજ્ઞી પંચેન્દ્રિય ભવનપતિ વ્યંતરમાં અને ગરૂ પક્ષી ગર્ભજ આઠમાં દેવલોક સુધી જ જાય.

**સમચઉરંસે નગ્ગોહ, સાઇ વામણ ય ખુજ્જ હુંડેય,**
**જીવાણ છસંઠાણા, સવ્વત્થ સુલકખણં પઢમં ૧૬૧**

**નાહીએ ઉવરિ બીયં,**
**તઇય મહોપિટ્ઠિ ઊયર ઉર વજ્જં,**
**સિર ગીવ પાણિ પાએ,**
**સુલકખણં તં ચઊત્થં તું. ૧૬૨**

**વિવરીયં પંચમગં, સવ્વત્થ અલકખણં ભવે છટ્ઠં,**
**ગબ્ભય નર તિરિય છહા, સુરા સમા હુંડયા સેસા ૧૬૩**

શરીરની આકૃતિતે સંસ્થાન છ પ્રકારે છે. સર્વ ઠેકાણે સારા લક્ષણવાળું સમચતુસ્ર છે. નાભિની ઉપર સારૂં તે ન્યગ્રોધ, નાભિની નીચે સારૂં તે સાદિ મસ્તક ડોક હાથપગ સારા પણ પેટ છાતી પીઠ ખરાબતે વામન. પીઠપેટ છાતી સારા પણ મસ્તક હાથ પગ ખરાબ તે કુબ્જ. અને સંર્વ અશુભ તે હુંડક સંસ્થાન છે. ગર્ભજ મનુષ્ય તિર્યંચ અને છએ

સંસ્થાન હોય છે. દેવોને સમચતુસ્રને બાકીના નારકી તથા અસંજ્ઞી સર્વ જીવોને હુંડક સંસ્થાન હોય છે.

પૃથ્વીકાયનું મસુરની દાળ કે ચંદ્રમા જેવું અપકાયનું પરપોટા જેવું તેઉકાયનું સોયના અગ્ર ભાગ જેવું વાઉકાયનું ધજા જેવું અને વનસ્પતિકાયનું જુદા જુદા આકારનું સંસ્થાન હોય છે. વાઉકાય વૈક્રિય શરીર કરે તો પણ ધજા સરખું કરે. કર્મપ્રકૃતિમાં અસંજ્ઞી તિર્યંચને છએ સંસ્થાન કહ્યા છે. તિર્યંચ મનુષ્ય અને બાર દેવલોક સુધીના દેવો ઉત્તર વૈક્રિય શરીર જુદી જુદી રીતે કરે છે નારકીનું મુળ તથા ઉત્તર વૈક્રિય શરીર હુંડક સંસ્થાને જ કરે દેવોને મનુષ્યો લાખ યોજન પ્રમાણ ઉત્તર વૈક્રિય કરી શકે, તિર્યંચો નવસો યોજન સુધી કરી શકે. નારકી પોતાવા શરીરથી બમણું કરે. વાઉકાય પણ અનેક પ્રકારનું કરે.

**જંતિ સુરા સંખાઉ ય,**

**ગબ્ભય પજ્જત્ત મણુય તિરિએસુ,**

**પજ્જત્તોસુ ય બાયર, ભૂદગ પત્તોયગ વણેસુ, ૧૬૪**

**તત્થવિ સણંકુમાર પભિઇ એગિંદિએસુ નો જંતિ,**

**આણય પમુહા ચવિઉ, મણુએસુ એવ ગચ્છિન્તિ૧૬૫**

સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા ગર્ભજ પર્યાપ્તા મનુષ્ય અને તિર્યંચોમાં તથા પર્યાપ્ત બાદર પૃથ્વીકાય અપકાય ને વનસ્પતિકાયમાં ઇસાન સુધીના દેવો ઉપજે છે. તેમાં પણ સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો એકેન્દ્રિયમાં ઉપજતા નથી આનત વિગેરે દેવો મનુષ્યમાંથી આવી મનુષ્યમાં જ ઉપજે છે.

**દો કપ્પ કાયસેવી, દો દો દો ફરિસ રૂવ સદ્દેહિં,**

**ચઉરો મણેણુ વરિમા, અપ્પ વિયારા અણંતસુહા૧૬૬**

બે દેવલોક સુધીના દેવો કાયાવડે મૈથુન સેવનારા છે. તે પછીના બે દેવલોકવાળા સ્પર્શ સેવી છે. તે પછીના બે રૂપ સેવી ને બે શબ્દસેવી છે. પછીના ચાર દેવલોકનાં દેવો મનસેવી છે. તેથી ઉપરના અલ્પવિકારી ને અનંત સુખવાળા હોય છે. દેવના વૈક્રિય પુદ્ગલોથી ગર્ભ ઉપજે નહિ પણ ચક્રવર્તિના વૈક્રિય પુદ્ગલોથી ગર્ભ ઉપજે કારણ કે તેનું મૂળ શરીર ઔદારિક હોવાથી વૈક્રિય શુક પુદ્ગલોને ઔદારિકપણે પરિણમાવે છે. ઉપર ઉપરના દેવોને અનંત સુખ જાણવું ગ્રૈવેયકાદિ દેવો અવિરતિના ઉદયથી ચારિત્રના પરિણામનો અભાવ હોવાથી બ્રહ્મચારી ન કહેવાય. શક્રાદિ દેવો સુધર્મા સભામાં માણવક ચૈત્યના ડાબડામાં રહેલ જિનેશ્વર ભગવાનની દાઢાની આશાતનાના ભયથી ત્યાં દેવીની સાથે સંભોગ ન કરે. વળી સૌધર્મ અને ઈશાન દેવલોકનાં વિમાનોની તકરારને લીધે પરસ્પર શસ્ત્ર વડે લડાઈ થવાથી ઈન્દ્રાદિના શરીરે લાગેલા ઘા વગેરેની પીડા પણ એ દાઢાના ન્હવણનું જળ છાંટવાથી શાન્ત થાય છે અને ક્રોધ પણ શાન્ત થાય છે.

**જં કામસુહં લોએ, જં ચ દિવ્વં મહાસુહં,**
**વીયરાય-સુહસ્સ ય, ણંતભાગં પિ નગ્ઘઈ. ૧૬૭**

લોકોને વિષે જે કામ સુખ છે અને જે દેવ સંબંધી મહા સુખ છે. તે સુખ વીતરાગના સુખના અનંતમા ભાગે પણ આવતું નથી.

**ઉવવાઓ દેવીણં, કપ્પ દુગં જા પરઓ સહસ્સારા,**
**ગમણાગમણં નત્થી, અચ્ચુય પરઓ સુરાણં પિ.૧૬૮**

દેવીઓની ઉત્પત્તિ બે દેવલોક સુધી જ હોય છે. અને

સહસ્રાર દેવલોક સુધી અપરિગૃહિતા દેવીઓનું ગમનાગમન છે અચ્યુતથી આગળ દેવોનું પણ ગમનાગમન નથી. આનતાદિ દેવોને ભોગ્ય અપરિગૃહીતાને કાયસેવાની વાંછા ઉપજે તો પહેલા બે દેવલોકના દેવો સાથે કાય સેવા કરે. અગર મનુષ્ય સાથે કરે, કદાચિત્ બારમા દેવલોકનો મનસેવી દેવ મનુષ્ય લોકમાં આવી મનુષ્યની સ્ત્રી સાથે કાય સેવા કરે તો તે દેવ મરીને તેજ સ્ત્રીને પેટે ઉપજવાનો હોય ત્યારે જ એવી કુબુદ્ધિ ઉપજે ઉપરના દેવોને અહિં આવવાનું પ્રયોજન નથી. નીચેના દેવોને ઉપર જવાની શક્તિ નથી. ઉપરના દેવોને જિનેશ્વરનાં કલ્યાણકોમાં પણ જવાનું હોતું નથી તેમને કંઈ સંદેશ ઉત્પન્ન થાય તો ત્યાં બેઠા થકાજ તીર્થંકર ભગવાનને મનથી સંદેશો પુછે ને ભગવાન, પણ તેમને મનોવર્ગણાએ ઉત્તર આપે તે ઉત્તરને દેવો અવધિજ્ઞાનથી જાણી પોતાનો સંદેહ દુર કરે.

તિ પલિયતિ સાર તેરસ,
સારા કપ્પ દુગ તઇય લંત અહો,
કિબ્બિસિય ન હુન્તિ ઉવરિં,
અચ્ચુય પરઓભિઓગાઇ ૧૬૯

ત્રણ પલ્યોપમના, ત્રણ સાગરોપમ અને તેર સાગરોપમના આયુષ્યવાળા ત્રણ કિલ્બિશક દેવો છે. તેઓ અનુક્રમે બે દેવલોકની નીચે, ત્રીજા દેવલોકની નીચે અને લાંતક દેવલોકની નીચે ઉપજે છે. ઉપરના દેવલોકે ઉપજતા નથી. અચ્યુતથી આગળ આભિયોગિક દેવો પણ નથી. નવ ગ્રૈવેયકને અનુત્તર-વાસી અહમિન્દ્રો છે. ત્યાં સ્વામી સેવકભાવ નથી તેથી કલ્પાતીત છે. બધા ઈન્દ્રો જેવા છે.

**અપરિગ્ગહ દેવીણં, વિમાણ લક્ખા છ હુંતિ સોહમ્મે**
**પલિયાઇ સમયાહિય ઠિઇ જાસિં જાવ દસ પલિયા૧૭૦**
**તાઓ સણંકુમારા, ણેવં વડઢન્તિ પલિય દસગેહિં,**
**જા બંભસુક્ક આણય, આરણ દેવાણ પન્નાસા.૧૭૧,**

અપરિગૃહિતા દેવીનાં છ લાખ વિમાન સૌધર્મ દેવલોકમાં છે. પલ્યોપમથી માંડીને સમય અધીક દશ પલ્યોપમ સુધી જે દેવીઓની સ્થિતિ છે તે સનત્કુમારને ઉપ ભોગ્ય જાણવી ઉપર દશ દશ પલ્યોપમ વધારતાં અનુક્રમે બ્રહ્મલોકે (૨૦) મહાશુક્ર (૩૦) આનત (૪૦) આરણ્ય (૫૦)ને ઉપભોગ્ય જાણવી તેમાં ઉત્કૃષ્ટ પચાસ પલ્યોપમનું આયુષ્ય છે.

**ઈસાણે ચઉ લક્ખા, સાહિય પલિયાઇ સમયઅહિયઠિઈ**
**જા પન્નર પલિય જાસિ. તાઓ માહિંદ દેવાણં ૧૭૨**
**એએણ કમેણ ભવે, સમયાહિય પલિય દસગ વુડઢીએ**
**લંત સહસ્સાર પાણય, અચ્ચુય દેવાણ પણ પન્ના૧૭૩**

ઇશાન દેવલોકમાં અપરિગૃહિતાના ચાર લાખ વિમાન છે અધિક પલ્યોપમથી સમયાધિક પંદર પલ્યોપમ સુધીની દેવીઓ માહેન્દ્ર દેવોને ઉપ ભોગ્ય છે તે ઉપર દશ દશ પલ્યોપમ વધારતાં અનુક્રમે (૨૫) લાંતક (૩૫) સહસ્રાર (૪૫) પ્રાણુત અને (૫૫) અચ્યુતને ઉપભોગ્યમાં આવે છે.તેમાં ઉત્કૃષ્ટ પંચાવન પાલ્યોપમનું આયુષ્ય છે.

**કિણ્હા નીલા કાઉ, તેઉ પમ્હા ય સુક્ક લેસ્સાઓ,**
**ભવણ વણ પઢમ ચઉ લેસ, જોઇસ કપ્પ દુગે તેઉ૧૭૪**
**કપ્પ તિય પમ્હ લેસા, લંતાઈસુસુક્કલેસ હુન્તિસુરા,**
**કણગાભ પઉમ કેસર,**
**વન્ના, દુસુ તિસુ ઉવાર ધવલા. ૧૭૫**

કૃષ્ણ નીલ કપોત તેજો પદ્મ ને શુકલ એ છ લેશ્યા છે તેમાં પ્રથમની ચાર ભવનપતિને વ્યંતરને હોય છે. જ્યોતિષી અને બે દેવલોકમાં તેજો લેશ્યા છે. પછીના ત્રણે દેવ લોકમાં પદ્મ લેશ્યા છે. અને છઠ્ઠાથી માંડી ઉપરમાં શુકલ લેશ્યાજ છે. બે દેવલોકનો વર્ણ સુવર્ણ જેવો રાતો છે. ત્રણ દેવલોકના દેવો પદ્મની કેસરા જેવા ગૌર વર્ણવાળા છે. અને ઉપરના બધા દેવો ધોળાશ્વેત વર્ણના છે.

આત્માના શુભાશુભ પરિણામ તે ભાવ લેશ્યા છે તેનું કારણ કાળાં લીલાં પુદ્ગલોતે દ્રવ્ય લેશ્યા છે. પરમાધામીને કૃષ્ણ લેશ્યાજ હોય ભવનપતિથી માંડીને ગ્રૈવયક સુધીના દેવોને ભાવથી છએ હોય અનુંત્તરના દેવો ભાવથી શુકલ લેશ્યાવાળા અને પ્રાય:વિશુદ્ધ દ્રવ્ય લેશ્યાવાળા હોય છે.

**દસવાસ સહસ્સાઈ, જહન્ન–માઉં ધરંતિ જે દેવા,**
**તેસિ ચઉત્થાહારો, સત્તહિં થોવેહિં ઊસાસો.૧૭૬**

દશ હજાર વર્ષના આયુષ્યવાળા ભવનપતિ વ્યંતરને એક અહોરાત્રીને અંતરે આહારની ઇચ્છા ઉપજે જેથી સર્વ ઇન્દ્રિયોને આલ્હાદકારી મનોજ્ઞ પુદ્ગલે કરી તે દેવતૃપ્તિ પામે ને સાત સ્તોક ગએ છતે શ્વાસ લે છે.

**આહિ વાહિ વિમુક્કસ્સ, નીસાસૂસ્સાસ એગગો,**
**પાણુ સત્ત ઇમો થોવો, સોવિ સત્ત ગુણો લવો.૧૭૭**

**લવં સત્તહત્તરીએ, હોઈ મુહુત્તો ઇમંમિ ઊસાસા,**
**સગત્તીસ સય તિહુત્તર, તીસ ગુણા તે અહોરત્તો, ૧૭૮**

**લક્ખં તેરસ સહસા, નઉયસયં અયર સંખયા દેવે**
**પક્ખેહિં ઊસાસે, વાસ સહસ્સેહિં આહારો. ૧૭૯**

આધિ વ્યાધિ રહિત એક મનુષ્યનો શ્વાસોચ્છવાસ તે પ્રાણ કહેવાય. સાત પ્રાણનો એક સ્તોક, સાત સ્તોકનો લવ. સીતોતેર લવનો, મુહુર્ત એક મુહુર્તમાં, ૩૭૭૩ શ્વાસોચ્છવાસ થાય, એક અહોરાત્રીમાં ૧૧૩૧૯૦ શ્વાસોચ્છવાસ થાય, સાગરોપમની સંખ્યાવાળાને પખવાડીએ શ્વાસોચ્છવાસને એક હજાર વર્ષે આહારની ઇચ્છા થાય તેત્રીસ સાગરોપમવાળાને તેત્રીસ પખવાડીએ શ્વાસોચ્છવાસને તેત્રીસ હજાર વર્ષે આહારની ઇચ્છા થાય.

વિજયશીલચંદ્રસૂરિ ગ્રંથ સંગ્ર

**દસવાસ સહસ્સુવરિં, સમયાઇ જાવ સાગરં ઊણં,**
**દિવસ-મુહુત્ત-પુહુત્તા, આહારૂસાસ સેસાણં, ૧૮૦**

દશ હજાર વર્ષની ઉપર સમયાદિકથી માંડીને કંઈક ઓછા સાગરોપમ સુધીના દેવોને દિવસ પૃથકત્વ આહાર અને મુહુર્ત પૃથકત્વ શ્વાસોશ્વાસ થાય છે.

**સરીરેણોયાહારો, તયાઇ ફાસેણ લોમ આહારો,**
**પક્ખેવાહારો પુણ, કાવલિઓ હોઇ નાયવ્વો. ૧૮૧**

તૈજસકાર્મણ શરીરવડે જે આહાર લેવાય તે ઓજાહાર સ્પર્શેન્દ્રિયના સ્પર્શ વડે જે આહાર લેવાય તે લોમાહાર, કોળીયા લેવાથી પ્રક્ષેપાહાર કહેવાય.

**ઓયાહારા સવ્વે, અપજત્ત પજત્ત લોમ આહારો,**
**સુર [illegible] સપક્ખેવા. ૧૮૨**

શ્રી વિ. [illegible] શાસન સમ્રાટ ભવન

સર્વે અપર્યાપ્તા જીવો ઓજાહારી છે. પ્રર્યાપ્તા જીવો લોમાહારી છે. અને દેવ નારકને એકેન્દ્રિય વિના બાકીના સંસારી જીવો પ્રક્ષેપાહારી છે. તે જીવો અસંખ્યાત પ્રદેશમાં રહેલાં અનંત પરમાણુવાળાં અશુભ વર્ણાદિવાળા, છએ દિશાઓમાંથી પોતાના આત્મપ્રદેશની લગોલગ રહેલાં પુદગલોના અસંખ્યાતમા ભાગનો કોળીયા વડે આહાર કરે છે અને તેના અનંતમા ભાગનો આસ્વાદ લે છે દેવોને શુભ પુદ્ગલો આલ્હાદપણે પરિણમે છે. નારકીને અશુભ પુદ્ગલો અશુભપણે પરિણમે છે. દેવ નારકે કરેલ આહારને અનુત્તરવાસી જાણે છે ને દેખે છે પણ ગ્રૈવેયકાદિ દેવો દેખતા કે જાણતા નથી.

**સચિત્તા–ચિત્તો–ભય રૂવો આહાર સવ્વ તિરિયાણં,**
**સવ્વ–નરાણંચ તહા, સુર નેરઇયાણ અચ્ચિત્તો.૧૮૩**

સર્વ તિર્યંચ અને મનુષ્યોને સચિત્ત અચિત્તને મિશ્ર આહાર હોય છે તથા દેવ નારકીઓને અચિત આહાર હોય છે.

**આભોગા–ણાભોગા, સવ્વેસિં હોઈ લોમ આહારો,**
**નિરયાણં અમણુન્નો, પરિણમઇ સુરાણ સમણુન્નો.૧૮૪**

સર્વ અપર્યાપ્તાને એકેન્દ્રિયજીવોને અજાણતાં આહાર પરિણમે છે તથા પર્યાપ્તાજીવોને જાણતાં અને અજાણતાં લોમાહાર હોય છે નારકીઓને અમનોજ્ઞ (અતૃપ્ત) અને દેવોને સમનોજ્ઞપણે પરિણમે છે.

**તહ વિગલ નારયાણં, અંતમુહુતાસ હોઈ ઉક્કોસો,**
**પંચિંદિ તિરિ નરાણં, સાહાવિઅછટ્ઠ અટ્ઠમઓ,૧૮૫**

વિગલેન્દ્રિ અને નારકીઓને તે આહાર ઉત્કૃષ્ટથી અંત

મુહુર્ત પછી હોય છે તથા યુગલિક તિર્યંચ મનુષ્યને અનુ-
ક્રમે સ્વાભાવીક છટ્ઠ ને અટ્ઠમ પછી હોય છે. તપની ઇચ્છા
વાળાને ઋષભદેવના સમયે વર્ષની અને મહાવીરના સમયે
છ માસની મુદતે ઇચ્છા થાય છે. નારકીઓને નિરંતર
શ્વાસોશ્વાસ હોય છે બાકીનાને અનિયત છે.

**વિગ્ગહ ગઈ-માવન્ના, કેવલિણો સમુહયા અજોગીય,**
**સિદ્ધા ય અણાહારા, સેસા આહારગા જીવા. ૧૮૬**

વિગ્રહ ગતિને પામેલા, કેવળી સમુદ્‌ઘાતવાળા, અયોગી
ગુણ ઠાણાવાળા અને સિદ્ધના જીવો અણાહારી છે. બાકીના
બધા જીવો આહારી છે.

**કેસટ્ઠિ મંસ નહ રોમ, રુહિર વસ ચમ્મ મુત્તપુરિસેહિ**
**રહિયા નિમ્મલ દેહા, સુગંધ નીસાસ ગય લેવા.૧૮૭**

કેશ, હાડકાં, માંસ, નખ, રોમ, લોહી, ચરબી, ચામડી
મુત્ર અને વિષ્ઠાથી રહિત નિર્મળ દેહવાળા સુગંધી શ્વાસો-
શ્વાસ વાળા તથા રજ અને પરસેવાદિ લેપ રહિત દેવો હોય
છે. કેશાદિ ઉત્તર વૈક્રિયમાં બનાવે છે.

**અંતમુહુત્તેણં ચિય,પજ્જત્તા તરુણ પુરિસ સંકાસા,**
**સવ્વંગ ભૂસણધરા, અજરા નિરુયા સમા દેવા.૧૮૮**

અંતમુહુર્ત વડે નિશ્ચે પર્યાપ્તા તરૂણ પુરૂષ સરખા સર્વ
અંગને વિષે આભુષણ ધરનારા ઘડપણ રહિત રોગ રહિત
અને સમચતુસ્ત્ર સંસ્થાનવાળા દેવો હોય છે બાર દેવલોકના
દેવોમાં પાંચ સભાઓ હોય છે.

(૧) ઉપપાત સભામાં—દેવ દુષ્યવડે ઢંકાએલી શય્યામાં

દેવો ઉપજે છે. (૨) અભિષેક સભામાં સ્નાન કરે. (૩) અલંકાર સભામાં આભુષણ પહેરે. (૪) વ્યવસાય સભામાં ધાર્મિક પુસ્તકો વાંચે ઉત્પત્તિ વખતે કોઈક ઈન્દ્ર મિથ્યાદૃષ્ટિ હોય પરંતુ વ્યવસાય સભામાં પુસ્તક વાંચવાનો આચાર હોવાથી તે ઈન્દ્ર અવશ્ય ત્યાં સમક્તિ પામે જ (તામલીતાપસ ઈશાનેન્દ્ર થઈને સમક્તિ પામ્યા છે). (૫) સુધર્મા સભામાં સિદ્ધાયતનને વિષે જિનબિંબને પૂજે.

**અણિમિસનયણા મણ, કજ્જ સાહણા પુપ્ફ દામ અમિલાણા,**
**ચઉરંગુલેણ ભૂમિ ન છિવન્તિ સુરા જિણાબિંતિ. ૧૮૯**

નિમેષ રહિત નેત્રવાળા. (આંખ ઉઘાડમિચ કરે નહિ) મને કરી કાર્યને સાધનાર ફુલની માળા કરમાય નહિ, એવા દેવો ભૂમિથી ચાર આંગળ ઉપર ચાલે છે. એમ જિનેશ્વરો કહે છે. (પડછાયો પડે નહિ).

**પંચસુ જિણકલ્લાણેસુ, ચેવ મહરિસિ તવાણુભાવાઓ**
**જમ્મંતરનેહેણ ય, આગચ્છન્તિ સુરા ઈહિયં. ૧૯૦**

જિનેશ્વરના પાંચ કલ્યાણકોને વિષે મોટા રૂષિના તપના પ્રભાવથી જન્માંતરના સ્નેહથી અને દ્વેષથી દેવતાઓ અહિં મનુષ્ય ક્ષેત્રમાં નિશ્ચે આવે છે.

**સંકંત દિવ્વ-પેમા, વિસય-પસત્તા સમત્ત-કત્તવ્વા**
**અણહીણ માણુય કજ્જા,**
**નરભવ-મસુહં ન ઈંતિસુરા. ૧૯૧**

દેવ અને દેવીના પરસ્પર દિવ્ય પ્રેમો મળે. પાંચે ઈન્દ્રિ-

યોના તેવીસ વિષયોમાં આશક્ત દેવ સંબંધી કાર્ય જેમણે સમાપ્ત કર્યું નથી. અને મનુષ્ય સંબંધી જેમાં કંઇ કામ કરવાનું બાકી નથી. એવા દેવો અશુભ ગંધવાળા મનુષ્ય લોકમાં આવતા નથી. (ભજન, નાટક પ્રેક્ષણક, વનવિહાર વગેરે દેવ સંબંધી કાર્યો છે.)

**ચત્તારિ પંચ જોયણ,સયાઇં ગંધો ય મણુય લોગસ્સ, ઉડ્ઢં વચ્ચઈ જેણં, ન હુ દેવા તેણ આવન્તિ ૧૯૨**

જે કારણથી મનુષ્ય લોકની ગંધ ચારસો અથવા પાંચસો યોજન ઉંચે જાય છે તે કારણથી નિશ્ચે દેવો મનુષ્યલોકમાં આવતા નથી. દુર્ગંધ નવ યોજન સુધી મૂળમાં પુદ્ગલોની જાય છે. તે ઉપરના પુદ્ગલોને અડવાથી પરંપરાએ ચારસો યોજન સુધી યુગલીક કાળમાં ઉછળે છે ચોથા પાંચમાં અને છઠ્ઠા આરામાં ધાન્યનો આહાર હોવાથી પાંચસો યોજન ઉછળે છે. મૃત કલેવર ઘણાં હોય તો પાંચસો અને ઓછાં હોય તો ચારસો યોજન સુધી દુર્ગંધ ઉછળે છે.

**દોકપ્પ પઢમ પુઢવિં. દો દો દો બીય તઇયગં ચઉત્થિ ચઉ ઉવરિમ ઓહીએ, પાસન્તિ પંચમં પુઢવિ. ૧૯૩**

બે દેવલોકના દેવો પહેલી પૃથ્વી સુધી જુવે પછીના બે દેવલોકના દેવો બીજી નરક પૃથ્વી સુધી જુવે પછીના બે દેવલોકના દેવો ત્રીજી નરક ભૂમિ સુધી જુવે પછીના બે દેવલોકના દેવો ચોથી નરક સુધી જુવે, ઉપરના ચાર દેવલોકના દેવો પાંચમી નરકભૂમિ સુધી અવધિ જ્ઞાનથી દેખે છે.

**છટ્ઠિં છ ગેવિજ્જા, સત્તમીમીયરે અણુત્તર સુરા ઉ, કિંચૂણ લોગનાલિં, અસંખ દીવુદહિ તિરિયં તુ ૧૯૪**

છ ગ્રવેયકના દેવો છઠ્ઠી નરક પૃથ્વી સુધી દેખે બાકીની ત્રણ ગ્રવેયકના દેવો સાતમી નરકપૃથ્વી સુધી દેખે. અનુત્તર વિમાનના દેવો કંઈક ઓછી ત્રસ નાડીને દેખે છે તીછું અસંખ્યાતા દ્વીપ સમુદ્રોને દેખે છે, વૈમાનિક દેવો ઉંચે પોતાના વિમાનની ચુલીકાની ધજા સુખી દેખે છે. જઘન્યથી અવધિજ્ઞાનની ઉત્પત્તિ વખતે અંગુલનો અસંખ્યાતમો ભાગ વૈમાનિક દેવો જે પૂર્વના મનુષ્ય અને તિર્યંચના ભવમાંથી અવધિજ્ઞાન સહિત અવતરે તેને હોય છે. તે પછી દેવભવ સંબંધી અવધિજ્ઞાન થાય છે.

**બહુઅરગં ઉવરિમગા,ઉડ્ઢં સવિમાણ ચૂલિય ધયાઇ,**
**ઊણદ્ધ સાગરે સંખ જોયણા તપ્પર-મસંખા. ૧૯૫**

ઉપરના દેવો તિર્છું ઘણું દેખે ઉંચે પોતના વિમાનની ચુલીકાની ધજા સુધી જુવે અર્ધ સાગરોપમથી ઓછા આયુષ્ય વાળા દેવો સંખ્યાતા યોજન દેખે અને તેથી વધુ આયુષ્યવાળા અસંખ્યાત યોજન દેખે જઘન્યથી ભવનપતિ અને વ્યંતર દશ હજાર વર્ષના આયુષ્યવાળા પચીસ યોજન સુધી દેખે નવનિકાયના દેવો અને વ્યંતરો ઉત્કૃષ્ટથી સંખ્યાતા યોજન સુધી દેખે જ્યોતિષિ જઘન્ય અને ઉત્કૃષ્ટથી સખ્યાતા યોજન સુધી દેખે. પણું અસુર કુમારનું આયુષ્ય સાગરોપમનું હોવાથી અસંખ્યાતા યોજન સુધી દેખી શકે છે.

**પણવીસ જોયણ લહુ, નારય ભવણ વણ જોઇ કપ્પાણં**
**ગેવિજ્જ-ણુત્તરાણ ય,જહસંખં ઓહિ આગારા. ૧૯૬**

**તપ્પાગારે પલ્લગ, પડહગ જલ્લરિ મુહંગ પુપ્ફ જવે**
**તિરિય મણુએસુ ઓહિ,**
**નાણાવિહ સંઠિઓ ભણિઓ. ૧૯૭**

ભવનપતિને વ્યંતર જઘન્યથી પચીસ યોજન સુધી દેખે નારકીનું અવધિજ્ઞાન ત્રાપાના આકારે હોય છે. ભવનપતિનું પાલાના આકારે ઉપર સાંકડું ને નીચે પહોળુ હોય છે. વ્યતરનું ઢોલના આકારે જ્યોતિષીનું ઝાલરના આકારે બાર દેવલોકનું મૃદંગના આકારે ગ્રેવેયકનું પુષ્પ ભરેલી છાબડીના આકારે અને અનુત્તરનું ગળેથી પહેરાતા બુરખા જેવું હોય છે. ત્રાપો લાંબો ને ત્રિખુણ હોય છે, ધાન્ય ભરવાનો પાલો ઉપર સાંકડો ને નીચે પહોળો હોય છે, ઢોલ ઉપર નીચે સરખો લાંબો ને ગોળ હોય છે. ઝાલર, ચામડાથી મઢેલી વીસ્તીર્ણ વલયાકારે હોય છે, મૃદંગ નીચે વિસ્તારવાળું ઉપર કંઈક પાતળું ગોળાકારે હોય છે. ચંગેરી પુષ્પ ભરેલી છાબડીના આકારે હોય છે અને ગલકંચુક ગળેથી પહેરાતા બુરખો લાંબા ફરાક જેવો હોય છે.

**ઉડ્ઢં ભવણ વણાણં, બહુગો વેમાણિયાણ હો ઓહી**
**નારય જોઇસ તિરિયં,**
**નર તિરિયાણં અણેગવિહો. ૧૯૮**

ભવનપતિ અને વ્યંતરને ઉંચુ અવધિજ્ઞાન વધારે અને વૈમાનીકને નીચું વધારે હોય નારકી અનેજ્યોતિષીને તીર્છું વધારે હોય ઉચું નીચું થોડું હોય મનુષ્ય તિર્યંચને અવધિજ્ઞાન અનેક પ્રકારે હોય કોઇને ઉંચુ કોઈને નીચું અને કોઈને તિર્છું વધારે હોય આ અવધિજ્ઞાનમાંથી જેઓને ક્ષેત્રથી

લોકના સંખ્યાતમા ભાગનું અને કાળથી પલ્યોપમના સંખ્યાતમા ભાગનું હોય છે તે કેવળી ભગવાનના મનોદ્રવ્યને જાણે છે.

## નારકાધિકાર

ઇય દેવાણં ભણિયં, ઠિઇ પમુહં નારયાણ વુચ્છામિ
ઇગ તિન્નિ સત્ત દસ સત્તર,
અયર બાવીસ તિત્તીસા. ૧૯૯

સત્તસુ પુઢવીસુ ઠિઈ, જિટ્ઠો-વરિમાઇ હિટ્ઠપુઢવીએ,
હોઈ કમેણ કણિટ્ઠા, દસવાસ સહસ્સ પઢમાએ.૨૦૦

એ પ્રમાણે દેવોની સ્થિતિ પ્રમુખ નવ દ્વાર કહ્યાં હવે નારકીઓના કહીશું સાતે નરક પૃથ્વીમાં અનુક્રમે એક ત્રણ સાત, દશ, સત્તર, બાવીશ, ને તેત્રીસ ઉત્કૃષ્ટ સાગરોપમની સ્થિતિ છે. ઉપરની ઉત્કૃષ્ટ સ્થિતિ તે નીચેની પૃથ્વીનાં નારકોની જઘન્ય સ્થિતિ જાણવી. પહેલા નરકની પહેલા પ્રત્તરની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષની છે.

નવઇ સમ સહસ લક્ખા,
પુવ્વાણં કોડી અયર દસ ભાગા,
ઈક્કિક્ક ભાગ વુડ્ઢી, જા અયરં તેરસે પયરે. ૨૦૧

ઇઅ જિટ્ઠ જહન્ના પુણ,
દસ વાસ સહસ્સ લક્ખ પયરદુગે,
સેસેસુ ઉવરિ જિટ્ઠા, અહો કણિટ્ઠાઉ પઈ પુઢવિ. ૨૦૨

પહેલી નરકે તેર પ્રત્તર છે. પહેલા પ્રત્તરે જઘન્ય દશ હજાર વર્ષની ઉત્કૃષ્ટ નેવું હજાર વર્ષની સ્થિતિ છે. બીજા પ્રત્તરે જઘન્ય દશ લાખ વર્ષે અને ઉત્કૃષ્ટ નેવું લાખ વર્ષ સ્થિતિ છે. ત્રીજા પ્રત્તરે જઘન્ય નેવું લાખ વર્ષ અને ઉત્કૃષ્ટ પૂર્વ ક્રોડ વર્ષની સ્થિતિ છે. ચોથા પ્રત્તરે જઘન્ય પૂર્વક્રોડ વર્ષ અને ઉત્કૃષ્ટ એક સાગરોપમનો દશમો ભાગ સ્થિતિ છે. પાંચમાં પ્રત્તરે જઘન્ય સાગરોપમનો દશમો ભાગ ને ઉત્કૃષ્ટ સાગરોપમના બે દશીઆ ભાગ છે નીચેના પ્રત્તરનું જે જઘન્ય તે ઉપરના પ્રત્તરનું ઉત્કૃષ્ટ જાણવું એટલે તેરમું પ્રત્તર સૌથી નીચે આવે ત્યાં ઉત્કૃષ્ટ એક સાગરોપમ ને જઘન્ય સાગરોપમના નવ દશીઆ ભાગ થાય. છઠ્ઠા પ્રત્તરે જઘન્ય બે દશીઆ ભાગ, સાતમા પ્રતરે જઘન્ય ત્રણ દશીઆ ભાગ, આઠમાપ્રતરે જઘન્ય ચાર દશીઆ ભાગ નવમા પ્રતરે જઘન્ય પાંચ દશીઆ ભાગ અટલે અર્ધ સાગરોપમ થાય, દશમા પ્રતરે જઘન્ય છ દશીઆ ભાગ, અગ્યારમા પ્રતરે જઘન્ય સાત દશીઆ ભાગ બારમા પ્રતરે જઘન્ય આઠ દશીઆ ભાગ ને તેરમા પ્રતરે જઘન્ય નવ દશીઆ ભાગ આવે ઉત્કૃષ્ટ એક સાગરોપમ થાય. બીજા પ્રતરે જઘન્ય દશ લાખ વર્ષ કહયું તો નવ લાખ વર્ષવાળા યાવત્ એકાણું હજાર વર્ષવાળા કયાં ઉત્પન્ન થાય. તે પ્રશ્ન ઉભો રહે છે. તેથી બીજા પ્રતરે જઘન્ય નેવું હજાર માનીએ તો પ્રશ્ન રહે નહિ તત્વ કેવળી ગમ્ય. નેવું હજાર સમયાધિક વર્ષથી માંડી દશ લાખમાં સમય ન્યૂન વર્ષનું આયુષ્ય બંધાય જ નહિ તેમ માનવું ઠીક લાગતું નથી, છતાં આ બાબતમાં કોઈ વિશેષ જાણકાર હોય તો શંકાનું નિવારણ થાય.

ઉવરિ ખિઈ ઠિઈ વિસેસો,
સગ પયર વિહ-તુ ઇચ્છ સંગુણિઓ.
ઊવરિમ ખિઈ ઠિઇ સહિઓ,
ઇચ્છિય પયરંમિ ઊક્કોસા. ૨૦૩

ઉપરની પૃથ્વીની સ્થિતિનો વિશ્લેષ કરી પોતાના પ્રતરની સાથે ભાગીને ઇચ્છેલા પ્રતરની સાથે ગુણીને ઉપરની પૃથ્વીની સ્થિતિ સહિત કરતાં ઇચ્છીત પ્રતરને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિ ચાવે તેનું કોષ્ટક નીચે મુજબ જાણવું.

બીજી નારકીમાં ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમ છે અને જઘન્ય એક સાગરોપમ છે. તે બાદ કરતાં બે સાગરોપમને અગ્યાર પ્રતરે ભાગતાં બે અગ્યાર ઉસ સાગરોપમ દરેક પ્રતરે વધતાં પહેલા પ્રતરે ઉત્કૃષ્ટ એક પુર્ણાંક બે અગ્યારાઊસ સા૦ બીજા છ અગ્યારાઊસ ચોથા પ્રતરે એક પુર્ણાંક આંઠ અગ્યારાઊસ પાંચમા પ્રતરે એક પુર્ણાંક દશ અગ્યારાઊંસ છઠ્ઠા પ્રતરે બે પુર્ણાંક એક અગ્યારાઊસ સાતમા પ્રતરે બે પુર્ણાંક ત્રણ અગ્યા-રાઊસ આઠમા પ્રતરે બે પુર્ણાંક પાંચ અગ્યારાઊસ નવમા પ્રતરે બે પુર્ણાંક સાત અગ્યારાઊસ દશમા પ્રતરે બે પુર્ણાંક નવ અગ્યારાઊસ અને અગ્યારમા પ્રતરે ત્રણ સાગરોપમ ઊ૦ સ્થિતિ આવે.

ત્રીજી નરકમાં જઘન્ય ત્રણ ને ઉત્કષ્ટ સાત સાગરોપમ હોવાથી બાદ કરતાં ચાર સાગરોપમ રહે તેને નવ પ્રતરે ભાગતાં પહેલા પ્રતરે ઉત્કૃટ ત્રણ પુર્ણાંક ચાર નવાઉસ સા૦ બીજા પ્રતરે ત્રણ પુણાંક આઠ નવાઉસ ત્રીજા પ્રતરે ચાર

પુર્ણાંક ત્રણ નવાઉસ ચોના પ્રતરે ચાર પુર્ણાંક સાત નવાઉસ પાંચમાં પ્રતરે પાંચ પુર્ણાક બે નવાઉસ છઠ્ઠા પ્રતરે પાચ પુર્ણાંક છ નવાઉસ સાતમા પ્રતરે છ પુર્ણાંક એક નવાઉસ આઠમા પ્રતરે છ પુર્ણાંક પાંચ નવાઉસ અને નવમાં પ્રતરે સાત સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિથાય ચોથી નરકમાં જઘન્ય સાત ને ઉત્કેષ્ટ દશ સાગરોપમ હોવાથી બાદ કરતા ત્રણ રહે તેને સાત પ્રતરે ભાગતાં પહેલે પ્રતરે સાત પુર્ણાંક ત્રણ સતાઉસ સા૦ બીજે પ્રતરે સાત પુર્ણાંક છ સતાઉસ ત્રીજે પ્રતરે આઠ પુર્ણાક બે સતાઉસ ચોથે પ્રતરે આઠ પુર્ણંક પાંચ સતાઉસ પાંચમે પ્રતરે નવ પુર્ણાક એક સનાઉસ છઠ્ઠા પ્રતરે નવ પુર્ણાંક ચાર સતાંઉસ સાતમા પ્રતરે ૧૦ સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિ થાય પાંચમી નરકમાં જઘન્ય દશ ને ઊત્કૃષ્ટ સતર છે તે બાદ કરતા સાત રહે તેને પાંચ પ્રતરે ભાગતાં પહેલા પ્રતરે અગ્યાર પુર્ણાંક બે પંચાઉસ બીજા પ્રતરે બાર પુણાંક ચાર પંચાઊસ ત્રીજા પ્રતરે ચઊદ પુર્ણાંક એક પંચાઊસ ચોથા પ્રતરે પંદર પુર્ણાંક ત્રણ પંચાઊસ ને પાંચમાં પ્રતરે સત્તર સાગરોપમ આવે છઠ્ઠી નરકમાં જઘન્ય સતરને ઉત્કૃષ્ટ બાવીશ છે. તે બાદ કરતાં પાંચ રહે તેને ત્રણ પ્રતરે ભાગતાં પહેલે પ્રતરે અઢાર પુર્ણાંક બે તૃતીયાઊસ બીજે પ્રતરે વીશ પુર્ણાંક એક તૃતીઆઊસ ને ત્રીજે પ્રતરે બાવીસ સાગરોંપમ ઊત્કૃષ્ટ ત્રિથતિ આવે સાનમી નરકે એકજ પ્રતરને પાંચ નરકાવાસા હોવાથી ચાર નરકાવાસામાં જઘન્ય બાવીસને ઊંત્કૃષ્ટ તેવીસ સાગરો-પમનું આયુષ્ય છે પણ વચમાં અપ્રતિષ્ટાન નામે પાંચમા નરકાવાસામા જઘન્ય આયુષ્ય નથી.

**બીજી નારકે**

| પ્રતર | સાગરોપય |
|---|---|
| ૧. | $૧\frac{૨}{૧૧}$ |
| ૨. | $૧\frac{૪}{૧૧}$ |
| ૩. | $૧\frac{૬}{૧૧}$ |
| ૪. | $૧\frac{૮}{૧૧}$ |
| ૫. | $૧\frac{૧૦}{૧૧}$ |
| ૬. | $૨\frac{૧}{૧૧}$ |
| ૭. | $૨\frac{૩}{૧૧}$ |
| ૮. | $૨\frac{૫}{૧૧}$ |
| ૯. | $૨\frac{૭}{૧૧}$ |
| ૧૦. | $૨\frac{૯}{૧૧}$ |
| ૧૧. | ૩ |

**સાતમી નરકે**

જઘન્ય ૨૨ સા૦

ઉત્કૃષ્ટ ૩૩ સા૦

**ત્રીજી નારકે**

| પ્રતરે | સાગરોપય |
|---|---|
| ૧. | $૩\frac{૪}{૯}$ |
| ૨. | $૩\frac{૮}{૯}$ |
| ૩. | $૪\frac{૩}{૯}$ |
| ૪. | $૪\frac{૭}{૯}$ |
| ૫. | $૫\frac{૨}{૯}$ |
| ૬. | $૫\frac{૬}{૯}$ |
| ૭. | $૬\frac{૧}{૯}$ |
| ૮. | $૬\frac{૫}{૯}$ |
| ૯. | ૭ |

**છઠ્ઠી નરકે**

| પ્રતર | સાગરોપય |
|---|---|
| ૧. | $૧૮\frac{૨}{૩}$ |
| ૨. | $૨૦\frac{૧}{૩}$ |
| ૩. | ૨૨ |

**ચોથી નરકે**

| પ્રતર | સાગરોપય |
|---|---|
| ૧. | $૭\frac{૩}{૭}$ |
| ૨. | $૭\frac{૬}{૭}$ |
| ૩. | $૮\frac{૨}{૭}$ |
| ૪. | $૮\frac{૫}{૭}$ |
| ૫. | $૯\frac{૧}{૭}$ |
| ૬. | $૯\frac{૪}{૭}$ |
| ૭. | ૧૦ |

**પાંચમી નરકે**

| પ્રતર | સાગરોપમ |
|---|---|
| ૧. | $૧૧\frac{૨}{૫}$ |
| ૨. | $૧૨\frac{૪}{૫}$ |
| ૩. | $૧૪\frac{૧}{૫}$ |
| ૪. | $૧૫\frac{૩}{૫}$ |
| ૫. | ૧૭ |

**બંધણુ ગઇ સંઠાણા, ભેયા વન્ના ય ગંધ રસ ફાસા.**
**અગુરુલહુ સદ્દસહા,**
**અસુહા વિય પુગ્ગલા નિરએ. ૨૦૪**

દરેક સમયે નારકીઓને દશ પ્રકારના અશુભ પુદગલો વેઠવાં પડે છે. આહારાદિ પુદગલોનું બંધન પ્રદિપ્ત થએલ અગ્નિ કરતાં પણ અત્યંત ભયંકર હોય છે. ગતિ ઊંટ અને ગધેડાં જેવી અશુભ છે. તપાવેલ લોઢા સરખી ધરતી પર પગ મુકવાથી જે વેદના થાય તેના કરતાં અત્યંત વેદના નારકીને ચાલતાં થાય છે. પાંખ છેદાએલ પક્ષીની જેમ અત્યંત કદરૂપું હુંડક સંસ્થાન એટલે આકાર હોય છે. ભીંત આદિ પુદગલોથી નારકીના શરીરના પુદગલોનું જુદુ થવું તે શસ્ત્રની ધારકરતાં પણ અત્યંત પીડાકારી છે. ક્ષાર અને જાળીયાં વિનાના નરકાવાસાનો વર્ણ અંધકારવાળો મલીન ને ભયંકર છે.

આ નરકાવાસાનો તળીયાનો ભાગ શ્લેષ્મ વિષ્ટા મૂત્ર અને કફાદિ વડે લેપાયેલાની જેવો છે. તથા માંસ કેસ નખ હાડકાં દાંત ને ચામડા વડે આચ્છાદન કરાએલી શ્મશાન ભૂમિના જેવો છે. સડી ગએલ બીલાડા વગેરેનાં મૃત કલેવરોની ગંધ કરતાં અત્યંત અશુભ ગંધ ત્યાંની પૃથ્વીમાં હોય છે. લીમડા અને ઘોષાતકીના રસ કરતાં અત્યંત કડવો રસ ત્યાં હોય છે. અગ્નિ અને વીંછી આદિના સ્પર્શ કરતાં અત્યંત ભયંકર સ્પર્શ ત્યાં હોય છે. અગુરૂલઘુ પરિણામ પણ અત્યંત પીડા કરનારો છે પીડાથી આક્રાંત થએલા તેઓના દુઃખમય કરૂણ, રૂદન વિલાપનો શબ્દ પણ સાંભળવાથી કરૂણા ઊપજે તેવો છે. એ દશ પ્રકારના અશુભપુદગલો નરક

પૃથ્વીમાં હોય છે. બીજી રીતે દશ પ્રકારની ક્ષેત્ર વેદના નીચે મુજબ હોય છે.

**નરયા દસવિહ વેયણ,સી ઊસિણ ખુહ પિવાસ કંડૂહિં**
**પરવસ્સં જર દાહં, ભય સોગં ચેવ વેયંતિ. ૨૦૫**

શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા, ખરજ, પરવશપણું, તાવ, દાહ, ભય ને શોક એ દશ પ્રકારની ક્ષેત્ર વેદના નારકીઓ ભોગવે છે. તેમાં પથમના ત્રણ નરકાવાસાની ભૂમિ શીત થોડી અને બાકીની ભૂમિ ઊષ્ણ છે. પંકપ્રભામાં ઘણા ઉષ્ણ—ને થોડા શીત છે. ધૂમ પ્રભામાં ઘણા શીત ને થોડાં ઉષ્ણ—ઉષ્ણ કરતાં શીત વેદના ઘણી ભયંકર હોય છે. સમ્યગ્દષ્ટિ નારકી પૂર્વકૃત કર્મને સંભારીને અન્ય થકી ઉત્પન્ન થએલ દુઃખ સમ્યક્ પ્રકારે સહન કરે છે. અને મિથ્યાદષ્ટિ એક કે સંખ્યાતાં સરખાં સંબંધ મુદગરોનાં વૈક્રિય રૂપો ગ્રહણ કરીને અથવા સ્વાભાવિક પૃથ્વી સંબંધી હથીઆરો ગ્રહણ કરીને પરસ્પર લડે છે.

**સત્તસુ ખિત્તજ વિયણા,**
**અન્નુન્નકયાવિ પહરણેહિ વિણા,**
**પહરણ કયા વિ પંચસુ,**
**તિસુ પરમાહમ્મિયકયા વિ. ૨૦૬**

સાતે નરક પૃથ્વીમાં ક્ષેત્રવેદના અને શસ્ત્ર વિના અન્યો અન્ય કૃત વેદના હોય છે. પાંચ નરક પૃથ્વીને વિષે પ્રહરણ શસ્ત્ર કૃત વેદના પણ હોય છે અને ત્રણ નરક પૃથ્વીને વિષે પરમાધામી વડે કરાએલ વેદના પણ હોય છે છઠ્ઠી સાતમી નરકમા નારકી જીવો વૈક્રિય રૂપો વિકુર્વીને એકબીજા શરીરમાં પ્રવેશ કરીને વેદના ઉદીરે છે ગોખલા જેવા આકારની કુંભીમાં

ઉત્પન્ન થાય છે. તેજ તેમની યોની જાણવી ત્યાં ઉત્પન્ન થયા પછી અંતર્મુહુર્તે આલોનાનો અને શરીર મોટું થવાથી સમાય નહિ તેથીનીચે પડે કે તરત જ પરમાધામી ત્યાં આવીને આલો, નાનો તેના પૂર્વ કર્મને અનુસારે દુઃખ આપે છે.

જેમ કે મદિરા પીનારને ઉનું સીસું પાય. પરસ્ત્રી લંપટને લોઢાની ધગધગતી પુતળીનું આલીંગન કરાવે કૂટ-શીમલાના વૃક્ષ પર બેસાડે, લોઢાના ઘણે કરી ઘાત કરે, વાંસલાથી છેદે ઘા ઉપર ખાર નાખે. ઉકાળેલા તેલમાં નાખે ભાલાથી શરીર પરોવે, ભઠ્ઠીમાં શેકે, ઘાણીમાં પીલે કરવતથી વહેરે, પક્ષી સિંહ સર્પનાં રૂપ વિકુવી પીડા આપે વૈતરણી નદીમાં ઝબોળે, અસીપત્ર વન અને તપ્ત રેતીમાં દોડાવે વજામય કુંભીમા તીવ્ર તાપે પચતાં આકાશમા પક્ષીઓ અને નીચે વાઘ વગેરેના રૂપ વિકુર્વી પીડા ઉપજાવે.

નારકીઓને લડતા દેખી પરમાધામી ખુશ થાય અટ્ટહાસ્ય કરે તેમના પર વસ્ત્ર નાખે ને ત્રણવાર પગલાનું આસ્ફાલન કરે, નારકીઓને પરસ્પર લડતા જોવામાં જેવી પ્રીતિ પરમા-ધામીઓને હોય છે. તેવી પ્રીતિ અત્યંત રમ્ય વસ્તુ જોવામા પણ હોતી નથી. એ પરમાધામીપણું પંચાગ્નિ પ્રમુખ કષ્ટ ક્રિયાથી પ્રાપ્ત થાય છે. તે પણ મરીને અડગોળીયો મત્સ્ય કે માનવ થાય, તેના દેહમાં એવા રત્ન હોય છે કે તે જોઇ બીજા જળચર જીવો ભય પામી નાસી જાય. તે રત્નને લેવા ખાતર માછીમારો તેને માંસની લાલચથી લોઢાની ઘંટીમાં સપડાવી છ માસ સુધી પીલે ત્યારે તે મરી જાય માટે બીજાને પીડા કરવાથી પોતાને દુખ ભોગવવું પડે છે. એમ સમજીને કોઇ જીવને દુઃખ દેવું નહિ. એક હાથે કરો ને બીજા હાથે ભોગવો એ ન્યાય છે.

**રયણપ્પહ સક્કરપહ, વાલુયપહ પંકપહ ય ધુમપહા**
**તમપહા તમતમપહા, કમેણ પુઢવીણ ગોત્તાઈ. ૨૦૭**

રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમ પ્રભા, તમતમપ્રભા એ સાત પૃથ્વીનાં ગુણ ઉપરથી બનેલાં નામો ગોત્ર કહેવાય છે.

રત્નપ્રભાના ત્રણ કાંડ છે ખરકાંડ સોળ હજાર યોજનનો છે. તેમાં રત્નો ઘણાં હોય છે. બીજો પંકબહુલ કાંડ ચોરાશી હજાર યોજનનો છે. તેમાં કાદવ ઘણો હોય છે ત્રીજો જળબહુલકાંડ એંશી હજાર યોજનનો છે. તેમાં પાણી ઘણું હોય છે. બાકીની છ એ પૃથ્વી પૃથ્વીકાય મય છે. શર્કરામાં કાંકરાઘણા છે વાલુકામા રેતી ઘણી છે. પંકમાં કાદવ ઘણો છે ધૂમમાં ધૂમાડો ઘણો છે. તમઃમાં અંધકાર ઘણો છે. તમસ્તમઃમાં અત્યંત અંધકાર છે.

**ઘમ્મા વંસા સેલા, અંજણ રિટ્ઠા મઘા ય માઘવઈ,**
**નામેહિં પુઢવીઓ, છત્તાઇચ્છત્ત સંઠાણા. ૨૦૮**

ઘમા,વંસા, સેલા, અંજણા, રિષ્ટા, મઘા,નેમાઘવતી નામ વડે પૃથ્વીઓ છે છત્રાતિ છત્ર ઉંધા રાખેલા છત્રની નીચે મોટા મોટા છત્રવાળા આકારની છે.

**અસીઈ બત્તીસ અડવીસ,**
**વીસા અટ્ઠાર સોલ અડસહસ્સા,**
**લક્ખુવરિ પુઢવિ પિંડો,**
**ઘણુદહિ ઘણવાય તણુવાયા. ૨૦૯**

સાતે નરક પૃથ્વીનો પિંડ અનુક્રમે એક લાખ ઉપરાંત કેટલા હજાર છે તે કહે છે ૮૦(૧) ૩૨(૨) ૨૮(૩) ૨૦(૪)

૧૮(૫) ૧૬ (૬) ૮(૭) તે હરેકની નીચે ઘનોદધિ ઘનવાતને તનવાત છે. પહેલીનો એક લાખ એંશી હજારને છેલ્લીનો એક લાખને આઠ હજાર છે.

**ગયણું ચ પઇટ્ઠાણું, વીસ સહસ્સાઇ ઘણુદહી પિંડો,**
**ઘણુતણુ વાયાગાસા, અસંખજોયણ જુયાપિંડો. ૨૧૦**

તનવાતની નીચે આકાશ છે ઘનોદધિનો પિંડ વીશ હજાર યોજનનો છે ઘનવાત તનવાત અને આકાશનો પિંડ અસંખ્યાત યોજનનો છે. તે પછી ઘનોદધિ આદિ ત્રણે વલયો ઘટીને છેડે કેટલા યોજન વિસ્તારે હોય તે કહે છે.

**ન ફુસંતિ અલોગં,**
**ચઉદિસંપિ પુઢવી ય વલય સંગહિયા,**
**રયણાએ વલયાણું, છદ્ધ પંચમ જોયણં સઢ્ઢં. ૨૧૧**
**વિકખંભો ઘણઉદહી, ઘણ તણુવાયાણ હોઇ જહસંખં**
**સતિભાગ ગાઉયં ગાઉયં ચ તહ**
**ગાઉય તિભાગો. ૨૧૨**
**પઢમ મહીવલએસું, ખિવિજ્જ એયં કમેણ બીયાએ,**
**દુતિ ચઉ પંચ છગુણં,**
**તઇયાઇસુ તંપિ ખિવ કમસો. ૨૧૩**

ઘનોદધિ ઘનવાત ને તનવાત વલયો વડે વીંટળાએલી સાતે પૃથ્વીઓ ચારે દિશાએ પણ અલોકને સ્પર્શતી નથી. રત્નપભાનાં વલયોનો વિસ્તાર છેડે અનુક્રમે છ યોજન સાડા ચાર યોજનને દોઢ યોજન છે.

૧ રત્નપ્રભા ૩૦ લાખ નરકાવાસ ૧૩ પ્રતર ૬ ઘનોદધિ ૪॥ ઘનવાત ૧॥ તનવાત અલોકથી ૧૨ યોજન દુર ઘર્મા.

૨ શર્કરાપ્રભા ૨૫લાખ નરકાવાંસ ૧૧ પ્રતર ૬। પુર્ણાંક એક તૃતીયાઉસ યો ઘનોદધિ ૪॥। ઘનવાત ૧॥ પુર્ણાંક એક તૃતીયાઉસ તનવાત ૧૨॥ પુર્ણાંક બે તૃતીયાઉસ દુર વંશા

૩ વાલુકાપ્રભા ૧૫ લાખ નરકાવાસ ૯ પ્રતર ઘનોદધિ ૬॥ પુર્ણાંક બે તૃતીયાઉસ ઘનવાત ૫ તનવાત ૧॥ પુર્ણાંક બે તૃતીયાઉસ ૧૩। પુર્ણાંક એક તૃતીયાઉસ દુર સેલા.

૪ પંભકપ્રા ૧૦ લાંખ નરકાવાસ પ્રતર ૭ ઘનોદધિ ૭ ઘનવાત ૫। તનવાત ૧॥। ૧૪ દુર અંજણા

૫ ધુમપ્રભા નરકાવાસ ૩ લાખ પ્રતર ૫ ઘનોદધિ ૭। પુર્ણાંક એક તૃતીયાઉસ ૫॥ ઘનવાત ૧॥।પુર્ણાંક એક ત્રત્યા-ઉસ તનવાત અલોકથી દુર ૧૪॥ પુર્ણાંક બે ત્રત્યાઉસ દુર રિષ્ટા

૬ તમ પ્રભા નરકાવાસ ૧ લાખ પ્રતર ૩ ઘનોદધિ ૭॥ પુર્ણાંક બે તૃતીયાઉસ ઘનવાત ૫॥। તનવાત ૧॥। પુર્ણાંક બે ત્રત્યાઉસ ૧૫। પુર્ણાંક એક ત્રત્યાઉસ દુર મઘા.

૭ તમસ્તમઃપ્રભા (પાંચ) પાંચ કમ પ્રતર ૧ ઘનોદધિ ૮ ઘનવાત ૬ તનવાત ૨ અલોકથી દુર ૧૬ માઘવંતી.

| નરક | નરકવાસ | પ્રતર | ઘનોદધિ | ઘનપાત | તનપાત | અલોકથી દુર |
|---|---|---|---|---|---|---|
| ઘમા | ૩૦ લાખ | ૧૩ | ૬ | ૪॥ | ૧॥ | ૧૨ યો. |
| વંશા | ૨૫ ,, | ૧૧ | ૬।$\frac{૧}{૩}$ | ૪॥। | ૧॥$\frac{૧}{૩}$ | ૧૨॥$\frac{૨}{૩}$ યો. |
| સેલા | ૧૫ ,, | ૯ | ૬॥$\frac{૨}{૩}$ | ૫ | ૧॥$\frac{૨}{૩}$ | ૧૩।$\frac{૧}{૩}$ યો. |
| અંજણા | ૧૦ ,, | ૭ | ૭ | ૫। | ૧॥। | ૧૪ યો. |
| રિષ્ટા | ૩ ,, | ૫ | ૭।$\frac{૧}{૩}$ | ૫॥ | ૧॥।$\frac{૧}{૩}$ | ૧૪॥$\frac{૨}{૩}$ યો. |
| મઘા | ૧ ,, | ૩ | ૭॥$\frac{૨}{૩}$ | ૫॥। | ૧॥।$\frac{૨}{૩}$ | ૧૫।$\frac{૧}{૩}$ યો. |
| (પાંચકમ) | | | | | | |
| માઘવતી પાંચ | | ૧ | ૮ | ૬ | ૨ | ૧૬ યો. |

મજ્ઝે ચિય પુઢવી અહે,
ઘણુદહિપમુહાણ પિંડ પરિમાણં.
ભણિયં તઓ કમેણં, હાયઇ જા વલય પરિમાણં ૨૧૪

તીસ પણવીસ પન્નરસ,દસ તિન્નિ પણુણ એગ લક્ખાઈ
પંચ ય નરયા કમસો,ચુલસી લક્ખાઈસત્તસુ વિ.૨૧૫

પૃથ્વીની નીચે નિશ્ચે મધ્ય ભાગેઘનોદધિ વગેરેના પિંડનું પરિમાણ કહ્યું છે. તે પછી અનુક્રમે યાવત્ વલયનું પ્રમાણ છેડા સુધી ઘટે છે.

સાતે પૃથ્વીમાં સર્વે મળી ચોરાશી લાખ નરકાવાસા થાય છે. અનુક્રમે ત્રીશ લાખ પચીસ લાખ પંદર લાખ દશ લાખ ત્રણ લાખ, એક લાખમાં પાંચ ઓછા અને પાંચ છે.

તેરિક્કારસ નવ સગ,
પણ તિન્નિગ પયર સવ્વિગુણવન્ના,
સીમંતાઈ અપ્પઇ-ઠાણંતા ઇંદયા મજ્ઝે. ૨૧૬

સીમંતકથીમાંડી અપ્રતિષ્ઠાન સુધી ઓગણુ પચાસ ઇન્દ્રક નરકાવાસા છે. એટલે અનુક્રમે-૧૩.૧૧-૯-૭-૫-૩-૧-૪૯

તેહિંતો દિસિ વિદિસિં,
વિણિગ્ગયા અટઠનિરય આવલીયા,
પઢમે પયરે દિસિ ગુણ-વન્ન વિદિસાસુ અડયાલા.૨૧૭

બીયાઇસુ પયરેસુ, ઇગ ઇગ હીણ ઉ હુન્તિ પંતીઓ,
જા સત્તમી મહી પયરે,
દિસિ ઇક્કિક્કો વિદિસિ નત્થિ. ૨૧૮

તે ઇન્દ્રક નરકાવાસાઓ થકી દિશા અને વિદિશા પ્રત્યે આઠ નરકાવાસાની પંક્તિઓ નીકળી છે. પહેલા પ્રતરમાં દિશિમાં ઓગણ પચાસ અને વિદિશીમાં અડતાલીશ પંક્તિછે બીજા પ્રતરોમાં એકેક ઓછી કરતાં સાતમી પૃથ્વીના પ્રતરને વિષે દિશામાં એકેક છે ને વિદિશામાં એકે નથી

ઇટ્ઠ પયરેગ દિસિ સંખ,
અડગુણા ચઉવિણા સઇગસંખા,
જહ સીમંતય પયરે,
એગુણનઉયા સયા તિન્નિ. ૨૧૯

અપયટ્ઠાણે પંચ ઉ, પઢમો મુહ-મંતિમો હવઇ ભૂમી
મુહભૂમી સમાસદ્ધં, પયરગુણં હોઇ સવ્વિધણં. ૨૨૦

વાંછીત પ્રતરની એક દિશાના આવલીગત નરકાવાસાની સંખ્યાને આઠ ગુણ કરી તેમાંથી ચાર ઓછા કરી એક ઇન્દ્રક સહિત કહીએ જેમ સિમંતક પ્રતરને વિષે ત્રણસોને વ્યાસી થાય અને અપ્રતિષ્ઠાને પાંચ થાય પહેલી પ્રતરના આવલીગત નરકાવાસા તે મુખ કહેવાય અને છેલ્લા પ્રતરના આવલીગત નરકાવાસા તે ભૂમિ કહેવાય મુખ ભૂમિનો સરવાળો કરી તેનું અર્ધ કરી પ્રતર સાથે ગુણતાં સર્વ આવલીગતની સંખ્યા થાય છે. ૩૮૯+૫=૩૯૪, અર્ધ ૧૯૭×૪૯–૯૬૫૩

પહેલી નરકમાં પ્રતરાદિક આવલીગત નરકાવાસા

| નં. પ્રતર | એક દિશામાં | ત્રિ. | ચો. | ગે, | એક વિદિશામાં | ત્રિ. | ચો | ગે. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સીમંતક | ૪૯ | ૧૭ | ૧૬ | ૧૬ | ૪૮ | ૧૬ | ૧૬ | ૧૬ |
| ૨ રોરૂક | ૪૮ | ૧૬ | ૧૬ | ૧૬ | ૪૭ | ૧૬ | ૧૬ | ૧૫ |

| | | એક | | | | એક | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| નં. | પ્રતર | દિશા. | ત્રિ. | ચો. | ગો. | વિ. | ત્રિ. | ચ. | ગો. |
| ૩ | ભ્રાન્ત | ૪૭ | ૧૬ | ૧૬ | ૧૫ | ૪૬ | ૧૬ | ૧૫ | ૧૫ |
| ૪ | ઉદ્ભ્રાન્ત | ૪૬ | ૧૬ | ૧૫ | ૧૫ | ૪૫ | ૧૫ | ૧૫ | ૧૫ |
| ૫ | સંભ્રાન્ત | ૪૫ | ૧૫ | ૧૫ | ૧૫ | ૪૪ | ૧૫ | ૧૫ | ૧૪ |
| ૬ | અસંભ્રાન્ત | ૪૪ | ૧૫ | ૧૫ | ૧૪ | ૪૩ | ૧૫ | ૧૪ | ૧૪ |
| ૭ | વિભ્રાન્ત | ૪૩ | ૧૫ | ૧૪ | ૧૪ | ૪૨ | ૧૪ | ૧૪ | ૧૪ |
| ૮ | તપ્ત | ૪૨ | ૧૪ | ૧૪ | ૧૪ | ૪૧ | ૧૪ | ૧૪ | ૧૩ |
| ૯ | શીત | ૪૧ | ૧૪ | ૧૪ | ૧૩ | ૪૦ | ૧૪ | ૧૩ | ૧૩ |
| ૧૦ | વક્રાન્ત | ૪૦ | ૧૪ | ૧૩ | ૧૩ | ૩૯ | ૧૩ | ૧૩ | ૧૩ |
| ૧૧ | અવક્રાન્ત | ૩૯ | ૧૩ | ૧૩ | ૧૩ | ૩૮ | ૧૩ | ૧૩ | ૧૨ |
| ૧૨ | વિક્રાન્ત | ૩૮ | ૧૩ | ૧૩ | ૧૨ | ૩૭ | ૧૩ | ૧૨ | ૧૨ |
| ૧૩ | રોરૂક | ૩૭ | ૧૩ | ૧૨ | ૧૨ | ૩૬ | ૧૨ | ૧૨ | ૧૨ |

| કુલ | ઇન્દ્રક | ત્રિ. | ચો. | ગોળ |
|---|---|---|---|---|
| ૯૭ × ૪ = ૩૮૮ | + ૧ | ૧૩૨ | ૧૨૮ | ૧૨૮ |
| ૯૫ × ૪ = ૩૮૦ | + ,, | ૧૨૮ | ૧૨૮ | ૧૨૪ |
| ૯૩ × ૪ = ૩૭૨ | + ,, | ૧૨૮ | ૧૨૮ | ૧૨૦ |
| ૯૧ × ૪ = ૩૬૪ | + ,, | ૧૨૪ | ૧૨૦ | ૧૨૦ |
| ૮૯ × ૪ = ૩૬૫ | + ,, | ૧૨૦ | ૧૨૦ | ૧૧૬ |
| ૮૭ × ૪ = ૩૪૮ | + ,, | ૧૨૦ | ૧૧૬ | ૧૧૨ |
| ૮૫ × ૪ = ૩૪૦ | + ,, | ૧૧૬ | ૧૧૨ | ૧૧૨ |
| ૮૩ × ૪ = ૩૩૨ | + ,, | ૧૧૨ | ૧૧૨ | ૧૦૮ |
| ૮૧ × ૪ = ૩૨૪ | + ,, | ૧૧૨ | ૧૦૮ | ૧૦૪ |
| ૭૯ × ૪ = ૩૧૬ | + ,, | ૧૦૮ | ૧૦૪ | ૧૦૪ |
| ૭૭ × ૪ = ૩૦૮ | + ,, | ૧૦૪ | ૧૦૪ | ૧૦૦ |
| ૭૫ × ૪ = ૩૦૦ | + ,, | ૧૦૪ | ૧૦૦ | ૯૬ |
| ૭૩ × ૪ = ૨૯૨ | ÷ ,, | ૧૦૦ | ૯૬ | ૯૬ |

## બીજી નરકમાં પ્રતરદિક આવલીગત નરકાવાસા

| નં. | પ્રતર | એક દિશામાં | ત્રિ. | ચ. | ગો. | એક વિદિશામાં | ત્રિ. | ચ. | ગો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સ્તનિક | ૩૬ | ૧૨ | ૧૨ | ૧૨ | ૩૫ | ૧૨ | ૧૨ | ૧૧ |
| ૨ | સ્તનક | ૩૫ | ૧૨ | ૧૨ | ૧૧ | ૩૪ | ૧૨ | ૧૧ | ૧૧ |
| ૩ | મનક | ૩૪ | ૧૨ | ૧૧ | ૧૧ | ૩૩ | ૧૧ | ૧૧ | ૧૧ |
| ૪ | વનક | ૩૩ | ૧૧ | ૧૧ | ૧૧ | ૩૨ | ૧૧ | ૧૧ | ૧૦ |
| ૫ | ઘટ્ટ | ૩૨ | ૧૧ | ૧૧ | ૧૦ | ૩૧ | ૧૧ | ૧૦ | ૧૦ |
| ૬ | સંઘટ્ટ | ૩૧ | ૧૧ | ૧૦ | ૧૦ | ૩૦ | ૧૦ | ૧૦ | ૧૦ |
| ૭ | જિહ્વ | ૩૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૨૯ | ૧૦ | ૧૦ | ૯ |
| ૮ | અજિહ્વ | ૨૯ | ૧૦ | ૧૦ | ૯ | ૨૮ | ૧૦ | ૯ | ૯ |
| ૯ | લેલ | ૨૮ | ૧૦ | ૯ | ૯ | ૨૭ | ૯ | ૯ | ૯ |
| ૧૦ | લોલાવર્ત | ૨૭ | ૯ | ૯ | ૯ | ૨૬ | ૯ | ૯ | ૮ |
| ૧૧ | શીલોલુક | ૨૬ | ૯ | ૯ | ૮ | ૨૫ | ૯ | ૮ | ૮ |

| કુલ | ઈન્દ્રક | ત્રિ. | ચ. | ગોળ |
|---|---|---|---|---|
| ૭૧ × ૪ = ૨૮૪ + | ૧ | ૯૬ | ૯૬ | ૯૨ |
| ૬૯ × ૪ = ૨૭૬ + | ,, | ૯૬ | ૯૨ | ૮૮ |
| ૬૭ × ૪ = ૨૬૮ + | ,, | ૯૨ | ૮૮ | ૮૮ |
| ૬૫ × ૪ = ૨૬૦ + | ,, | ૮૮ | ૯૮ | ૮૪ |
| ૬૩ × ૪ = ૨૫૨ + | ,, | ૮૮ | ૮૪ | ૮૦ |
| ૬૧ × ૪ = ૨૪૪ + | ,, | ૮૪ | ૮૦ | ૮૦ |

| કુલ | ઈન્દ્રક | ત્રિ. | ચો. | ગો. |
|---|---|---|---|---|
| ૫૯ × ૪ = ૨૩૬ + ૧ | | ૮૦ | ૮૦ | ૭૬ |
| ૫૭ × ૪ = ૨૨૮ + , | | ૮૦ | ૭૬ | ૭૨ |
| ૫૫ × ૪ = ૨૨૦ + ,, | | ૭૬ | ૭૨ | ૭૨ |
| ૫૩ × ૪ = ૨૧૨ + ,, | | ૭૨ | ૭૨ | ૬૮ |
| ૫૧ × ૪ = ૨૦૪ + ,, | | ૭૨ | ૬૮ | ૬૪ |

## ત્રીજી નરકમાં પ્રતરહિઠ આવલીગત નરકાવાસ

| નં. | પ્રતર | એક દિશામાં | ત્રિ | ચ | ગો. | વિદિશા | ત્રિ. | ચ. | ગો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | તપ્ત | ૨૫ | ૯ | ૮ | ૮ | ૨૪ | ૮ | ૮ | ૮ |
| ૨ | તપિત | ૨૪ | ૮ | ૮ | ૮ | ૨૩ | ૮ | ૮ | ૭ |
| ૩ | તપન | ૨૩ | ૮ | ૮ | ૭ | ૨૨ | ૮ | ૭ | ૭ |
| ૪ | તાપન | ૨૨ | ૮ | ૭ | ૭ | ૨૧ | ૭ | ૭ | ૭ |
| ૫ | નિદાઘ | ૨૧ | ૭ | ૭ | ૭ | ૨૦ | ૭ | ૭ | ૬ |
| ૬ | પ્રજ્વલિત | ૨૦ | ૭ | ૭ | ૬ | ૧૯ | ૭ | ૬ | ૬ |
| ૭ | ઉજ્વલિ | ૧૯ | ૭ | ૬ | ૬ | ૧૮ | ૬ | ૬ | ૬ |
| ૮ | સંજ્વલિત | ૧૮ | ૬ | ૬ | ૬ | ૧૭ | ૬ | ૬ | ૫ |
| ૯ | સંપ્રજ્વલિત | ૧૭ | ૬ | ૬ | ૫ | ૧૬ | ૬ | ૫ | ૫ |

| કુલ | કુલ | ઈન્દ્રક | ત્રિ | ચ | ગો. |
|---|---|---|---|---|---|
| ૪૯ × ૪ = ૧૯૬ | + | ૧ | ૬૮ | ૬૪ | ૬૪ |
| ૪૭ ,, ૪ ,, ૧૮૮ | ,, | ,, | ૬૪ | ૬૪ | ૬૦ |
| ૪૫ ,, ૪ ,, ૧૮૦ | ,, | ,, | ૬૪ | ૬૦ | ૫૫ |
| ૪૩ ,, ૪ ,, ૧૭૨ | ,, | ,, | ૬૦ | ૫૬ | ૫૬ |
| ૪૧ ,, ૪ ,, ૧૬૪ | ,, | ,, | ૫૬ | ૫૬ | ૫૦ |
| ૩૯ ,, ૪ ,, ૧૫૬ | ,, | ,, | ૫૬ | ૫૨ | ૪૮ |

| કુલ | | કુલ | | ઈન્દ્રક | ત્રિ. | ચ. | ગો. |
|---|---|---|---|---|---|---|---|
| ૩૭ ,, ૪ ,, | | ૧૪૮ | ,, | ,, | પર | ૪૮ | ૪૮ |
| ૩૫ ,, ૪ ,, | | ૧૪૦ | ,, | ,, | ૪૮ | ૪૮ | ૪૪ |
| ૩૩ ,, ૪ ,, | | ૧૩૨ | ,, | ,, | ૪૮ | ૪૪ | ૪૦ |

ચોથી નરકમાં પ્રતર દિઠ આવલીગત નરકાવાસા

| નં. | પ્રતર | એક દિશામાં | ત્રિ. | ચો. | ગો. | એક વિદિશામાં | ત્રિ | ચે. | ગે. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આ | ૧૬ | ૬ | ૫ | ૫ | ૧૫ | ૫ | ૫ | ૫ |
| ૨ | તાર | ૧૫ | ૫ | ૫ | ૫ | ૧૪ | ૫ | ૫ | ૪ |
| ૩ | માર | ૧૪ | ૫ | ૫ | ૪ | ૧૩ | ૫ | ૪ | ૪ |
| ૪ | વર્ચ | ૧૩ | ૫ | ૪ | ૪ | ૧૨ | ૪ | ૪ | ૪ |
| ૫ | તમ | ૧૨ | ૪ | ૪ | ૪ | ૧૧ | ૪ | ૪ | ૩ |
| ૬ | ખાંડખડ | ૧૧ | ૪ | ૪ | ૩ | ૧૦ | ૪ | ૩ | ૩ |
| ૭ | ખડખડ | ૧૦ | ૪ | ૩ | ૩ | ૯ | ૩ | ૩ | ૩ |

| કુલ | | ઈન્દ્રક | ત્રિ. | ચ. | ગો. |
|---|---|---|---|---|---|
| ૩૧ × ૪ = ૧૨૪ | + | ૧ | ૪૪ | ૪૦ | ૪૦ |
| ૨૯ ,, ૪ ,, ૧૧૬ | ,, | ,, | ૪૦ | ૪૦ | ૩૬ |
| ૨૭ ,, ૪ ,, ૧૦૮ | ,, | ,, | ૪૦ | ૩૬ | ૩૨ |
| ૨૫ ,, ૪ ,, ૧૦૦ | ,, | ,, | ૩૬ | ૩૨ | ૩૨ |
| ૨૩ ,, ૪ ,, ૯૨ | ,, | ,, | ૩૨ | ૩૨ | ૨૮ |
| ૨૧ ,, ૪ ,, ૮૪ | ,, | ,, | ૩૨ | ૨૮ | ૨૪ |
| ૧૯ ,, ૪ ,, ૭૬ | ,, | ,, | ૨૮ | ૨૪ | ૨૪ |

પાંચમી નરકમાં પ્રતર દિઠ આવલીગત નરકાવાસા

| નં. | પ્રતર | એક દિશામાં | ત્રિ. | ચ. | ગો. | વિદિશામાં | ત્રિ. | ચ. | ગો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ખાત | ૯ | ૩ | ૩ | ૩ | ૮ | ૩ | ૩ | ૨ |

| નં. | પ્રતર | દિશા | ત્રિ. | ચ. | ગો. | વિદિ. | ત્રિ. | ચ. | ગો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | તમક | ૮ | ૩ | ૩ | ૨ | ૭ | ૩ | ૨ | ૨ |
| ૩ | ઉસ | ૭ | ૩ | ૨ | ૨ | ૬ | ૨ | ૨ | ૨ |
| ૪ | અંધ | ૬ | ૨ | ૨ | ૨ | ૫ | ૨ | ૨ | ૧ |
| ૫ | તિમિશ્ર | ૫ | ૨ | ૨ | ૧ | ૪ | ૨ | ૧ | ૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૭ × ૪ = ૬૮ + ૧ | ૨૪ | ૨૪ | ૨૦ |
| ૧૫ ,, ૪ ,, ૬૦ ,, ૧ | ૨૪ | ૨૦ | ૧૬ |

| કુલ | ઈન્દ્રક | ત્રિ. | ચ. | ગો. |
|---|---|---|---|---|
| ૧૩ × ૪ = ૫૨ + | ,, | ૨૦ | ૧૬ | ૧૬ |
| ૧૧ ,, ૪ ,, ૪૪ ,, | ,, | ૧૬ | ૧૬ | ૧૨ |
| ૯ ,, ૪ ,, ૩૬ ,, | ,, | ૧૬ | ૧૨ | ૮ |

છઠ્ઠી નરકમાં પ્રતર દિઠ અવિલીગત નરકાવાસા એક

| નં. | પ્રતર | દિશામાં | ત્રિ | ચ. | ગો. | વિદિશામાં | ત્રિ. | ચ. | ગો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | હીમ | ૪ | ૨ | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | ૧ |
| ૨ | વાદલ | ૩ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૦ |
| ૩ | લલ્લક | ૨ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૦ | ૦ |

| કુલ | ઈન્દ્રક | ત્રિ. | ચો. | ગો |
|---|---|---|---|---|
| ૭ × ૪ = ૨૮ + | ૧ | ૧૨ | ૮ | ૮ |
| ૫ ,, ૪ ,, ૨૦ ,, | ૧ | ૮ | ૮ | ૪ |
| ૩ ,, ૪ ,, ૧૨ ,, | ૧ | ૮ | ૪ | ૦ |

સાતમી નરકમાં પ્રતર દિઠ આવલીગત નરકાવાસા

| નં. | પ્રતર | દિશામાં | ત્રિ. | ચ. | ગો. | વિદિશામાં | ત્રિ. | ચ. | ગો. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અપ્રતિષ્ઠાન | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| કુલ | ઇન્દ્રક | ત્રિ | ચ. | ચો. |
|---|---|---|---|---|
| ૧ × ૪ = + ૧ | | ૪ | ૦ | ૦ |

સાતે પૃથ્વીના પંક્તિગત નરકાવાસાની ગણુતરીનું યંત્ર

| | દિશિ | વિદિશી | પહેલે પ્રતરે | દિશિ | વિદિશી | છેલ્લે પ્રતરે |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૪૯ | ૪૮ | ૯૭ | ૩૭ | ૩૬ | ૭૩ |
| ૨ | ૩૬ | ૩૫ | ૭૧ | ૨૬ | ૨૫ | ૫૧ |
| ૩ | ૨૫ | ૨૪ | ૪૯ | ૧૭ | ૧૬ | ૩૩ |
| ૪ | ૧૬ | ૧૫ | ૩૧ | ૧૦ | ૯ | ૧૯ |
| ૫ | ૯ | ૮ | ૧૭ | ૫ | ૪ | ૯ |
| ૬ | ૪ | ૩ | ૭ | ૨ | ૧ | ૩ |
| ૭ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |

| મુખ | ભૂમિ | સમાસ | અર્ધ | | પ્રતર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૩૮૯ | ૨૯૩ | ૬૮૨ | ૩૪૧ | × | ૧૩ | ૪૪૩૩ |
| ૨૮૫ | ૨૦૫ | ૪૯૦ | ૨૪૫ | ,, | ૧૧ | ૨૬૯૫ |
| ૧૯૭ | ૧૩૩ | ૩૩૦ | ૧૬૫ | ,, | ૯ | ૧૪૮૫ |
| ૧૨૫ | ૭૭ | ૨૦૨ | ૧૦૧ | ,, | ૭ | ૭૦૭ |
| ૬૯ | ૩૭ | ૧૦૬ | ૫૩ | ,, | ૫ | ૨૬૫ |
| ૨૯ | ૧૩ | ૪૨ | ૨૧ | ,, | ૩ | ૬૩ |
| ૫ | ૫ | ૧૦ | ૫ | ,, | ૧ | ૫ |
| | | | | | | ૯૬૫૩ |

**છન્નવઇ સય તિવન્ના૰ સત્તસુ પુઢવીસુ આવલીનિરયા**
**સેસ તિયાસીલકખા, તિસય સિયાલા નવઇ સહસા.૨૨૧**

સાતે પૃથ્વીને વિષે આવલીગત નરકાવાસા ૯૬૫૩ છે. અને બાકીના પુષ્પા વકીર્ણ ત્યાંશી લાખ નેવું હજાર ત્રણસો

સુડતાલીશ છે. ઈન્દ્રક નરકાવાસા ગોળ છે. દિશિવિદિશીમાં રહેલા આવલીગત નરકાવાસા ત્રિકોણ ચતુષ્કોણ ને વાટલા છે એમ આવલીકાના છેડા સુધી કહવું, પુષ્પા વકીર્ણ નરકાવાસા જુદા જુદા આકારે છે. તે બધા નરકાવાસા, માહિથી ગોળ બહારથી ચોખુણા અને અસ્ત્રની ધાર જેવા છે કે જેના પર પગે ચાલવાથી અત્યંત વેદના થાય છે.

તિ સહસ્સુચ્ચા સવ્વે,
સંખ–મસંખિજજ વિત્થડાયામા
પણયાલ લકખ સીમંતઓ ય લકખં અપઈટ્ઠાણો.૨૨૨

સર્વે નરકાવાસા ત્રણ હજાર યોજન ઉંચા અને સંખ્યાતકે અસંખ્યાત યોજન પહોળાઇ અને લંબાઇવાળા છે. સીમંતક પીસ્તાલીશ લાખ યોજનનો અને અપ્રતિષ્ટાન ઈન્દ્રક નરકાવાસો લાખ યોજન લાબો પહોળા છે. દરેક નરકાવાસની નીચેનો ભાગ મધ્ય ભાગને શિખર એ ત્રણે એકેક હજાર યોજન પ્રમાણ હોવાથી સર્વે નરકાવાસા ત્રણ હજાર યોજન ઉંચા છે તથા અપ્રતિષ્ઠાન નરકાવાસાની પૂર્વ દિશામાં કાળ, પશ્ચિમ દિશામાં મહાકાળ દક્ષિણ દિશામાં રોરૂક અને ઉત્તર દિશામા મહા રોરૂક છે એ ચારે નરકાવાસાની ધંબાઈ પહોળાઈ ને પરિધિ અસંખ્યાતા કોડાકોડી યોજનની જાણવી.

છસુ હિટ્ઠોવરિ જોયણ,
સહસ્સ બાવન્ન સડ્ઢ ચરિમાએ,
પુઢવીએ નરય રહિયં, નરયા સેસંમિ સવ્વાસુ. ૨૨૩

છ પૃથ્વી વિષે હેઠે ને ઉપર એક હજાર યોજન અને છેલ્લી પૃથ્વીને વિષે સાડાબાવન હજાર યોજન નરકાવાસ રહિત ક્ષેત્ર છે. બાકીના ક્ષેત્ર વિભાગને વિષે સર્વ પૃથ્વીઓમાં નરકાવાસાછે.

બિસહસ્સૂણા પુઢવી,
તિસહસ ગુણિએહિં નિયય પયરેહિં,
ઊણા રુવુણ નિય પયર, ભાઇયા પત્થડંતરયં. ૨૨૪

બે હજાર યોજન ઓછી પૃથ્વી કરાય છે. તેમાંથી ત્રણ હજાર વડે ગુણાયેલ પોતાના પ્રતરોના ઓછા કરવા એક રુપ ઓછા પોતાના પ્રતર વડે ભાગવાથી પ્રતરનું આંતરૂ આવે

| નરક | પૃથ્વી પીંડ | ઉપર નીચે કાઢતાં | પૃથ્વી | પ્રતર ગુણીત |
|---|---|---|---|---|
| ૧ | ૧૮૦૦૦૦ | ૨૦૦૦ | ૧૭૮૦૦૦ | ૩૯૦૦૦ |
| ૨ | ૧૩૨૦૦૦ | ,, | ૧૩૦૦૦૦ | ૩૩૦૦૦ |
| ૩ | ૧૨૮૦૦૦ | ,, | ૧૨૬૦૦૦ | ૨૭૦૦૦ |
| ૪ | ૧૨૦૦૦૦ | ,, | ૧૧૮૦૦૦ | ૨૧૦૦૦ |
| ૫ | ૧૧૮૦૦૦ | ,, | ૧૧૬૦૦૦ | ૧૫૦૦૦ |
| ૬ | ૧૧૬૦૦૦ | ,, | ૧૧૪૦૦૦ | ૯૦૦૦ |
| ૭ | ૧૦૮૦૦૦ | ૧૦૫૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ |

| શેષ યોજન | અંતર | ભાગતાં | પ્રતર દિઠ અંતર |
|---|---|---|---|
| ૧૩૯૦૦૦ | ૧૨ | ÷ | ૧૧૫૮૩ ૧/૩ યો. |
| ૯૭૦૦૦ | ૧૦ | ÷ | ૯૭૦૦ યો. |
| ૯૯૦૦૦ | ૮ | ÷ | ૧૨૩૭૫ યો. |
| ૯૭૦૦૦ | ૬ | ÷ | ૧૬૧૬૬ ૨/૩ યો. |
| ૧૦૧૦૦૦ | ૪ | ÷ | ૨૫૨૫૦ યો. |
| ૧૦૫૦૦૦ | ૨ | ÷ | ૫૨૫૦૦ યો |

રત્નપ્રભા પૃથ્વીપીંડ ઉપર નીચે દશ યોજન મુકી એંશી યોજનમાં વાણવ્યંતરની આઠ જાતી પ્રત્યેક દશ દશ યોજનમાં રહી છે. દક્ષિણને ઉતર શ્રેણીના બબ્બે મળી સોળ ઈન્દ્રો તેમાં

છે. તેવી જ રીતે સો સો યોજન મુકી આઠસો યોજનમાંવ્યંત રની આઠ નિકાયો છે તે પ્રત્યેક સો સો યોજનમાં રહ્યાં છે. તેના પણ દક્ષિણ ઉત્તરનાં બબ્બે ઈન્દ્રો મળી સોળ ઈન્દ્રો છે. બાર આંતરામાં ઉપર નીચે એક છોડતાં બાકીના દશ આંતરામાં ભવનપતિના દેવોની દશ નિકાયો પ્રત્યેક અગ્યાર હજાર પાનસો ત્યાસી પુર્ણાંક એક તૃત્યાઉસ યો૦ માં રહ્યા છે. તેના પણ ઉત્તર દક્ષિણના બબ્બે મળી વીશ ઈન્દ્રો છે.

**પઉણટ્ઠ ધણુ છ અંગુલ, રયણાએ દેહમાણ મુક્કોસં સેસાસુ દુગુણ દુગુણં,**
**પણ ધણું સય જાવ ચરમાએ. ૨૨૫**

પોણા આઠ ધનુષને છ અંગુલનું ઉત્કૃષ્ટ દેહમાન રત્ન-પ્રભાના નારકોનું છે બાકીની પૃથ્વીઓને વિષે બમણું બમણું દેહમાન કરતાં સાતમી નારકીનું પાંચસો ધનુષ થાય અનુક્રમે ૧૫ાા૧૨, ૩૧ા, ૬૨ાા. ૧૨૫, ૨૫૦, બેથી છ સુધીનું જાણવું

૨૪ અંગુલ = એક હાથ, ૪ હાથ = એક ધનુષ્ય અને ૨૦૦૦ ધનુષ્ય = એક ગાઉ.

**રયણાએ પઢમ પયરે, હત્થતિય દેહમાણ-મણુપયરં છપ્પન્નંગુલસડ્ઢા, વુડ્ઢી જા તેરસે પુન્નં. ૨૨૬**

રત્નપ્રભાના પહેલા પ્રતરને વિષે ત્રણ હાથ દેહનું પ્રમાણ છે. તે પછી દરેક પ્રતરે સાડી છપન આંગળ વધારતાં તેરમાં પ્રતરે પોણા આઠ ધનુષને છ અંગુલ થાય.

જં દેહ પમાણ ઉવરિમાએ, પુઢવીઇ અંતિમે પયરે
તંચિય હિટ્ઠિમ પુઢવી, પઢમપયરંમિ બોધવ્વં. ૨૨૭

તંચે ગુણગસગ પયર,ભઇયબીયાઇ પયર વુડ્ઢિ ભવે,
તિકરાંત અંગુલ કરસત્ત,
અંગુલા સડઢિ ગુણવીસં. ૨૨૮

પણધણુ અંગુલ વીસં,પનરસ ધણુ દુન્નિ હત્થ સડઢાય
બાસટ્ઠ ધણુહ સડઢા,
પણ પુઢવી પયર વુડ્ઢિઇમા. ૨૨૯

જે દેહ પ્રમાણ ઉપરની પૃથ્વીના છેલ્લા પ્રતરે હોય તેજ નિશ્ચ નીચેના પૃથ્વીના પહેલા પ્રતરે જાણવુ અને તે માન એક ઓછા પોતાના પ્રતર વડે ભગાય છે તેટલી: વૃદ્ધિ બીજી આદિના પ્રતરમાં થાય છે. અનુક્રમે શંકરાપ્રભાદિ પૃથ્વીમાં ત્રણ હાથને ત્રણ અંગુલ, સાત હાથને સાડી ઓગણીશ અંગુલ, પાંચ ધનુષને વીશ આંગળ પંદર ધનુષને અઢી હાથ સાડી બાસઠ ધનુષ એમ પાંચે પૃથ્વીના પ્રતરોને વિષે વૃદ્ધિ થાય છે. સાતે નરકનો ઉપપાત ચ્યવન વિરહ કાળ ભેગો બાર મુહુર્તનો છે. ઉત્કૃષ્ટ છ માસે તો કોઇ પણ જીવ સાતમીમાંથી આવે કે જાય છે.

ઇઅ સાહવિય દેહો, ઉત્તર વેઉવ્વિઓ ય તદ્દુગુણો,
દુવિહોવિજહન્ન કમા અંગુલ અસંખસંખસો. ૨૩૦

એ પ્રમાણે સ્વાભાવીક ભવ ધારણીય દેહનું પ્રમાણ કહ્યું અને ઉત્તર વૈક્રિય તેથી બમણું હોય છે. જઘન્યથી ભવધારણીય દેહનું પ્રમાણ અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. એને ઉત્તર વૈક્રિક દેહનું પ્રમાણ અંગુલનો સંખ્યાતમો ભાગ છે.

સાતે નરકમાં પ્રતર દિઠ દેહમાન ઉત્કૃષ્ટ નીચે મુજબ છે.

| પહેલી નરકે પ્રતરે | દેહમાન હાથ | આંગલ | બીજી નરકે ધ. | આંગળ | ત્રીજી નરકે ધ. | આંગળ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૦ | ૭॥ | ૬ | ૧૫॥ | ૧૨ |
| ૨ | ૫ | ૮॥ | ૮॥ | ૯ | ૧૭। | ૭॥ |
| ૩ | ૭ | ૧૭ | ૯। | ૧૨ | ૧૯॥ | ૩ |
| ૪ | ૧૦ | ૧॥ | ૧૦ | ૧૫ | ૨૧। | ૨૨॥ |
| ૫ | ૧૨ | ૧૦ | ૧૦॥ | ૧૮ | ૨૩। | ૧૮ |
| ૬ | ૧૪ | ૧૮॥ | ૧૧। | ૨૧ | ૨૫। | ૧૩॥ |
| ૭ | ૧૭ | ૩ | ૧૨॥ | | ૨૭ | ૯ |
| ૮ | ૧૯ | ૧૧॥ | ૧૩ | ૩ | ૨૯ | ૪॥ |
| ૯ | ૨૧ | ૨૯ | ૧૪ | ૬ | ૩૧। | |
| ૧૦ | ૨૪ | ૪॥ | ૧૪॥ | ૯ | | |
| ૧૧ | ૨૬ | ૧૩ | ૧૫॥ | ૧૨ | | |
| ૧૨ | ૨૮ | ૨૧॥ | | | | |
| ૧૩ | ૩૧ | ૬ | | | | |
| ધનુષ | ૭॥ | ૬ | | | | |

ચોથી નરકે

| પ્ર. | ધ. | આંગળ |
|---|---|---|
| ૧. | ૩૧। | ૦ |
| ૨. | ૩૬। | ૨૦ |
| ૩. | ૪૧। | ૪૦ |
| ૪. | ૪૬। | ૬૦ |
| ૫. | ૫૧। | ૮૦ |
| ૬. | ૫૭। | ૪ |
| ૭. | ૬૨॥ | |

પાંચમી નરકે

| પ્ર. | ધ. હાથ |
|---|---|
| ૧. | ૬૨॥ |
| ૨. | ૭૮ ૦॥ |
| ૩. | ૯૩॥ |
| ૪. | ૧૦૯ ૦॥ |
| ૫. | ૧૨૫ |

છઠ્ઠી નરકે

| પ્ર. | ધનુષ |
|---|---|
| ૧ | ૧૨૫ |
| ૨ | ૧૮૭॥ |
| ૩ | ૨૫૦ |

સત્તસુ ચઉવીસ સુહુ,
સગ પન્નર દિણેગ દુ ચઉ છમ્માસા,
ઉવવાય ચવણ વિરહો,
ઓહે બારસ મુહુત્ત ગુરૂ. ૨૩૧

લહુઓ દુહાવિ સમઓ,
સંખા પુણ સુર સમા મુણેયવ્વા,
સંખાઉ પજ્જત્ત પણિંદિ
તિરિ નરાજંતી નરએસુ. ૨૩૨

સાતે નરક પૃથ્વીને વિષે અનુક્રમે ઉપપાત ચ્યવન વિરહ કાળ નીચે મુંજબ જાણવો.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| ૨૪ મુહુર્ત | ૭ દિ. | ૧૫ દિ | એક માંસ | બે મા. | ચાર મા. | છ મા. |

ઉત્કૃષ્ટથી જાણવો. સામાન્યથી સાતે નરકનો ભેગો ઉપપાત ચ્યવન વિરહકાળ બાર મુહુર્તનો છે જઘન્ય એક સમય છે. એક સમયે એક બે યાવત્ સંખ્યાત ને અસંખ્યાત ઉપજે અને ચ્યવે છે. (દેવની (જેમ) થારકીની આ ગતિ ગર્ભજ સંખ્યાતાયુ પર્યાપ્ત તિર્યંચ અને મનુષ્યમાંથી જાણવી.

મિચ્છદિટ્ઠિ મહારંભ,
પરિગ્ગહો તિવ્વકોહ નિસ્સીલો,
નરયાઉઅં નિબંધઇ, પાવમઈ રૂદ્દ પરિણામો. ૨૩૩

મિથ્યાદષ્ટિ મહારંભી, મહાપરિગ્રહી. તીવ્રક્રોધી, શીલરહિત પાપની મતિવાળો અને રૌદ્ર પરિણામી જીવ નરકાયુને બાંધે છે.

**અસન્નિ સરિસિવ પક્ખી,**
**સીહ ઉરગિત્થિજન્તિ જા છટ્ઠિં,**
**કમસો ઉક્કોસેણં, સત્તમ પુઢવિં મણુય મચ્છા. ૨૩૪**

અસંજ્ઞી પર્યાપ્ત તિર્યંચ જઘન્યથી દશ હજાર વર્ષ ને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગે ઉપજે એટલે પહેલી નરકના ચોથા પ્રત્તર સુધીજ ઉપજે છે, તેમને અપર્યાપ્તાવસ્થામાં અવધિ કે વિભંગ ઉપજતું નથી. પણ પર્યાપ્ત થયા પછી જ ઉપજે છે. ભૂજપરિસર્પ બીજી સુધી ખેચર પક્ષીઓ ત્રીજી સુધી ચતુષ્પદ સિંહવાઘ વગેરે પણ ચોથી સુધી ઉરપરિસર્પ પાંચમાં સુધી ચક્રવર્તિનું સ્ત્રીરત્નાદિ છટ્ઠી સુધી અને ગર્ભજ મનુષ્ય કે મત્સ્ય અત્યંત રૌદ્ર અધ્યવસાયથી સાતમી સુધી ઉપજે છે. જઘન્યથી તે દરેક જીવો પહેલી નરકનાં પહેલા પ્રતરે ઉપજે છે.

**વાલા દાઢી પક્ખી, જલયર નરયા-ગયા ઉ અઇકૂરા,**
**જંતિ પુણો નરએસુ,**
**બાહુલ્લેણં ન ઉણ નિયમો. ૨૩૫**

અતિક્રુર અધ્યવસાયવાળા સર્પ સિંહાદિ. ક્રુર પક્ષીઓને જળચરો નરકમાંથી આવેલ અને ઘણું કરીને નરકમાં ઉપજે છે. કોઇ જીવ નરકમાંથી નીકળી મનુષ્ય ભવ પામી સમ્યક-ત્વાદિ મેળવી પ્રથમ સંઘયણે મોક્ષે પણ જાય છે અને રૌદ્ર પરિણામે સાતમી નરકે પણ જાય.

**દો પઢમ પુઢવિ ગમણં, છેવટ્ઠે કીલિયાઇ સંઘયણે**
**ઇક્કિક્ક પુઢવિ વુડ્ઢી, આઇ તિલેસ્સાઉ નરએસું. ૨૩૬**

છેવઠ્ઠાં સંઘયણવાળો પહેલી બે નરક સુધી જઈ શકે કિલિકાવાળો ત્રીજી સુધી અર્ધ નારાચવાળો ચોથી સુધી નારાચવાળો પાંચમી સુધી ઋષભ નારાચવાળો છઠ્ઠી સુધી જાય છે. જઘન્યથી રત્નપ્રભાના પ્રથમ પ્રતર સુધી મધ્યમથી તેની વચમાં ઉપજે નરકમાં પ્રથમની ત્રણ લેશ્યાઓ હોય તેમાં પણ વિશેષ નિચે મુજબ જાણવું.

**દુસુ કાઊ તઈયાએ, કાઊ નીલા ય નીલ પંકાએ,**
**ધુમાએ નીલ કિણ્હા,**
**દુસુ કિણ્હા હુન્તિ લેસ્સાઓ ૨૩૭**

બે નરક પૃથ્વીને વિષે કાપોત લેશ્યા ત્રીજીમાં કાપોતને નીલ, ચોથીમાં નીલ પાંચમીમાં નીલ ને કૃષ્ણ છઠ્ઠી સાતમીમાં કૃષ્ણ લેશ્યા જ હોય છે. ત્રણ સાગરોપમ સુધી કહોત લેશ્યા હોય. પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ અધિક ત્રણથી દશ સાગરોપમ સુધી નીલ લેશ્યા હોય પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ અધિક દશથી તેત્રીસ સાગરોપમ સુધી કૃષ્ણ લેશ્યા અનુક્રમે અશુભ, અશુભતર ને અશુભતમ હોય છે.

**સુર-નારયાણ તાઓ, દવ્વ લેસા અવટ્ઠિઆ ભણિયા**
**ભાવ પરાવત્તીએ, પુણ એસિ હુન્તિ છલ્લેસા. ૨૩૮**

દેવ નારકને તે દ્રવ્ય લેશ્યા અવસ્થિત જીવે ત્યાં સુધી હોય છે. ભાવની પરાવર્તીએ વળી એઓને છએ લેશ્યા હોય છે. મતલબ કે ભાવ લેશ્યા પરાવર્તમાન છે તિર્યંચ મનુષ્યને ભવાંતરે દેવનારકમાં ઉપજતાં અથવા શેષ કાળે મૂળગી લેશ્યાના ત્યાગે અને નવી લેશ્યાના સંયોગે નવી લેશ્યા થાય જેમ ધોળુ વસ્ત્ર મજીઠાદિકના સંયોગે રાતું થાય, લેશ્યાનો કાળ ઉત્કૃષ્ટથી

અંતર્મુહુર્ત સુધી જ હોય છે. દેવ નારકને મૂળગી લેશ્યા નવી લેશ્યાના સંયોગે આકાર માત્ર પામે પણ તદરૂપપણે ન થાય. સાતમી નરકને કૃષ્ણ લેશ્યા છે. તે જ્યારે તેજોલેશ્યાદિ દ્રવ્ય સંયોગ પામીને તદાકાર માત્રને પામે તે વારે તે જીવને શુભ પરિણામ ઉપજવાથી સમ્યકત્વની પ્રાપ્તિ થાય.

સંગમ દેવને અકાર માત્રથી કૃષ્ણ લેશ્યા થવાથી વીર પ્રભુને ઉપસર્ગ કર્યો છે. કૃષ્ણાદિ ત્રણ લેશ્યાનો વર્ણ ગંધરસને સ્પર્શ અશુભ છે. જ્યારે તેજોપદ્મને શુકલ લેશ્યાનો વર્ણગંધ રસ સ્પર્શ શુભ છે. સાતમી નરકનો નારકી ઉત્કૃષ્ટ આયુ ભોગવીને મત્સ્ય જ થાય પણ જઘન્ય કે મધ્યમ આયુ ભોગવીને ગર્ભજ પર્યાપ્તા તિર્યંચમાં ઉપજી શકે તે રીતે વીર પ્રભુનો જીવ સાતમી નરકમાંથી નીકળી સિંહ થયો અને કમઠનો જીવ તિર્યંચ થયો છે.

**નિરઉવ્વટ્ટા ગબ્ભય, પજત્ત સંખાઉ લદ્ધિ એએસિં,**
**ચક્કિ હરિ જુઅલ અરિહા,**
**જિણ જઈ દિસિ સમ્મ પુહવિ કમા. ૨૩૯**

નરકમાંથી નીકળેલા ગર્ભજ પર્યાપ્તા સંખ્યાયુ મનુષ્ય કે તિર્યંચ થાય. પહેલી નરકમાંથી નીકળી ચક્રવર્તિ થઈ શકે, બીજીમાંથી નીકળી વાસુદેવ કે બળદેવ થઈ શકે, ત્રીજીમાંથી નીકળી તીર્થંકર થઈ શકે, ચોથીમાંથી નીકળી સામાન્યકેવળી થઈ શકે, પાંચમીમાંથી નીકળી સર્વ વિરતી થઇ શકે પણ મોક્ષે જાય નહિ. છટ્ઠીમાંથી નીકળી દેશવિરતી થઈ શકે પણ સાધુ થાય નહિ. સાતમીમાંથી નીકળેલ સમકિત પામી શકે અગર સાતમી નરકમાં પણ સમકિત પામે પણ મનુષ્ય થાય નહિ. તિર્યંચ જ થાય.

ગબ્ભ નર તિપલિયાઊ,
તિગાઊ ઉક્કોસ તે જહન્નેણું,
મુચ્છિમ દુહાવિ અંતમુહુ,
અંગુલ અસંખ ભાગતણુ. ૨૪૧

રત્નપ્રભામાં જઘન્ય અવધિજ્ઞાનથી જોવાની મર્યાદા સાડા ત્રણ ગાઉ સુધીની છે. અને ઉત્કૃષ્ટથી ચાર ગાઉની છે. પછી દરેકમાં અર્ધ ગાઉ ઓછી કરતાં સાતમી નરકમાં જઘન્ય અર્ધ ગાઉને ઉત્કૃષ્ટ એક ગાઉ સુધી જોઈ જકે. કુરુમતી છઠ્ઠી નારકીએ છે. અને બ્રહ્મદત્ત સાતમીએ છે તે બન્ને એકબીજાને યાદ કરે છે. જાતિસ્મરણને લીધે છે પણ અવધિજ્ઞાનથી દેખી શકે નહિ. અવધિજ્ઞાનનું ક્ષેત્રનું કોષ્ટક નીચે મુજબ છે.

| નરક | | જઘન્ય | | ઉત્કૃષ્ટ | |
|---|---|---|---|---|---|
| પહેલી નરકમાં | | ૩॥ | ગાઉ | ૪ | ગાઉ |
| બીજી | ,, | ૩ | ,, | ૩॥ | ,, |
| ત્રીજી | ,, | ૨॥ | ,, | ૩ | ,, |
| ચોથી | ,, | ૨ | ,, | ૨॥ | ,, |
| પાંચમી | ,, | ૧॥ | ,, | ૨ | ,, |
| છઠ્ઠી | ,, | ૧ | ,, | ૧॥ | ,, |
| સાતમી | ,, | ૦ | ,, | ૧ | ,, |

ઉપર મુજબ નારકી અને દેવની હકીકત નવ નવ દ્વાર વડે પુરી કરી હવે ભવન વિના આઠ આઠ દ્વારથી તિર્યંચ અને મનુષ્યની હકીકત કહે છે. બસો ગાથા દેવના વર્ણનની અને ચાલીસ ગાથા નારકીના વર્ણનની કહી હવે અઢાર ગાથામાં મનુષ્યનું વર્ણન કરીને બાકીની સાઠ ગાથામાં તિર્યંચનું વર્ણન કરી આ ગ્રંથ પુરો કરશે.

**ગબ્ભ નર તિપલિયાઊ,**
**તિ ગાઉ ઉક્કોસ તે જહન્નેણું**

**મુચ્છિમ દુહાવિ અંતમુહુ,**
**અંગુલ અસંખ ભાગતાણુ. ૨૪૧**

ગર્ભજ મનુષ્યો ત્રણ પલ્યોપમનાં આયુષ્યવાળાં ને ત્રણ ગાઉની અવગાહનાવાળા ઉત્કૃષ્ટથી હોય છે. તે ગર્ભજ મનુષ્યો જઘન્યથી અને સંમુછીંમ મનુષ્યો જઘન્ય તથા ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહુર્તના આયુષ્યવાળા અને અંગુલના અસંખ્યાતમાં ભાગના શરીરવાળાં હોય છે. ઉત્તર વૈક્રિય શરીર કરે તો જઘન્ય અંગુલનો અસંખ્ય ભાગ અને ઉત્કૃષ્ટથી લાખ યોજન અધીક ચાર આંગળ કરે છે. આહારક શરીર કરે તો જઘન્યથી દેશોન એક હાથ ને ઉત્કૃષ્ટથી પૂર્ણ એક હાથ કરે છે. તૈજસ કાર્મણ શરીરો ઔદારિક વૈક્રિય ને આહારકને સંયોગે તદ્રૂપપણે પરિણમે છે.

**બારસ મુહુત્ત ગબ્ભે ઇયરે ચઉવીસ વિરહ ઉક્કોસો,**
**જમ્મ-મરણેસુ સમઓ,**
**જહન્ન સંખા સુર સમાણા. ૨૪૨**

ગર્ભજ મનુષ્યને વિષે બાર મુહુર્ત અને સમુછીંમ મનુષ્ય વિષે ચોવીશ મુહુર્ત ઉત્કૃષ્ટ વિરહકાળ જન્મમરણને વિષે હોય છે, જઘન્ય એક સમય હોય છે. ઉપપાત ને ચ્યવન સંખ્યા સંખ્યાતા કે અસંખ્યાતાની હોય છે. ગર્ભજ મનુષ્યની સંખ્યા સંખ્યાતી ઉત્કૃષ્ટ ઓગનત્રીસ આંકડા જેટલી હોય છે. છન્નુવાર ઠામ બમણા કરતાં તે સંખ્યા આવે. સમુછીંમ મનુષ્યોની સંખ્યા અસંખ્યાતી હોય છે. પણ તે ચર્મચક્ષુથી

જોઈ શકાય નહિ ગર્ભજ મનુષ્યના ચૌદ અશુચી સ્થાનોમાં ઉપજે છે તે શ્રદ્ધાથી માનવું.

**સત્તમિ મહિ નેરઈએ, તેઊ વાઊ અસંખરનાતરિએ**
**મુત્તુણ સેસ જીવા, ઉપ્પજ્જંતિ નરભવંમિ. ૨૪૩**

સાતમી પૃથ્વીના નારકી તેઉવાઉ,] અસંખ્યાત વર્ષના યુગલીક તિર્યંચ થનુષ્યોને મુકીને બાકીના જીવો મનુષ્ય થઈ શકે છે. યુગલીકો મરીને પોતાના અયુષ પ્રમાણે અગર ઓછા આયુષ્ય દેવોજ થાય છે. ગર્ભજ સંખાયુ મરીને બધે જઈ શકે છે અપર્યાતગર્ભજ અને સમુર્છીમો મરીને પાંચ સ્થાવર ત્રણ વિકલેન્દ્રિ અને તિર્યંચ મનુષ્ય એ દસ પદમાં ઉત્પન્ન થાય છે. પણ દેવ નરકમાં ઉપજતા નથી.

**સુર નેરઈએહિં ચિય,**
**હવંતિ હરિઅરિહ ચક્કિ બલદેવા,**

**ચઊ વિહ સુર ચક્કિ બલા,**
**વેમાણિય હુન્તિ હરિ અરિહા. ૨૪૪**

દેવ નરકથી આવેલા જ નિશ્ચે અરિહંત ચક્રવર્તિ વાસુદેવ કે બળદેવ થઈ શકે છે. ચારે પ્રકારના દેવોમાંથી આવેલા ચક્રવર્તિ કે બળદેવ થાય છે. જ્યારે અરિહંત અને વાસુદેવો વૈમાનિકમાંથી જ આવે છે. અરિહંતાદિના પ્રભાવથી તથા લોક સ્વભાવથી લવણ સમુદ્ર જંબુદ્વીપને ડુબાવતો નથી.

**હરિણો માણુસ્સ રયણાઇં, હુન્તિ નાણુત્તરેહિં દેવેહિં**
**જહ સંભવ-મુવવાઓ,**
**હય ગય એગિંદિ રયણાણં. ૨૪૫**

વાસુદેવ અને ચક્રવર્તિનાં મનુષ્યરત્નો અને એકેન્દ્રિયરત્નો અનુત્તર દેવો થકી ન ઉપજે. ઇશાન સુધીમાંથી એકેન્દ્રિય રત્ન થાય. સહસ્રાર સુધીમાંથી ગજ અને અશ્વરત્ન થાય, બાકીના પાંચ મનુષ્ય રત્નો અનુત્તર વિના યથા સંભવ થાય વાસુદેવો અનુત્તર વર્જીને દેવ તથા નારકીમાંથી આવેલા થઈ શકે.

**વામ પમાણું ચક્કં, છત્તં દંડં દુહત્થયં ચમ્મં,**
**બત્તીસંગુલ ખગ્ગો,સુવન્નકાગિણિ ચઉરંગુલિયા ૨૪૬**
**ચઉરંગુલો દુ અંગુલ-**
**પિહુલો ય મણિ પુરોહિ ગય તુરયા,**
**સેણાવઇ ગાહાવઈ, વડ્ઢ ઇત્થી ચક્કિ રયણાઇં, ૨૪૭**

ચક્ર છત્ર અને દંડરત્ન વામ પ્રમાણ (બન્ને હાથી તીર્છા હાથો પ્રસારેલ) હોય ચર્મરત્ન બે હાથ લાંબુ ખડ્ગરત્ન બત્રીશ આંગળ લાંબુ, સુવર્ણ કાકિણી રત્ન ચાર આંગળ લાંબુ અને મણિરત્ન ચાર આગળ લાંબુને બે આંગળ પહોળું હોય છે.

એ સાત એકેન્દ્રિય રત્નો તથા સાત પંચેન્દ્રિય રત્નોમાં ગજ અને અશ્વ તિર્યંચ છે. અને પુરોહિત, સેનાપતિ, ગૃહપતિ, વાર્ધકી અને સ્રીરત્ન એ પાંચ મનુષ્ય છે. ચૌદે રત્નો એકેક હજાર યક્ષોએ અધિષ્ઠિત હોય, બે હજાર યક્ષ ચક્રવર્તિની બન્ને બાજુએ અંગરક્ષક તરીકે હોય એમ કુલ સોળ હજાર યક્ષો ચક્રવર્તિની સેવા કરે હવે તે ચૌદ રત્નના ગુણો અનુક્રમે કહેવાય છે.

૧ ચક્રરત્ન — અન્ય ગોત્રવાળા વૈરનું મસ્તક છેદે.

૨ છત્રરત્ન — ચક્રવર્તિના હસ્ત સ્પર્શે બાર યોજન વિસ્તાર પામે અને વૈતાઢય પર્વતની ઉત્તરે રહેનારા મ્લેચ્છોના દેવો મેઘ વરસાવે તેને રોકે.

૩ દંડરત્ન – વાંકી ભૂમિને સરખી કરે અને કામ પડે એક હજાર યોજન ભૂમિને ખોદે.

૪ ચર્મરત્ન – ચક્રવર્તિના હસ્ત સ્પર્શે બાર યોજન વિસ્તાર પામે અને પ્રભાતકાળે વાવેલ બીજને સંધ્યાકાળે ઉપભોગ કરવા યોગ્ય શાલી પ્રમુખ ધાન્ય ને ઉત્પન્ન કરે.

૫ ખડગરત્ન – સંગ્રામમાં અત્યંત શક્તિવંત હોય. ચર્મ વિના ચારે આયુધશાળામાં ઉપજે.

૬ કાકિણીરત્ન – જાત્ય સુવર્ણમય વૈતાઢયની ગુફામાં એકેકી ભીંતે ૪૯–૪૯ માંડલા કરવા યોગ્ય હોય ચર્મ, મણિ અને કાકિણી એ ત્રણ રત્નો ભંડારમાં ઉત્પન્ન થાય.

૭ મણિરત્ન – નીચે ચર્મરત્ન ને ઉપર છત્રરત્નની વચ્ચે છત્ર તુંબા પર રાખ્યું છતું તથા તમિશ્રા અને ખંડપ્રપાતા ગુફામાં હાથીના મસ્તક પર રાખ્યું છતું બાર યોજન પ્રકાશ આપે. અને હાથે કે મસ્તકે બાધ્યું હોય તો સમસ્ત રોગને દૂર કરે.

૮ પુરોહિતરત્ન – શાન્તિ કર્મ કરનાર હોય તે રાજધાનીમાં ઉપજે.

૯ ગજરત્ન – મહાપરાક્રમી હોય તે વૈતાઢય પર્વતની સમીપે ઉત્પન્ન થાય

૧૦ અશ્વરત્ન – મહાપરાક્રમી હોય તે વૈતાઢય પર્વતની સમીપે ઉત્પન્ન થાય.

૧૧ સેનાપતિરત્ન – ગંગા સિંધુની પેલી બાજુનાં ચાર ખંડ જીતનાર રાજધાનીમાં ઉપજે.

૧૨ ગૃહપતિરત્ન – રસોઈનું તથા ભંડારીનું કામ કરે ઘરને યોગ્ય બધું કામ કરે.

૧૩ વાર્ધકીરત્ન – સુતારની જેમ ઘર ચણે અને વૈતાઢયની ગુફામાં ઉન્મગ્ગા અને નિમ્નગા નદીના પુલ બનાવે. તેના ઉપરથી ચક્રવર્તિનું સૈન્ય પસાર થાય.

૧૪ સ્ત્રીરત્ન – અત્યંત અદ્દભુત રૂપવંત અને ચક્રવર્તિને ભોગ કરવા લાયક હોય તે રાજકુળમાં ઉત્પન્ન થાય. ગૃહપતિને વાર્ધકી પણ રાજધાનીમાં ઉપજે ચક્રવર્તિને ચોસઠ હજાર રાણીઓ હોય તે દરેકને ચક્રવર્તિ વૈક્રિય રૂપવડે ભોગવે, પણ મુળગું શરીર ઔદારિક હોવાથી તે રાણીઓને ગર્ભ ઉત્પન્ન થાય. ચક્રવર્તિને થએલ રતિશ્રમ સ્ત્રીરત્નને મૂળ શરીરે ભોગવતાં દુર થઇ જાય.

સ્ત્રીરત્નની યોની હતગર્ભા શંખાવર્ત હોવાથી ગર્ભ ઉત્પન્ન થયા છતાં નીકળે નહિ, અતિ ઉષ્ણુ યોનીમાં ગર્ભ મરી જાય. સ્ત્રીરત્નના સ્પર્શથી લોઢું પણ ઓગળી જાય. તેને ચક્રવર્તિ વિના કોઈ ભોગવી શકે નહિ અત્યંત કામ વિકારના પાપે છઠ્ઠી નરકે જાય.

જઘન્યથી જંબુદ્રીપમાં જયારે ચાર ચક્રવર્તિ હોય ત્યારે છપ્પન્ન રત્નો હોય અને ઉત્કૃષ્ટથી ત્રીશ ચક્રવર્તિ હોય ત્યારે ચારસો વીશ રત્નો હોય, જ્યાં ચક્રવર્તિ હોય તે વિજયમાં વાસુદેવ ન હોય. ચક્રવર્તિની જેમ જઘન્ય ઉત્કૃષ્ટથી વાસુદેવોની ઉત્પત્તિ જાણવી એટલે જઘન્યથી ચાર અને ઉત્કૃષ્ટથી ત્રીશ વાસુદેવો હોય.

ચક્કં ધણુહં ખગ્ગો,
મણી ગયા તહ ય હોઇ વણમાલા,
સંખો સત્ત ઇમાઈ, રયણાઈ વાસુદેવસ્સ. ૨૪૮

ચક્ર, ધનુષ, ખડગ, મણિ, ગદા, વનમાળા અને શંખ એ સાત રત્નો વાસુદેવને હોય છે. દેવોએ આપેલી વનમાળા કદી કરમાય નહિ તેવી હોય. કૌમુદીકી ગદા હોય જ્યાં વાસુંદેવ જીતે ત્યા શંખ ફુંકે જેનો ધ્વની બાર યોજન સુધી સંભળાય. બે ચક્રિ કે બે વાસુદેવ મળે નહિ પણ તેના શંખનો ધ્વનિ પરસ્પર મળે તે પણ આશ્ચર્ય ગણાય.

સંખ નરા ચઉસુ ગઇસુ,
જંતિ પંચસુવિ પઢમ સંઘયણે,
ઇગ દુ તિ જા અટ્ઠસયં,
ઇગસમએ જંતિ તે સિદ્ધિં. ૨૪૯

સંખાયુ મનુષ્યો ચારે ગતિમાં ઉપજે છે. અને પહેલું સંઘયણ છતે મોક્ષમાં પણ જાય છે. એક સમયમાં એક બે ત્રણ યાવત્ એકસો આઠ મોક્ષમાં જઈ શકે છે.

વીસિત્થિ દસ નપુંસગ, પુરિસ-ટ્ઠસિયં તુ એગસમએણું
સિજ્ઝઈ ગિહિ અન્ન સલિંગ,
ચઉ દસ અટ્ઠાહિયસયં ચ. ૨૫૦
ગુરુલહુ મજ્ઝિમ દો ચઉ,
અટ્ઠસયં ઉડ્ઢહો તિરિયલોએ,
ચઉ બાવીસ-ટ્ઠસયં, દુ સમુદ્દે તિન્નિ સેસ જલે. ૨૫૧

એક સમયે ઉત્કૃષ્ટથી સ્ત્રીઓ વીશ, કૃત્રિમ નપુંશકો દશ

અને પુરૂષો એકસો આઠ સિદ્ધ થાય ગૃહસ્થ લીંગે ચાર અન્ય લીંગે દશ અને સ્વલીંગે એકસો આઠ સિઝે, ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બે, મધ્યમ અવગાહનાવાળા એકસો આઠ અને જઘન્ય અવગાહનાવાળા ચાર સીઝે, ઉર્ધ્વલોકે ચાર (મેરૂની ચુલીકા શુદ્ધિ) અધોલોકે (કુબડી વિજયે) બાવીશ અને તિર્છી લોકમાં એકસો આઠ સીઝે, સમુદ્રમાં બે અને બાકી નદી દ્રહ વગેરેના જળમાં ઉત્કૃષ્ટની ત્રણ મોક્ષે જાય (અર્ણિકાચાર્ય)

**નરય તિરિયા-ગયા દસ, નરદેવ ગઇઉ વીસ અટઠસયં**
**દસ રયણા સક્કર વાલુયાઉ,**
**ચઉ પંક ભૂદગઓ. ૨૫૨**

**છચ્ચ વણસ્સઈ દસ તિરિ,**
**તિરિત્થિ દસ મણુય વીસ નારીઓ,**
**અસુરાઈ વંતરા દસ, પણ તદ્દેવિઉ પત્તેયં. ૨૫૩**

નરક અને તિર્યંચ ગતિમાંથી આવેલા દશ, મનુંષ્ય ગતિ માંથી આવેલા વીશ, વૈમાનિકમાંથી આલેલા એકસો આઠ, પહેલી ત્રણ નરકમાંથી આવેલા દશ, પૃથ્વીઅપ તથા ચોથી નરકમાંથી આવેલા ચાર. વનસ્પતિકાંયમાંથી આવેલા છ, તિર્યંચ પુરૂચ અને સ્રીથી આવેલ દશ, મનુષ્ય પુરુષથી આવેલા દશ પણ મનુષ્ય સ્રી થકી આવેલ વીશ, અસુરાદિ દશ ભવનપતિ અને વ્યંતરમાંથી આવેલા દશ. તેની દેવીઓ થકી આવેલ પાંચ, એક સમયમાં સિદ્ધ થાય છે,

**જોઈ દસ દેવિ વીસં, વેમાણિય ટઠસય વીસ દેવીઓ**
**તહ પુંવેએહિંતો, પુરિસો હોઊણ અટઠસયં. ૨૫૪**

**સેસટ્ઠ ભંગએસુ,દસ દસ સિજ્ઝન્તિ એગ સમએણં**
**વિરહો છમાસ ગુરુઓ,**
**લહુ સમઓ ચવણમિહ નત્થિ. ૨૫૫**

જ્યોતિષી દેવો થકી આવેલા દશ, વૈમાનીક દેવો થકી આવેલ એકસો આઠ જ્યોતિષી અને વૈમાનિકની દેવીઓ થકી આવેલ વીશ એક સમયે સીઝે છે. પુરૂષ વેદ થકી આવેલ પુરૂષ થઇને એકસો આઠ બાકીના આઠ ભાગે દશ દશ મોક્ષે જાય છે. મોક્ષે જવાનું ઉત્કૃષ્ટથી છ માસ અને જઘન્યથી એક સમય છે. વૈમાનીક ને જ્યોતિષી દેવીઓ તથા નારી થકી આવેલા વીશ મોક્ષે જાય તેમાં સમજવાનું કે સ્ત્રીવેદથી આવી કોઇ પુરુષ સ્ત્રી કે કૃત્રિમ નપુંશક થાય એમ સર્વે મળી વીશ સીઝે પરંતુ એક વેદે તો દશજ જાય, ત્રણ વેદમાંથી આવે ને ત્રણ વેદમાં થઇ મોક્ષે જાય એમ નવ ભાંગામાંથી આઠ ભાંગે દશ છે.

ભદ્રશાળનંદન અને સોમનસ વનમાંથી તથા સ્વયં બુદ્ધ એક સમયે ચાર સીજે પાંડકવનમાંથી બે, મહાવિદેહની એકેકી વિજયમાંથી વીશ, એકેકી અકર્મ ભુમિમાં સંહરણથી દશ કર્મભૂમિમાં સંહરણથી પણ દશ, ઉત્સર્પિણીના ૧–૨–૪ ૫–૬ આરે અને અવસરર્પિણીના ૧–૨–૩–૬ આરે સંહરણથી દશ, અતીર્થ સિદ્ધ અને પ્રત્યેક બુદ્ધ સિદ્ધ દશ. દરેક કર્મ ભૂમિમાંથી એક સમયે એકસો આઠ, ઉત્સર્પિણીના ત્રીજા આરે અને અવશરપીણીના ચોથા આરે એક સમયે એકસો આઠ અવસરપીણીના પાંચમા આરે દરેક ભરત ઐરવતમાંથી એક સમયે વીશ મોક્ષે જાય. ઉત્સર્પિણીના પાંચમા છઠ્ઠા આરે અને અવસરપીણીના પહેલા બીજા આરે યુગલીયાં જ હોય

માટે સીઝે નહિ. અર્થાત્ મોક્ષે જાય નહિ. સંહરણથી જાય
તે અગાઉ કહી ગયા છે.

અડ સગ છ પંચ ચઉતિન્નિ,
દુન્નિ ઈક્કોય સિજ્જમાણેસુ,
બત્તીસાઇસુ સમયા, નિરંતરં અંતરં ઉવરિં. ૨૫૬
બત્તીસા અડયાલા, સટ્ઠી બાવત્તરી ય બોધવ્વા.
ચુલસીઈ છન્નવઈ, દુરહિય મટ્ઠુત્તર સયં ચ. ૨૫૭
પણયાલ લકખ જોયણ.
વિકખંભા સિદ્ધસિલ ફલિહવિમલા,
તદુવરિગ જોયણંતે,
લોગંતો તત્થ સિદ્ધ-ઠિઈ. ૨૫૮

આઠ સમય સુધી નિરંતર બત્રીસ સીઝે સાત સમય સુધી અડતાલીસ સીજે છ સમય સુધી સાઠ, પાંચ સમય સુધી બોતેર, ચાર સમય સુધી ચોરાસી ત્રણ સમય સુધી છન્નું બે સમય સુધી એકસો બે ને એક સમયે એકસો આઠ સીજે પછી અવશ્ય અંતર પડે. ૩૩ થી ૪૮, ૪૯ થી ૬૦, ૬૧ થી ૭૨, ૭૩ થી ૮૪, ૮૫ થી ૯૬ ૯૭ થી ૧૦૨, ૧૦૩ થી ૧૦૮ એમ દરેકમાં સમજવું પીસ્તાલીસ લાખ યોજનના વિસ્તારવાળી સિદ્ધશીલા સ્ફટિક જેવી નિર્મળ સુવર્ણની છે. તેની ઉપર એક યોજનના છેડે લોકાંત છે. ત્યાં સિદ્ધો રહેલા છે પૂર્વના શરીરની અવગાહના પડે છે. (આકાર માત્ર) દરેકનાં મસ્તક લોકાંતે અડેલાં છે. અને બેઠક દરેકની નીચી ઉંચી છે. ઉપર ધર્માસ્તિકાયનો અભાવ હોવાથી ત્યાં અટકી ગયા છે. પાંચસો ધનુષની અવગાહના ઘન થતાં ત્રણસે તેત્રીસ બે તૃતીયાઉંસ ઘન થાય.

સર્વાર્થ સિદ્ધ વિમાનની ધ્વજાથી ઉપર બાર યોજન છેટે સિદ્ધશીલા છે. તેઉત્તાન છત્રને આકારે પીસ્તાલીસ લાખ યોજન પ્રમાણુ લાંબી પહોળો સ્ફટિકનીજેવી નિર્મળ ધોળા સુંવર્ણની છે તેનું બીજું નામ ઈષત્પ્રાગ્ભારા છે, તે સિદ્ધશીલા મધ્ય ભાગે આઠ યોજન જાડી છે. તે પછી દિશી વિદિશામાં ઘટતી ઘટતી છેડે માખીની પાંખ જેવી પાતળી છે તેની ઉપર ઉત્સેવ અંગુલ વડે એક યોજન દુર લોકાન્ત છે. ત્યાં સિદ્ધોની સ્થિતિ રહેવાનું સ્થળ જાણવું પોતાની અવગહતાનો ત્રાજો ભાગ પોલાણને પુરવાથી સિદ્ધની અવગાહના આવે ઉત્કૃષ્ટ શરીર ૫૦૦ ધનુષ પ્રમાણને। ત્રીજો ભાગ બાદ કરવાથી ત્રણસો ત્રેત્રીશ પુર્ણાંક એક તૃત્યાઉંસ ધનુષ પ્રમાણ ઉત્કૃષ્ટ સિદ્ધની અવગાહના અને જઘન્ય બે હાથ પ્રમાણ શરીરને। ત્રીજો ભાગ બાદ કરવાથી એક હાય ને આઠ આંગળ જઘન્ય અવગાહના સિદ્ધની હોય. સર્વાર્થ સિદ્ધ વિમાનની ધજાથી બાર યોજન છેડે લોકાંત છે. એ બીજો મત જાણવો. પહેલો મત સાચો જણાય છે. તત્ત્વ કેવળી ગમ્યા.

**બાવીસ સગ તિ દસ વાસ**
**સહસ ગણિ તિદિણ બેઇં દિયાઇસું,**
**બારસ વાસુણ પણ દિણ,**
**છમાસતિપલિયઠિઇ જિટઠા. ૨૫૯**

| | | | |
|---|---|---|---|
| પૃથ્વીકાયની | ૨૨૦૦૦ વર્ષ | બેઈન્દ્રિયની | ૧૨ વર્ષ |
| અપકાયની | ૭૦૦૦ ,, | તેઇન્દ્રિયની | ૪૯ દિવસ |
| તેઉકાયની | ત્રણ અહોરાત્રી | ચૌરેન્દ્રિયની | ૬ માસ |
| વાઉકયની | ૩૦૦૦ વર્ષ | મનુષ્યની | ત્રણ પલ્યોપમ |
| વનસ્પતિકાયની | ૧૦૦૦૦ વર્ષ | તિર્યંચ | ,, ,, |

ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે છે. જઘન્ય અંતર્મુહુર્ત છે. પૃથ્વીકાયાદિની ઉત્કૃષ્ટ સ્થિતિ નિરૂપદ્રવ સ્થાનને વિષે જાણવી.

**સણ્હા ય સુદ્ધ વાલુય,મણોસિલા સક્કરા ય ખર પુઢવી**
**ઇગ બાર ચઉદ સોલસ,**
**ટ્ઠારસ બાવીસ સમ સહસા. ૨૬૦**

મારવાડ દેશની સુંવાળી માટીનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક હજાર વર્ષનું છે શુદ્ધ ગોપીચંદન પૃથ્વીનું બાર હજાર વર્ષનું નદી પ્રમુખ રેતીનું ચૌદ હજાર મનઃશીલનું સોળ હજાર, કાંકરા હડતાલ સુરમાનું અઢાર હજાર અને કઠણ પૃથ્વી પાષાણરત્નાદિકનું ઉત્કૃષ્ટ આયુ બાવીસ હજાર વર્ષનું જાણવું

**ગબ્ભ ભુય જલયરો–ભય,**
**ગબ્ભોરગ પુવ્વ કોડિ ઉક્કોસા,**
**ગબ્ભચઉપ્પય પક્ખિસુ,**
**તિપલિય પલિયા અસંખંસા. ૨૬૧**

ગર્ભજ ભુજપરિસર્પ, સમુર્છીમને ગર્ભજ જળચર ગર્ભજ ઉરપરીસર્પનું ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વ ક્રોડ વર્ષનું છે. ગર્ભજ ચતુષ્પદ અને પક્ષીઓનું અનુક્રમે ત્રણ પલ્યોપમ અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. (યુગલીક પશુપક્ષી) પશુપક્ષી જો યુગલીક ન હોય તો ઉત્કૃષ્ટ આયુષ્ય પૂર્વક્રોડ વર્ષનું જાણવું. જળચર, ઉરપરિસર્પ કે ભૂજપરિસર્પો યુગલીક હોતા નથી.

**પુવ્વસ્સ ઉ પરિમાણં,**
**સયરિં ખલુ વાસ કોડિ લક્ખાઓ,**
**છપ્પન્નં ચ સહસ્સા, બોધવ્વા વાસ કોડીણં. ૨૬૨**

એક પૂર્વનું પરિમાણ નિશ્ચે સીતેર લાખ ને છપ્પન્ન હજાર એટલા ક્રોડ વર્ષ જાણવું. ચોરાસી લાખ વર્ષે એક પૂર્વાંગ થાય. ચોરાસી લાખ પૂર્વાંગે એક પૂર્વ થાય.

**સંમુચ્છિમ પણિંદિથલ ખયર,**
**ઉરગ ભુયગ જિટ્ઠ ઠિઇ કમસો,**
**વાસ સહસ્સા ચુલસી,**
**બિસત્તરિ તિપન્ન બાયાલા. ૨૬૩**

સમુર્છીંમ ચતુષ્પદનું ચોરાશી હજાર વર્ષ ખેચરનું બોતેર હજાર વર્ષ ઉરપરિસર્પનું ત્રેપન હજાર વર્ષ અને ભુજપરિસર્પનું બેતાલીસ હજાર વર્ષ ઉત્કૃષ્ટ આયુ છે.

**એસા પુઢવાઇણં, ભવઠિઈ સંપયં તુકાયઠિઇ,**
**ચઉ એગિંદિસુ ણેયા,**
**ઉસ્સપ્પિણિઓ અસંખિજ્જા. ૨૬૪**

એ પૃથ્વીકાયાદિની ભવસ્થિતિ કહી હવે કાયસ્થિતિ કહીશું પૃથ્વીકાય અપકાય તેઉંકાય ને વાઉકાયની કાયસ્થિતિ અસંખ્યાત ઉત્સર્પીણી અવર્પિંણી જાણવી. ક્ષેત્રથી અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ જાણવી.

**તાઓ વણંમિ અણંતા,**
**સંખિજ્જા વાસ સહસ વિગલેસુ,**
**પંચિંદિ તિરિ નરેસુ, સત્તટ્ઠ ભવા ઉ ઉક્કોસા. ૨૬૫**

વનસ્પતિને વિષે ઉત્કૃષ્ટથી કાયસ્થિતિ અનંતી ઉંત્સર્પીણી અવસર્પિંણી છે વિગલેન્દ્રિયની સંખ્યાતા હજાર વર્ષની અને પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યની સાત કે આઠ ભવની હોય છે. (આઠમો ભવ કરે તો યુગલીકનો જાણવો) આ કાયસ્થિતિ

વ્યવહાર રાશી જીવને સંભવે. કારણ કે વ્યવહાર રાશીવાળો જીવ મરણ પામીને નિગોદમાં જાય તો અનંતી ઉત્સપીંણી અવસપીંણી રહીને પછીથી તે જીવ વ્યવહાર રાશીમાં રહે. સમુર્છીમ તિર્યંચની કાયસ્થિતિ પૂર્વક્રોડ પૃથકત્વ વર્ષની અને સમુર્છીમ મનુષ્યનો કાયસ્થિતિ મુહુર્ત પૃથકત્વની જાણવી.

**સવ્વેસિંપિ જહન્ના અંતમુહુત્ત ભવે ય કાયે ય,**
**જોયણ સહસ્સ મહિયં એગિંદિય દેહ–મુક્કોસ ૨૬૬**

**બિતિ ચઉરિંદિ સરીરં,**
**બારસ જોયણ તિકોસ ચઉક્કોસં,**
**જોયણ સહસ પણિંદિય,ઓહે વુચ્છં વિસેસં તુ ૨૬૭**

સર્વેની જઘન્ય ભવસ્થિતિ અને કાયસ્થિતિ અંતમુહુર્તની હોય છે. એકેન્દ્રિયમાં પ્રત્યેક વનસ્પતિકાયનું ઉત્કૃષ્ટ શરીર એક હજાર યોજનથી કંઈક અધીક હોય છે. બેઇન્દ્રિયનું બાર યોજન તેઈન્દ્રિયનું ત્રણ ગાઉ ને ચૌરેન્દ્રિયનું ચાર ગાઉ છે. પંચેન્દ્રિય તિર્યંચનું એક હજાર યોજનનું છે

**અંગુલ અસંખ ભાગો,**
**સુહુમનિગોઓ અસંખ ગુણવાઊ,**
**તો અગણિ તઓ આઉ,**
**તત્તો સુહુમા ભવે પુઢવી. ૨૬૮**

**તો બાયર વાઉ ગણી,**
**આઊ પુઢવી નિગોય અણુક્કમસો,**
**પત્તેઅવણ સરીરં, અહિયં જોયણ સહસ્સં તુ. ૨૬૯**

સુક્ષ્મનિગોદનું શરીર અંગુલનો અસંખ્યાતમો ભાગ છે. તેથી અનુક્રમે સુક્ષ્મ વાઉકાય, સુક્ષ્મ તેઉકાય, સુક્ષ્મ અપ-

કાય, સુક્ષ્મ પૃથ્વીકાયનું શરીર અસંખ્ય ગુણુ છે. તેથી બાંદરનિગોદનું શરીર અસંખ્ય ગુણુ છે તેથી બાદર પ્રત્યેક વનસ્પતિકાયનું શરીર તો એક હજાર યોજનથી પણુ અધીક છે. ઉત્સેધાંગુણુ હજાર યોજન ઉંડા સરોવરમાં કમળની નાળ ભૂમિમા ઉગે છે.

**ઉંસ્સેહુંગુલ જોયણુ, સહસ્સમાણે જલાસએ નેયં,**
**તં વલ્લિ પઉમ પમુહં,**
**અઓ પરં પુઢવીરૂવં તુ ં ૨૭૦**

ઉત્સેધ અંગુલથી હજાર યોજન પ્રમાણુવાળા સરોવરને વિષે તે વેલડી તથા કમળ પ્રમુખનું પરિમાણુ જાણુવુ એથી વધારે પરિમાણુ પૃથ્વીકાય રૂપ કમળનું છે. શ્રીદેવીનાં કમળ પદ્મદ્રહમાં છે. તે પૃથ્વીકાયનાં છે.

**બારસ જોયણુ સંખો,**
**તિકોસ ગુમ્મીય જોયણું ભમરો,**
**મુચ્છિમ ચઉપય,**
**ભુય ગુરગ ગાઉ–ધાણુ–જોયણુ–પુહુત્તં, ૨૭૧**
**ગબ્ભ ચઉપ્પય છગ્ગાઉયાઈ,**
**ભુયગાઉ ગાઉ ય પુહુત્તં,**
**જોયણુ સહસ્સ—મુરગા,**
**મચ્છા ઉભયે વિ ય સહસ્સં. ૨૭૨**
**પક્ખિ દુગ ધાણુપુહુત્તં,**
**સવ્વાણંગુલ અસંખ ભાગ લહૂ**
**વિરહો વિગલાસન્નિણુ,**
**જમ્મ મયણેસુ અંતમુહૂ. ૨૭૩**

અઙભે મુહુત્ત બારસ,
ગુરુઓ લહુ સમય સંખ સુર તુલ્લા,
અણુસમય મસંખિજ્જા,
એગિંદિય હુંતિ ય ચવંતિ. ૨૭૪

વણુકાઈઓ અણંતા, ઈક્કિક્કાઓ વિ જં નિગોયાઓ,
નિચ્ચ-મસંખો ભાગો, અણંત જીવો ચયઈ એઈ ૨૭૫

બાર યોજન પ્રમાણ શંખ, ત્રણ ગાઉ પ્રમાણ કાનખજુરા અને એક યોજન પ્રમાણ ભમરો છે. સમુચ્છિંમ ચતુષ્પદનું શરીર બેથી નવ ગાઉનું ભુજપરિસર્પનું બેથી નવ ધનુષ ને ઉરપરિસર્પનું બેથી નવ યોજન છે. ગર્ભજ ચતુષ્પદનું શરીર છ ગાઉનું છે. ગર્ભજ ભુજપરિસર્પનું બેથી નવ ગાઉ, ગર્ભજ ઉરપરિસર્પ તથા ગર્ભજ અને સમુર્છીમ જલચર એક હજાર યોજન પ્રમાણના છે. સમુર્છીમ અને ગર્ભજ પક્ષીનું બેથી નવ ધનુષ છે. સર્વેનું જઘન્ય શરીર અંગુલનો અસંખ્યાતમો ભાગ શરીર પર્યાપ્તિવેલાએ હોય છે. પંચેન્દ્રિ તિર્યંચને ઉત્તર વૈક્રિય શરીર જઘન્યથી અંગુલનો સંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી નવસો યોજન છે. વિગલેન્દ્રિ અને અસંજ્ઞી તિર્યંચનો જન્મ મરણનો વિરહકાળ ઉત્કૃષ્ટથી અંતર્મુહુર્ત હોય છે, ગર્ભજ તિર્યંચનો ઉપપાત ચ્યવન વિરહકાળ બાર મુહુર્ત હોય છે.

સર્વેનો જઘન્ય વિરહકાળ એક સમયનો છે. બે ઈન્દ્રિયાદિનો ઉપપાત અને ચ્યવન સંખ્યા દેવોની જેમ એક સમયે સંખ્યાત કે અસંખ્યાત હોય છે. એકેન્દ્રિય જીવો પ્રતિ સમયે ઉપજે છે. અને મરે છે. માટે તેઓનો વિરહકાળ નથી કેમકે

સમયે પૃથ્વી આદિચાર અસંખ્યતા ઉપજે છે. અતે મરે છે. સાધારણ વનસ્પતિકાય અનંતા ઉપજે છે અને મરે છે. જે કારણથી એકેકી નિગોદનો અસંખ્યાતમો ભાગ અનંત જીવ રૂપ નિરંતર ઉપજે છે. અને મરે છે. નિગોદના અનંતા જીવોનું એક શરીર હોવાથી સાથે શ્વાસ લે છે. ને સાથે આહાર લે છે. તે માટે તેનું બીજું નામ સાધારણ વનસ્પતિ કાય કહેવાય છે.

**ગોલા ય અસંખિજ્જા,**
**અસંખ નિગોયઓ હવઇ ગોલો,**
**ઇક્કિક્કંમિ નિગોએ, અણંત જીવા મુણેયવ્વા. ૨૭૬**

અસંખ્યાતા ગોળા છે. અસંખ્યત નિગોદે એક ગોળો થાય છે. એકક નિગોદને વિષે અનંતા જીવો છે. નિગોદનાબે ભેદ છે, સંવ્યવહારીક અને અસંવ્યહારીક અનાદિ શુક્ષમ નિગોદમાંથી નીકળી પૃથ્વી આદિમાં ઉપજેતેકદાચ ફરીથી શુક્ષમ નિગોદમાં જાય તો પણ એકવાર વ્યવહારમાં આવેલો હોવાથી સાંવ્યવહારીકજ કહેવાય છે. તેની સ્થિતિ જઘન્યથી અંતર્મુહુર્ત અને ઉત્કૃષ્ટથી અસંખ્યાત ઉત્સર્પીણી અવસર્પીણી હોયછે તેથી જે જીવો અનદિ કાળથી સુક્ષ્મ નિગોદમાં જ હોય છે. તેઓ અસવ્યવહારીક કહેવાય છે. જેટલા જીવો મોક્ષે જાય તેટલાજ જીવો સુક્ષ્મ નિગોદમાંથી નીકળીને સાંવ્યવહારીક પૃથ્વી આદિમાં ઉંપજે છે. તેથી સાંવ્યવહારીક જીવો સદાકાળ સરખાજ રહે છે. એટલે ગમે તેટલા જીવો મોક્ષે જાય તો પણ સાંવ્યવહારીક જીવો ઘટતા નથી અસંવ્યવહારીક જીવો તેથી અનંત્તા છે.

અત્થિ અણુંતા જીવા,
જેહિં ન પત્તો તસાઈ પરિણામો
ઉપ્પજજંતિ ચયંતિ ય,
પુણો વિ તત્થેવ તત્થેવ. ૨૭૭

અનંતા જીવો એવા છે કે જેઓ ત્રસ પણ પામ્યા નથી એટલે ફરી ફરીને ત્યાંજ ઉપજે છે અને મરે છે. અભવ્ય જીવોની સંખ્યાં મુકરર છે તેથી તેમાં વધારો ઘટાડો થતો નથી ચોથે અનંતે છે. જાતિ ભવ્યો વ્યવહારરાશીમાં આવતાં નથી તેથી મોક્ષે જઈ શકતા નથી દુર્ભવ્યો ઘણા કાળે મોક્ષે જાય છે. જ્યારે નિકટ ભવી જીવોજ જલ્દી મોક્ષે જઈ શકે છે.

સવ્વો વિ કિસલઓ ખલુ,
ઉગ્ગમમાણો અણુંતઓ ભણિઓ,
સો ચેવ વિવડઢન્તો, હોઇ પરિત્તો અણુંતો વા. ૨૭૮

સર્વે પણ સાધારણ અથવા પ્રત્યેક વનસ્પતિકાયનો ઉગતો કિસલય (પ્રથમ પાંદડાની અવસ્થાને પામેલો) નિશ્ચે અનંતકાય કહયો છે, અને તે વધતો વધતો અંત મુંહુર્ત પછી પ્રત્યેક કે સાધારણ વનસ્પતિકાય થાય છે. ઉગતો કિસલય જો પ્રત્યેક થવાનો હોય તો તેમાંથી બીજા જીવો ચ્યવી જાય છે.

જયા મોહોદઓ તિવ્વો, અન્નાણું ખુ મહબ્ભયં,
પેલવં વેયણીયં તુ, તયા એગિંદિયત્તણું. ૨૭૯

જ્યારે મોહનો ઉદય તીવ્ર હોય. મૈથુનાભિલાષ અત્યંત થાય, મહાન ભયરૂપ નિશ્ચે અજ્ઞાન થાય, જેણે કરી સચેતન

જીવ પણ અચેતન જેવો થઈ જાય. અને અસાર એવી અશાતા વેદનીયનો ઉંદય થાય ત્યારે જીવ એકેન્દ્રિયપણાનું આયુષ્ય બાંધે.

તિરિએસુ જંતિ સંખાઉ,
તિરિ નરા જા દુકપ્પદેવાઓ,
પજ્જત્ત સંખ ગબ્ભય,
બાયર ભૂ દગ પરિત્તેસુ. ૨૮૦

તો સહસારંત સુરા,
નિરયા પજ્જત્ત સંખ ગબ્ભેસુ,
સંખ પણિંદિય તિરિયા,
મરિઉં ચઉસુવિ ગઇસુ જન્તિ. ૨૮૧

સંખ્યાતા આયુષ્યવાળા તિર્યંચો અને મનુષ્યો, તિર્યંચોમાં ઉપજે છે. બે દેવલોક સુધીના દેવો પર્યાપ્તા સંખ્યાયુ ગર્ભજ તિર્યંચ મનુષ્ય તથા પર્યાપ્તા બાદર પૃથ્વીકાય અપકાય ને વનસ્પતિકાયમાં ઉપજે છે. તે પછી સહસ્રર સુધીનાં દેવો અને નારકીઓ તથા પર્યાપ્તા સંખ્યાયુ ગર્ભજજીવો તિર્યંચ અને મનુષ્યમાં ઉપજે છે. સંખ્યાત આયુષ્યવાળા પંચેન્દ્રિય તિર્યંચો મરીને ચારે ગતિઓને વિષે ઉપજે છે. સ્થાવર અને વિગલેન્દ્રિયો નિશ્ચે સંખ્યાત આયુષ્યવાળા તિર્યંચ મનુષ્યમાં ઉપજે છે આગામી ભવમાં વિગલેન્દ્રિયો સર્વ વિરતીપણાને પામે પણ તેઉવાઉથી આવેલા જીવો આગામી ભવમાં સમ્યકત્વ પણ ન પામે.

થાવર વિગલા નિયમા,
સંખાઉય તિરિ નરેસુ ગચ્છન્તિ,
વિગલા લભિજ્જ વિરઇં,
સમ્મંપિ ન તેઉવાઉ ચુયા. ૨૮૨

પુઢવી દગ પરિત્તવણા,
બાયર પજ્જત્ત હુન્તિ ચઉલેસા,
ગબ્ભય તિરિય નરાણં,
છલ્લેસા તિન્નિ સેસાણં. ૨૮૩

બાદરપર્યાપ્ત પૃથ્વીકાય અપકાયને પ્રત્યેક વનસ્પતિકાય ચાર લેશ્યાવાળા હોય છે ગર્ભજ તિર્યંચ મનુષ્યોને છ લેશ્યા હોય છે. અને બાકીના જીવોને ત્રણ લેશ્યા હોય છે બાદર એકેન્દ્રિયને અપર્યાપ્તા વસ્થામાંજ તેજો લેશ્યા હોય છે

અંતમુહુત્તંમિ ગએ, અંતમુહુત્તંમિ સેસએ ચેવ
લેસાહિં પરિણયાહિં, જીવા વચ્ચંતિ પરલોયં.૨૮૪

તિર્યંચ મનુષ્યોને આગામી ભવની લેશ્યાનું અંતર્મુહુર્ત ગયે છ તે અને દેવનારકરને પોતાના ભવની લેશ્યા અંતર્મુહુર્ત બાકી રહે છતે નિશ્ચે પરિણામ પામેલી લેશ્યા વડે જીવો પરલોક જાય છે. તિર્યંચ મનુષ્ય આવતા ભવની લેશ્યા આવ્યા પછી અંતર્મુહુર્ત ગયે છતે મરણ પામે. જ્યારે દેવ-નારકને પોતાના ભવની લેશ્યાનું અંતર્મુહુર્ત બાકી રહે તે વારે મરણ પામીને પરભવમાં ઉપજે. મતલબ કે મરણ વખતે તિર્યંચ મનુષ્યને પરલોકની લેશ્યા લેવા આવે છે ને દેવનાર કને પોતાની લેશ્યાં પરભવમાં મુકવા જાય છે.

તિરિ નર આગામિ,
ભવ લેસ્સાએ અઇગિયે સુરા નિરયા
પુવ્વ ભવ લેસ્સ સેસે,
અંતમુહુત્તો મરણમિતિ. ૨૮૫

**અંતમુહુત્તં ઠિઇઓ,**
**તિરિય નરાણં હવન્તિ લેસ્સાઓ,**
**ચરિમા નરાણ પુણ નવ વાસૂણા પુવ્વકોડી વિ. ૨૮૬**

તિર્યંચ મનુષ્યોને અંતર્મુહુર્ત લેશ્યા પરાવર્ત પામે છે પણ નવ વર્ષે કેવળી થનારને ઉત્કૃષ્ટ પૂર્વક્રોડ સુધી શુકલ લેશ્યા રહે છે.

**તિરિયાણ વિ ઠિઇપમુહં,**
**ભણિય-મસેસંપિ સંપઇં વુચ્છં.**
**અભિહિય દાર-બ્ભહિયં,**
**ચઉગઈ જીવાણ સામન્નં. ૨૮૭**

તિર્યંચોની પણ સ્થિતિ વગેરે સમસ્ત આઠ દ્વાર કહ્યા હવે તે ઉપરાંતનું વર્ણન ચારે ગતિના જીવોને વિષે સામાન્ય પણે કહીશું.

**દેવા અસંખ નર તિરિ,**
**ઇત્થી પુંવેય ગબ્ભ નર તિરિયા,**
**સંખાઉયા તિ વેયા, નપુંસગા નારયાઇઆ. ૨૮૮**

દેવો, યુગલીક મનુષ્ય તિર્યંચો સ્ત્રીને પુરૂષ બે વેદવાળા હોય છે. ગર્ભજ મનુષ્ય અને તિર્યંચો સંખ્યાતાયુ ત્રણે વેદ વાળા હોય છે. નારકી અકેન્દ્રિય વિગલેન્દ્રિય સમુર્છીમ તિયંચ અને મનુષ્યો નપુંશક વેદવાળા હોય છે.

**આયંગુલેણ વત્થું, સરીર-મુસ્સેહ-અંગુલેણ તહા,**
**નગ-પુઢવિ-વિમાણાઈ,**
**મુણસુ પમાણં-ગુલેણં તુ. ૨૮૯**

આત્માંગુલ વડે હાર વગેરે વસ્તુને, ઉત્સેધ અંગુલ વડે શરીરને અને પ્રમાણઅંગુલ વડે પર્વત પૃથ્વી વિમાનાદિને તું માપ. આત્માંગુલ જે કાળે જેટલું શરીર હોય તેને અનુસારે પોતપોતાના અંગુલથી ભોંયરૂં, કુવા, વાવ, તળાવ, ધવલગૃહ પ્રમુખ મપાય ભરત ચક્રિના વખતે તેમના આગળ પ્રમાણે અને મહાવીર સ્વામીના વખતે તેમના આંગળથી ઘર હાટ વગેરે કરતા હતા, અત્યારે ચાલતું માપ તે ઉત્સેધાંગુલ ચોવીશ આંગળનો એક હાથ તેથી દેવાદિકના શરીર મપાય અને પ્રમાણાંગુલથી (ભરતચક્રીના અંગુલથી) પર્વત, નરક, પૃથ્વી, વિમાનો, ભવનો, નરકાવાસા, દ્વીપ સમુદ્ર વગેરે મપાય (ઉત્સેધાંગુલ કરતાં પ્રમાણાંગુલ ચારસો ઘણો મોટો જાણવો.

અત્થેણ સુતિક્ખેણ વિ,
છિ-તું ભિ-તું ચ જં કિર ન સક્કા
તં પરમાણું સિદ્ધા, વયંતિ આઈ પમાણાણં, ૨૯૦

અત્યંત તીક્ષ્ણ એવા શસ્ત્રવડે પણ જેને છેદવાને ભેદવાને નિશ્ચે પુરુષો શક્તિમાન ન થાય તે પરમાણુને કેવળીભગવંતો અંગુલાદિ પ્રમાણોનું મૂળ કારણ કહે છે. પરમાણુના બે ભેદ છે સૂક્ષ્મ અને બાદર અનંતા સૂક્ષ્મ પરમાણુના વિસ્રસા પરિણામે એકઠા થાય તે બાદર વ્યવહારીક પરમાણુ કહેવાય છે.

પરમાણુ તસરેણુ, રહરેણુ વાલઅગ્ગ લિક્ખા ય,
જુય જવો અટ્ઠગુણો, કમેણ ઉસ્સેહ-અંગુલયં. ૨૯૧

અંગુલ છક્કં પાઓ,
સો દુગુણ વિહત્થિ સા દુગુણ હત્થો,
ચઉહત્થં ધણુ દુસહસ,
કોસો તે જોયણં ચઉરો. ૨૯૨

અનંત સુક્ષ્મ પરમાણુએ એક બાદર પરમાણુ થાય આઠ બાદર પરમાણુનો એક ત્રસરેણુ, આઠ ત્રસરેણુએ એક રથરેણું, આઠ રથરેણુનો એક વાલાગ્ર આઠ વાલાગ્રે એક લીખ, આઠ લીખે એક જુ. આઠ જુએ એક જવ, આઠ જવે એક ઉત્સેધંગુલ છ આંગળે પગનો મધ્ય ભાગ તે પગનાં બે મધ્ય ભાગને બમણા કરતાં એક વેંત થાય બે વેંતનો એક હાથ, ચાર હાથનો એક ધનુષ અને બે હજાર ધનુષનો એક ગાઉ થાય, ચાર ગાઉનો એક યોજન થાય છે. ત્રસરેણુ સૂર્યના તડકાવડે દેખાય છે. વાયુવડે ઉંચી નીચી અને તીર્છી ચાલવાના સ્વભાવવાળી છે, રથના પૈડાથી ઉડાડેલી રજ તે રથરેણુ છે. આઠ જુ એ જવનો મધ્ય ભાગ થાય છે.

**ચઉસયગુણં પમાણં, ગુલ મુસ્સેહં-ગુલાઉ બોધવ્વં**
**ઉસ્સેહં-ગુલ દુગુણં,**
**વીરસ્સાયંગુલં ભણિયં. ૨૯૩**

ઉત્સેધાંગુલથી ચારસો ઘણું પ્રમાણાંગુલ છે ઉત્સધાંગુલથી બમણું વીરભગવાનનું આત્માંગુલ જાણવું. ઋષભદેવ ને ભરત ચક્રિનું શરીર આત્માંગુલે એકસો વીશ આગળ હતું. તેના ઉત્સેધાંગુલ અડતાલીસ હજાર થાય ૧૨૦+૪૦૦=૪૮૦૦૦ છન્નુ આગળનો એક ધનુષ થાય અડતાલીશ હજારને છન્નુએ ભાગતાં પાચસો આવે તેટલું ભરતનું દેહમાન થાય મહાવીર સ્વામીનું શરીર આત્માંગુલ વડે ચોરાશી આંગળનું હતું તેને બમણું કરતાં ૧૬૮ ઉત્સેધાંગુલ થાય. ચોવીસ આગળનો એક હાથ થાય એટલે ચોવીસને સાતે ગુણતાં ૧૬૮ આવે તેથી મહાવીરસ્વામીનું શરીર સાત હાથનું કહેવાય છે.

પુઢવાઇસુ પત્તેયં, સગ વણ પત્તેયણંત દસ ચઉદ,
વિગલે દુ દુ સુર નારય,
તિરિ ચઉ ચઉ ચઉદસ નરેસુ. ૨૯૪

પૃથ્વીકાયાદિ ચારને વિષે સાત સાત લાખ યોની પ્રત્યેકની દશ લાખને સાધારણ વનસ્પતિકાયની ચૌદ લાખ. વિગલેન્દ્રિયની બબ્બે લાખ, દેવનારક ને પંચેન્દ્રિયતિર્યંચની ચાર ચાર લાખ અને મનુષ્યની ચૌદ લાખ મળી કુલ ચોરાશી લાખ યોની છે જેના વર્ણ ગંધ રસ સ્પર્શ એક સરખા હોય તે એક યોનિ ગણાય છે.

એગિંદિએસુ પંચસુ,
બાર સગ તિ સત્ત અટ્ઠ વીસા ય,
વિગલેસુ સત્ત અડ નવ,
જલ ખહ ચઉપય ઉરગ ભુયગે. ૨૯૫

અદ્ધ તેરસ બારસ, દસ દસ નવગં નરામરે નિરએ,
બારસ છવ્વીસ પણવીસ
હુન્તિ કુલ કોડિ લક્ખાઇં. ૨૯૬

ઇગ કોડિ સત્ત નવઈ, લક્ખા સડ્ઢા કુલાણ કોડીણં
સંવુઢજોણિ સુરેગિંદિ,
નારયા વિયડ વિગલ ગબ્ભુભયા. ૨૯૭

અચિત્ત જોણિ સુર નિરય,
મીસ ગબ્ભે તિભેય સેસાણં,
સીઉસિણ નિરય સુરગબ્ભ,
મીસ તે ઉસિણ સેસ તિહા. ૨૯૮

એકજ યોનીમાં જુદી જુદી જાતના જીવો ઉત્પન્ન થાય તે જુદા જુદા કુલ કહેવાય જેમ કે ગાયના છાણમાં વીછી કૃમિ કીડા પ્રમુખ જુદી જુદી જાતના જીવોનો સમુહ તે જુદા જુદાં કુલ કહેવાય. સર્વ મળીને એક ક્રોડને સાડીસત્તાણું લાખ કુલ કોડી છે. ૧૨ પૃથ્વીકાય ૭ અપકાય ૩ તેઉકાય ૭ વાઉમવ ૨૮ વનસ્પતિકાય ૭ બેઈન્દ્રિય ૮ તેઈન્દ્રિય ૯ ચૌરેન્દ્રિય ૧૨ાા જલચર ૧૨ ખેચર ૧૦ ચતુસ્પદ ૧૦ ઉરપરિસર્પ ૯ ભૂજપરિસર્પ ૧૨ મનુષ્ય ૨૬ દેવ ૨૫ નારક = ૧૯૭ાા કુલ કોડી છે. દેવ એકેન્દ્રિય અને નારકીની યોની ઢાંકેલી હોય છે. વિગલેન્દ્રિયની પ્રગટ હોય છે. ગર્ભજ પચેન્દ્રિય તિર્યંચને મનુષ્યની બન્ને પ્રકારની હોય છે. દેવ નારકની અચિત, ગર્ભજ મનુષ્ય તિર્યચની સચિતા ચિતમિશ્ર અને બાકીનાની ત્રણે ભેદવાળી હોય છે. સચિત્ત અચિતને મિશ્ર નારકીની યોની શિત ને ઉષ્ણ હોય છે. દેવ ગર્ભજ તિર્યંચને મનુષ્યની શીતોષ્ણ મિશ્ર હોય છે. અગ્નિકાયની ઉષ્ણ ને બાકીનાની શીત ઉષ્ણ અને મિશ્ર ત્રણે પ્રકારે હોય છે,

દેવતાની શય્યા દેવ દુષ્યે ઢાંકેલી હોય. એકેન્દ્ર જીવો પૃથ્વી પાણીમાં ઉપજે નારકી ગોખના આકારે ઢાકેલા આલામાં ઉપજે. તેથી દેખાય નહિં તેવી છે. વિગલેન્દ્રિય સમુર્છિમ તિર્યચ અને મનુષ્યનું ઉત્પત્તિ સ્થાન જલાશય વગેરેમાં પ્રગટ દેખાય છે ગર્ભજ તિર્યંચ મનુષ્યની યોની મિશ્ર એટલે ગર્ભ અંદરના સ્વરૂપથી દેખાય નહિ પણ પેટ મોટું દેખાય માટે સંવૃત વિવૃત હોય. ગર્ભજ તિર્યંચ મનુષ્યની સચિતાચિત છે. શુક્ર મિશ્રિત રૂધિર પુદ્‌ગલો સચિત છે. જીવથી ગાયના શરીરમાં કૃમિ ઉપજે છે સચિત સુકાલાકડામાં ધુણા ઉપજે તે અચિત અર્ધ સુકા કાષ્ટમાં કે

ગાયના શરીરના ક્ષતાદિને વિષે કૃમિ ઉપજે તે મિશ્ર નારકીને જયાં શીત યોની હોય ત્યાં બાકીના ભાગમાં ઉષ્ણુ વેદના હોય છે. અને જયાં ઉષ્ણુ યોની હોય ત્યાં શીત વેદના હોય છે.

**હયગબ્ભ સંખવત્તા જોણી કુમ્મુન્નયાઇ જાયંતી,**
**અરિહ હરિ ચક્કિરામા,**
**વંસી પત્તાઇ સેસ નરા. ૨૯૯**

હતગર્ભા જેમાં રહેકો ગર્ભ હણાઈ જાય તે શંખાવર્ત યોની ચક્રવર્તિના સ્ત્રીરત્નને હોય છે. કુર્મોન્નતા કાચબાના પીઠની માફક ઉચી યોનીમાં અરિહંત ચક્રવર્તિ વાસુદેવ બળદેવ ઉપજે છે. વંસીપત્ના=વાંસનાં પાંદડાંના જોડલાની જેવી યોનિમાં સામાન્ય મનુષ્યો ઉપજે છે ઉત્કૃષ્ટથી ગર્ભની ઉત્પત્તિનો કાળ બાર મુંહુર્ત સુધીનો હોય છે. તિર્યચેમાં આઠ વર્ષ સુધી અને મનુષ્યણીમાં વધુમાં વધુ બાર વર્ષ સુધી સિદ્ધરાજ જયસિંહની પેઠે ગર્ભ રહે છે. સ્ત્રી પંચાવન વર્ષ પછી અને પુરૂષ પંચોતેર વર્ષ પછી અબીજ થાય એટલે તેઓને સંતતિ ન થાય વધુ આયુષ્યવાળો પોતાના આયુષ્યના અર્ધ ભાગ પછી અને પૂર્વ કોડી વાળા પોતાના આયુષ્યનો વીશમો ભાગ બાકી રહે ત્યારે પ્રસવ ન કરે.

**આઉસ્સ બંધ કાલો,**
**અબાહકાલો ય અંતસમઓ ય**

**અપવત્તણ-ણુપવત્તણ,**
**ઉવક્કમ-ણુવક્કમા-ભણિયા. ૩૦૦**

**બંધન્તિ દેવ નારય,**
**અસંખ નર તિરિ છમાસ સેસાઊ,**
**પરભવિયાઊ સેસા, નિરુવક્કમ તિભાગ સેસાઊ. ૩૦૧**

**સોવક્કમાઉયા પુણ,**
**સેસ તિભાગે અહવ નવમ ભાગે,**
**સત્તાવીસઇમે વા, અંતમુહુત્તં–તિમે વા વિ. ૩૦૨**

આયુષ્યનો બંધકાળ, અબાધાકાળ, અંત સમય. અપવર્તન અનપવર્તન, ઉપક્રમ અને નિરૂપક્રમ નીચે મુજબ કહ્યાં છે.

દેવ નારક અસંખ્યાત આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો પોતાના ભવનું છ માસ બાકી આયુષ્ય હોય ત્યારે પરભવનું આયુષ્ય બાંધે છે. બાકીના નિરૂપક્રમી મનુષ્ય તિર્યંચ ગતિવાળા પોતાના ભવનો ત્રીજો ભાગ બાકી આયુ રહે ત્યારે આયુષ્ય બાંધે, સોપ ક્રમી આયુષ્યવાળા વળી પોતાના આયુષ્યના શેષ ત્રીજે ભાગે અથવા નવમે ભાગે અથવા સતાવીશમા ભાગે અથવા છેલ્લા અંતર્મુહુતે પણ પરભવ આયુષ્ય બાંધે

**જઇમે ભાગે બંધો,**
**આઉસ્સ ભવે અબાહ કાલો સો,**
**અંતે ઉજ્જુગઇ ઇગ,**
**સમય વક્ક ચઉ પંચ સમયં તા. ૩૦૩**

જેટલામે ભાગે આવુષ્યનો બંધ થાય બંધથી ઉદયની વચમાં જે કાળ તે અબાધાકાળ જાણવો. મરણ વખતે ઋજુ ગતિ એક સમયની અને વક્રગતિ ચાર અથવાં પાંચ સમયની હોય છે.

**ઉજ્જુગઈ પઢમ સમએ,**
**પરભવિયં આઉયં તહા–હારો,**
**વક્કાઇ બીય સમએ, પરભવિયાઉં ઉદય–એઇ ૩૦૪**

ઋજુગતિના પહેલા સમયે પરભવનું આયુષ્ય તથા પરભવ સંબંધી આંહાર ઉદયમાં આવે છે અને વક્રગતિના બીજા સમયે પરભવનું આયુષ્ય ઉદયમાં આવે છે એક સમયની ઋજુગતિ=ત્રસનાડીમા મરણ પામીને ઉર્ધ્વલોકમાં સીધો ઉપજે એક સમયની વક્રગતિ—ત્રસનાડીમાં સાતમી નરકતળે મરણ પામીને ઉર્ધ્વલોકમાં એક સમયે જાય અને બીજા સમયે ગમે તે દિશામાં ઉપજે, બે સમયની વક્રગતિ—અધોલોકની દિશાથી એક સમયે ત્રસનાડીમાં આવે બીજા સમયે ઉર્ધ્વલોકમાં જાય ત્રીજા સમયે ગમે તે દિશાંમાં ઉપજે. ત્રણ સમયની વક્રગતિ પહેલા સમયે અધોલોકની વિદીશામાંથી દિશામાં આવે બીજા સમયે ત્રસનાડીમાં આવે ત્રીજા સમયે ઉર્ધ્વલોકમાં જાય અને ચોથા સમયે ગમે તે દિશામાં જાય—ઉપજે. ચાર સમયનીવક્રગતિ—પહેલા સમયે અધોલોકની વિદિશામાંથી દિશામાં આવે બીજા સમયે ત્રસનાડીમાં આવે ત્રીજા સમયે ઉર્ધ્વલોકમાં જાય ચોથા સમયે ગમે તે દિશામાં જાય અને પાંચમા સમયે વિદિશામા ઉત્પત્તિ સ્થાને ઉપજે.

**ઇગ દુ-તિ-ચઉ વક્કાસું, દુગાઇસમએસુ પરભવાહારો,**
**દુગ વક્કાઇસુ સમયા,**
**ઇગ દો તિન્નિ ય અણાહારા. ૩૦૫**

એક બે ત્રણ અને ચાર સમયની વક્રગતિઓમાં બીજા આદિ સમયોને વિષે પરભવનો આહાર ઉદયમાં આવે એ આદિ સમયની વક્રગતિઓમાં એક બે ત્રણ સમય સુધી જીવ આહારી હોય છે. પાંચ સમયમાં પહેલા અને છેલ્લા સમયે જીવ આહારી હોય છે. બીજા ત્રીજા અને ચોથા સમયે જીવ અણાહારી હોય છે. (એવું અણાહારી પણું અનંતીવાર કર્યું.)

**બહુકાલ વેયણિજ્જં,**
**કમ્મં અપ્પેણ જમિહ કાલેણં,**
**વેઇજ્જઇ જુગવં ચિય,**
**ઉઇન્ન સવ્વ—પએસગ્ગં. ૩૦૬**
**અપવત્તણિજ્જ—મેયં,**
**આઊ અહવા અસેસ-કમ્મંપિ,**
**બંધ સમયે વિ બદ્ધં,**
**સિઢિલં ચિય તં જહા જોગં. ૩૦૭**

ઘણા કાળે વેદવા યોગ્ય એવું જે કર્મ તે અહિંયા થોડા કાળ વડે આત્માના સર્વ પ્રદેશના અગ્ર ભાગે ઉદયમાં લાવીને એકી વખતે નિશ્ચેવેદાય એ અપવર્તનીય આયુષ્ય અથવા તો આ આયુષ્યની માફક સમસ્ત કર્મ પણ અપવર્તનીય હોય બંધ સમયે પણ તે અપવર્તનીય આયુષ્ય અને કર્મ યથા-યોગ્ય પણે જેવાં અધ્યવસાયાદિ કારણ હોય તે પ્રમાણે નિશ્ચે શિથીલ બંધાયેલ છે. તેથી થોડા કાળે વેદે

**જં પુણ ગાઢ નિકાયણ, બંધેણં પુવ્વમેવ કિલ બદ્ધં**
**તં હોઇ અણપવત્તણ,**
**જુગ્ગં કમ વેયણિજ્જ ફલં. ૩૦૮**

જે કર્મ વળી અત્યંત નિકાચીત (અવશ્ય ભોગવવા પણે સ્થાપન કરેલું એવા) બંધ વડે કરીને પહેલાંજ નિશ્ચે બાંધેલું હોય તે અનપવર્તન યોગ્ય હોય છે. એથી અનુક્રમે વેદવાં યોત્ય ફળ વાળું હોય છે.

**ઉત્તમ ચરમ સરીરા,**
**સુર નેરઇયા અસંખ નર તિરિયા**
**હુન્તિ નિરુવક્કમાઓ,**
**દુહાવિ સેસા મુણેયવ્વા. ૩૦૯**

ઉત્તમ પુરૂષ (ત્રેસઠ સલાકા પુરૂષ) ચરમ શરીર, ચારે નિકાયના દેવો, નારક અસંખ્યાત આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચ યુગલીયા નિરૂપક્રમ આયુષ્યવાળા હોય છે. અને બાકીના જીવો સોપક્રમી અને નિરૂપક્રમી જાણવા. યુગલીક મનુષ્યો છ પ્રકારના ગુણવાળા હોય છે પદ્મગંધી, કસ્તુરી જેવા ગંધવાળા, મમત્વ વિનાના, તેજસ્વી અને રૂપાળા, સહનશીલ, અને શનૈશ્ચારી.

**જેણાઉ—મુવક્કમિજ્જઈ,**
**અપ્પ સમુત્થેણ ઇયરગેણાવિ,**
**સો અજ્ઝવસાણાઇ,**
**ઉવક્કમ—ણુવક્કમો ઇયરો. ૩૧૦**

આત્માથી ઉત્પન્ન થએલ જે અધ્યવસાય અથવા બીજા કારણે આયુષ્ય ઘટે તે અધ્યવસાયાદિ ઉપક્રમ જાણવો અને તેથી વિપરીત તે અનુપક્રમ જાણવો. વિષ અગ્નિ શસ્ત્રાદિ વડે આયુષ્ય ઘટે. ઘણા કાળ સુધી વેદવા યોગ્ય જે આયુષ્ય હોય તેને અલ્પ કાળમાં ભોગવીએ તે અપવર્તના કારણરૂપ ઉપક્રમ જાણવો તેથી વિપરીત તે અનુપક્રમ જાણવો.

**અજ્ઝવસાણ નિમિત્તે, આહારે વેયણા પરાઘાએ,**
**ફાસે આણપાણુ, સત્તવિહં ઝિજ્જએ આઉં. ૩૧૧**

અધ્યવસાય, નિમિત્ત, આહાર, વેદના, પરાઘાત, શ્વાસ અને સ્પર્શ એ સાત પ્રકારે આયુષ્ય ક્ષય પામે છે. (ઓછું થાય છે. સ્થિતિ લાંબી હોય તે ટુંકી થાય છે. પણ પ્રદેશથી બરાબર ભોગવાઇ જાય છે. તેમાં ઘટાડો વધારો થતો નથી.

તીવ્રરસ હોય તો મંદ થાય અને મંદ હોય તો તીવ્ર થાય તે લેશ્યાના અધ્યવસાયે ફેરફાર થાય છે. **અધ્યવસાય** ત્રણ પ્રકારે છે. રાગ, સ્નેહ ને ભય-જેમ કોઇ પરબને વિષે પાણી પાનારી સ્ત્રી તરૂણ પુરૂષને અનુરાગથી જોતી છતી તે પુરૂષની પ્રાપ્તિ નહિ થવાથી મરણ પામી તે રાગથી જાણવું. જેમ કોઈ સાર્થવાહ દેશાંતરથી આવે છતે સાર્થવાહના મિત્રે પરીક્ષા નિમિત્તે સાર્થવાહનું મરણ કહે છતે સાર્થવાહી મરણ પામી અને સ્ત્રીને મરણે સાર્થવાહ પણ મરણ પામ્યો. તે સ્નેહથી જાણવું. કૃષ્ણને દેખીને સોમીલ મરણ પામ્યો તે ભયથી જાણવું. **નિમિત્ત** એટલે દંડ ચાબુક શસ્ત્ર દોરડાદિકના પ્રહારથી મરણ પામે **આહાર** એટલે અત્યંત સરસ આહાર ઘણો કરવાથી મરણ પામે **વેદના** એટલે શૂળાદિકની વેદનાથી મરણ પામે **પરાઘાત** એટલે ખાડાદિકમાં પડવાથી મરણ પામે, **સ્પર્શ** એટલે અગ્નિ વિષ સર્પાદિકના સ્પર્શથી મરણ પામે. **શ્વાસ** એટલે અધીક શ્વાસોચ્છવાસ વહેતાં કે શ્વાસ રોકવાથી મરણ પામે. આ સાત ઉપક્રમથી આયુષ્ય ઘટે શ્રીકૃષ્ણ અને સ્કંદકાચાર્યના શિષ્યોનું બાહ્ય ઉપક્રમે આયુષ્ય પુરૂં થયું પરંતુ અંતરંગ વિચારતાં તેમનું નિરૂપક્રમ આયુષ્ય તેટલું જ હતું. પણ સોપક્રમ આયુષ્ય ન હતું. નિમિત્ત મળે એટલા માત્રથી ઉપક્રમ ગણાય નહિ.

**આહાર સરીરિંદિય,**
**પજ્જત્તી આણુપાણ ભાસ મણે,**
**ચઉ પંચ પંચ છપ્પિય,**
**ઇગ વિગલા-સન્નિ સન્નીણં. ૩૧૨**

આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છવાસ ભાષા અને મન

એ છ પર્યાપ્તિ છે તેમાંથી એકેન્દ્રિયને ચાર વિગલેન્દ્રિય ને અસંજ્ઞીને પાંચ અને સંજ્ઞીને છ. હોય છે. લબ્ધી અપર્યાપ્ત જીવ ઓછામાં ઓછી ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કરી પરભવાયુ બાંધી અંતર્મુહુર્ત અબાધાકાળ ભોગવી મરણ પામે છે. દરેક જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિઓ સાથેજ આરંભે છે. પણ પુરી અનુક્રમે કરે છે.

**આહાર સરીરિંદીય, ઊસાસ વઊ મણો ભિનિવ્વત્તી,**
**હોઈ જઓ દલિયાઊ,**
**કરણં પઇ સા ઊ પજ્જત્તી. ૩૧૩**

આહાર શરીર ઈન્દ્રિય, શ્વાસોચ્છવાસ, વચન અને મનની સંપૂર્ણતા જે દલીયાંથી થાય તે આહારાદિકની નિષ્વતિ પ્રત્યે જે કારણ (જીવ સંબંધી શક્તિ વિશેષ) તે વળી પર્યાપ્તિ કહેવાય છે.

**પણિંદિય તિબલુસા**
**સાઊ દસ પાણુ ચઊ છ સગ અટ્ઠ,**
**ઈગિદુતિ ચઊરિંદીણું,**
**અસન્નિસન્નીણુ નવ દસય. ૩૧૪**

પાંચ ઈન્દ્રિય ત્રણ યોગ બળ, શ્વાસોચ્છવાસ ને આયુષ્ય એ દશ પ્રાણ કહેવાય છે તેમાંથી એકેન્દ્રિયને ચાર, બેઈન્દ્રિયને છ, તેઈન્દ્રિયને સાત, ચૈરેન્દ્રિયને આઠ અસન્નિ તિર્યંચને નવ અને સંજ્ઞીને દશ પ્રાણ હોય છે.

**સંખિત્તા સંઘયણી,**
**ગુરુતર સંઘયણિ મજ્ઝઓ એસા,**
**સિરિ સિરિચંદ મુણિંદેણ.**
**નિમ્મિયા અપ્પ પઢણટ્ઠા. ૩૧૫**

આ સંક્ષિપ્ત સંઘયણી અત્યંત મોટી સંગ્રહણીમાંથી જ્ઞાનાદિ લક્ષ્મીયુક્ત શ્રી ચંદ્રસૂરિએ પોતાને ભણવાને માટે (પાંચસો ગાથાવાળી) બનાવી છે. આ વાકયમાં આચાર્યશ્રીએ પોતાની લઘુતા નિરભિમાનતા દર્શાવી છે.

**સંખિત્તયરી ઉ ઇમા, સરીર–મોગાહણા ય સંઘયણા**
**સન્ના સંઠાણ કસાય, લેસિંદિય દુ સમુગ્ઘાયા. ૩૧૬**

**દિટ્ઠિ દંસણ નાણે,**
**જોગુ–વઓગો–વવાય ચવણ ઠિઈ,**
**પજ્જત્તિ કિમાહારે, સન્નિ ગઈ આગઈ વેએ. ૩૧૭**

આ સંગ્રહણી વળી અત્યંત સંક્ષેપ છે. તેને દંડકસૂત્ર કહેવાય છે. તેમાં ચોવીસ જીવ ભેદ છે. અને દરેક જીવ ભેદનાં ચોવીશ દ્વાર કહેલાં નીચે મુજબ છે. શરીર, અવગાહના તે શરીરની ઉચાઈ, સંઘયણ, સંસ્થાન, સંજ્ઞા, કષાય લેશ્યા ઇન્દ્રિય બે પ્રકારે સમુદ્‌ઘાત, દૃષ્ટિ દર્શન, જ્ઞાન, અજ્ઞાન, યોગ, ઉપયોગ ઉપપાત ચ્યવન સ્થિતિ, પર્યાપ્તી કિમાહાર, સંજ્ઞા, ગતિ આગતિ, વેદ ને અલ્પબહુત્વ.

**મલહારિ હેમ સુરીણ, સીસ લેસેણ વિરઇયં સમ્મં,**
**સંઘયણિ રયણ–મેયં,**
**નંદઉ જા વીરજિણ તિત્થં. ૩૧૮**

મલધારી ગચ્છના હેમચંદ્રસૂરિના શિષ્યમાં લેશ સમાન ચંદ્રસૂરિએ આ સંગ્રહણી રૂપરત્ન રૂડે પ્રકારે રચ્યું. તે જ્યાં સુધી વીરપ્રભુનું તીર્થ છે ત્યાં સુધી ભણતાં આનંદ પામો.

## ચોવીસ દ્વારની ટુંકી સમજણ

૧ શરીર પાંચ છે, ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસને કાર્મણ મનુષ્યને પાંચે હોઈ શકે છે.

૨ અવગાહના – શરીરની ઊંચાઈ.

૩ સંઘયણ – હાડકાની રચના છ પ્રકારે છે.

૪ સંસ્થાન – શરીરનો આકાર

૫ સંજ્ઞા દરેક જીવને આહાર ભય મૈથુન પરિગ્રહાદિ ચાર દશ કે સોળ રહેલી છે.

૬ કષાય – ચારે કષાય સંસારી જીવને હોય છે.

૭ લેશ્યા – છ લેશ્યા દ્રવ્યને ભાવથી જીવને હોય છે. યથા સંભવ

૮ ઇન્દ્રિય – પાંચે ઇન્દ્રિયો મનુષ્ય તિર્યંચને હોય છે.

૯ સમુદ્‌ઘાત – સાત છે વેદના કષાય મરણ વૈક્રિય તેજસ, આહારકને કેવળી

૧૦ દૃષ્ટિ – સમકિત મિશ્ર, ને મિથ્યા દૃષ્ટિ ત્રણ છે.

૧૧ દર્શન – ચક્ષુ, અચક્ષુ અવધિ ને કેવળ એ ચાર છે.

૧૨ જ્ઞાન – મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, ને કેવળ પાંચ છે.

૧૩ અજ્ઞાન–પહેલાં ત્રણ વિપરીત હોય છે.

૧૪ યોગ પંદર છે. ૪ મન ૪ વચન ૭ કાયા – ૧૫

૧૫ ઊપયોગ બાર છે, ૫ જ્ઞાન ૩ અજ્ઞાન ૪ દર્શન

૧૬ ઊપપાત–જન્મની કાળ મર્યાદા

૧૭ ચ્યવન–મરણની કાળ મર્યાદા

૧૮ પર્યાપ્તિ–શરીરની ઊત્પત્તિને યોગ્ય કાર્ય અંતર્મુહુર્તમાં છએ પુરી થાય

૧૯ કિમાહાર–કયા જીવને કેટલી દિશિનો આહાર હોય તે

૨૦ સંજ્ઞાત્રણ હેતુ વાદો પદેશીકી દૃષ્ટિવાદોપદેશીકી દીર્ઘકાલીકી

૨૧ ગતિ જીવ મરીને કયાં જાય તે

૨૨ આગતિ જીવ કયાંથી મરીને કયાં જાય તે

૨૩ વેદ ત્રણ સ્ત્રી પુરુષ ને નપુંશક

૨૪ સ્થિતિ–આયુષ્ય

૨૫ અલ્પબહુત્વ–ઓછાવત્તા પણું ચોવીશ દ્વારમાં

□

| નં. દંડક | શરીર | અવગાહના | સંઘયણ | સંસ્થાન |
|---|---|---|---|---|
| ૧ નારકી | ૩ | ૫૦૦ ધનુષ | ૦ | સમચતુસ્ર |
| ૨ અસુરકુમાર | ૩ | સાત હાથ | ૦ | ,, |
| ૧૧ નાગાદિનવ | ૩ | ,, | ૦ | ,, |
| ૧૨ પૃથ્વીકાય | ૩ | અંગુલ અસંખ્ય ભાગ | ૦ | ચંદ્ર મસુરની દાળ |
| ૧૩ અપકાય | ૩ | ,, | ૦ | પરપોટો |
| ૧૪ તેઉકાય | ૩ | ,, | ૦ | સોય |
| ૧૫ વાઉકાય | ૪ | ,, | ૦ | ધજા |
| ૧૬ વનસ્પતિકાય | ૩ | ૧૦૦૦ યો. અધીક | ૦ | વિવિધ પ્રકારનું |
| ૧૭ બેઈન્દ્રીય | ૩ | ૧૨, યોજન | છેવટું | હુડક |
| ૧૮ તેઈન્દ્રિય | ૩ | ત્રણ ગાઉ | ,, | ,, |
| ૧૯ ચૌરેન્દ્રિય | ૩ | ચાર ગાઉ | ,, | ,, |

| નં. | દંડક | શરીર | અવગાહના | સંઘયણુ | સંસ્થાન |
|---|---|---|---|---|---|
| ૨૦ | ગર્ભજતિર્યંચ | ૪ | ૧૦૦૦ યોજન | ૬ | ૬ |
| ૨૧ | ગર્ભજમનુષ્ય | ૫ | ત્રણુ ગાઉ | ૬ | ૬ |
| ૨૦ | સમુર્છિમતિર્યંચ | ૩ | ૧૦૦૦ યોજન | છેવઠું | હુંડક |
| ૨૧ | સમુર્છિમમનુષ્ય | ૩ | અંગુલ અસંખ્ય ભાગ | ૦ | ,, |
| ૨૨ | વ્યંતર | ૩ | સાત હાથ | ૦ | સમચતુસ્ર |
| ૨૩ | જ્યોતિષી | ૩ | ,, | ૦ | ,, |
| ૨૪ | વૈમાનીક | ૩ | ,, | ૦ | ,, |

| નં. | લેશ્યા | ઈન્દ્રિય | સમુદ્ઘાત | દૃષ્ટિ | દર્શન | જ્ઞાન | અજ્ઞાન |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૫ | ૫ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૨ | ૪ | ૫ | ૫ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૧૧ | ૪ | ૫ | ૫ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૧૨ | ૪ | ૧ | ૩ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૩ | ૪ | ૧ | ૩ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૪ | ૩ | ૧ | ૩ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૫ | ૩ | ૧ | ૪ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૬ | ૪ | ૧ | ૩ | ૧ | ૧ | ૦ | ૨ |
| ૧૭ | ૩ | ૨ | ૩ | ૨ | ૧ | ૨ | ૨ |
| ૧૮ | ૩ | ૩ | ૩ | ૨ | ૧ | ૨ | ૨ |
| ૧૯ | ૩ | ૪ | ૩ | ૨ | ૨ | ૨ | ૨ |
| ૨૦ | ૬ | ૫ | ૪ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૨૧ | ૬ | ૫ | ૭ | ૩ | ૩ | ૫ | ૩ |
| ૨૦ | ૩ | ૫ | ૩ | ૧ | ૨ | ૨ | ૨ |
| ૨૧ | ૩ | ૫ | ૩ | ૧ | ૧ | ૦ | ૨ |

| નં. | લેશ્યા | ઇન્દ્રિય | સમુદ્ઘાત | દૃષ્ટિ | દર્શન | જ્ઞાન | અજ્ઞાન |
|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | ૪ | ૫ | ૫ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૨૩ | ૧ | ૫ | ૫ | ૩ | ૩ | ૩ | ૩ |
| ૨૪ | ૩ | ૫ | ૫ | ૩ | ૩ | ૩ | ૩ |

| નં. | યોગ | પર્યાપ્તિ | સંજ્ઞા | વેદ | આયુષ્ય | ગતિ | આગતિ | ઉપપાત ચ્યવન |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૧ | ૬ | દીર્ઘ | ૨ | ૩૩ સાગરોપમ | ૨ | ૨ | અસંખ્યાત |
| ૨ | ૧૧ | ૬ | ,, | ૨ | ૧, સા. અધીક | ૫ | ૨ | ,, |
| ૧૧ | ૧૧ | ૬ | ,, | ૨ | દેશેઉણુ બે પલ્યોપય | ૫ | ૨ | ,, |
| ૧૨ | ૩ | ૪ | ૦ | ૧ | ૨૨૦૦૦ વર્ષ | ૧૦ | ૧૦ | ,, |
| ૧૩ | ૩ | ૪ | ૦ | ૧ | ૭૦૦૦ ,, | ૧૦ | ૧૦ | ,, |
| ૧૪ | ૩ | ૪ | ૦ | ૧ | ત્રણઅહો રાત્રી | ૯ | ૧૦ | ,, |
| ૧૫ | ૫ | ૪ | ૦ | ૧ | ૩૦૦૦ વર્ષ | ૯ | ૧૦ | ,, |
| ૧૬ | ૩ | ૪ | ૦ | ૧ | ૧૦૦૦૦ ,, | ૧૦ | ૧૦ | અનંતા |
| ૧૭ | ૪ | ૫ | હેતુ | ૧ | ૧૨ વર્ષ | ૧૦ | ૧૦ | અસંખ્યાત |
| ૧૮ | ૪ | ૫ | ,, | ૧ | ૪૯ દિવસ | ૧૦ | ૧૦ | ,, |
| ૧૯ | ૪ | ૫ | ,, | ૧ | છ માસ | ૧૦ | ૧૦ | ,, |
| ૨૦ | ૧૩ | ૬ | ૨ | ૩ | ત્રણ પલ્યોપય | ૨૪ | ૨૪ | ,, |
| ૨૧ | ૧૫ | ૬ | ૩ | ૩ | ,, | ૨૪ | ૨૨ | સંખ્યાતા |
| ૨૦ | ૪ | ૫ | હેતુ | ૧ | પૂર્વ ક્રોડ વર્ષ | ૧૦ | ૧૦ | અસંખ્યાત |
| ૨૧ | ૩ | ૪ | ૦ | ૧ | અંતર્મુહુર્ત | ૧૦ | ૧૦ | ,, |
| ૨૨ | ૧૧ | ૬ | દીર્ઘ | ૨ | પલ્યોપમ | ૫ | ૨ | ,, |
| ૨૩ | ૧૧ | ૬ | ,, | ૨ | પલ્યોપમલાખ વર્ષ અધીક | ૫ | ૨ | ,, |
| ૨૪ | ૧૧ | ૬ | ,, | ૨ | ૩૩, સા૦ | ૫ | ૨ | ,, |

# છપાયેલ પુસ્તકોની યાદી

## કાવ્ય વિભાગ

૧ કલ્યાણક સ્તવન ટોડર
દેઈયયથયથુઈ સજ્ઝાયમાળા
૮/૪૮/૪૯/૭૮/૧૧૧/૨૦
૧૧૦/૫૩/૬૧/૯૫/૧૭૫
વિવિધ પૂજાસંગ્રહ અર્થ સાથે
૯૧ થી ૯૪/૧૧૭
૧૦ સમક્તિના સડસઠ બોલની
સજ્ઝાય અર્થ સાથે
૧૩ ભક્તામર અર્થ કથા સહિત
૧૬ પ્રકરણ ભાષ્યસાર
૧૪/૧૯/૫૦ છ કર્મગ્રંથસાર
૫૭/૧૮૦ બૃહદસંગ્રહણી સાર્થ
૭૩ નવસ્મરણ મૂળ
૭૫ લઘુક્ષેત્ર સમાસ અર્થ
૧૬૪ સામાયિક સ્વરૂપ
૧૦૦ દેવચંદ્રજી ચોવીશી સાર્થ
૯૮ પ્રશમરતિસાર્થ
૧૦૩ જ્ઞાનસાર સાર્થ
૧૦૫ વીતરાગસ્તોત્ર સાર્થ
૧૦૨ શાન્ત સુધારસ સાર્થ
૧૧૪ દશવૈકાલિક સૂત્રાર્થ
૧૧૫ સ્વાધ્યાય સંગ્રહ
૧૧૬ ભક્તામર કલ્યાણ મંદિરસાર્થ
૧૮૧ યોગશાસ્ત્ર
૧૭૦/૧૭૧ સ્તવન ચોવીશી સાર્થ
ભાગ૧-૨
૧૩૬ સંબોધસિત્તરી

## દ્રવ્યાનુયોગ તત્ત્વજ્ઞાન વગેરે

૨૧ ભોગોપભોગ વિરમણ વ્રત
૩૪/૫૪ ભૂર્ભુવઃ સ્વ. ભા. ૧/૨
૫૧ જૈન દર્શનને શ્રાવકદિન કૃત્ય
જૈન ધર્મ પ્રવેશક ભા. ૧ થી ૭
૫૮/૬૯/૮૨/૧૪૮/૧૪૯/૧૭૩/૧૭૪
૬૨ ઉપદેશ સીતરી
૬૩ સહસ્રકૂટ નામાવલી
૭૪/૧૬૪ નવપદ મહાત્મ્ય
૯૭ આગમ સાર
૧૦૧ પારસમણિ
૮૧ નવકારના જાપની નોંધ
૧૧૮ ષડ્દ્રવ્યાત્મક જગત
૧૩૯ શ્રાવક ધર્મ
૧૪૦ ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન
૮૪/૮૫/૮૬ જૈન પ્રશ્નોત્તરી ભા.૧/૨/૩
૭૭/૧૬૭ સાધુ સાધ્વી આવશ્યક
સૂત્રાર્થ
૮૭ બે પ્રતિક્રમણ અને પ્રકીર્ણ સંગ્રહ
૮૨ તત્ત્વાર્થાધિગમ સૂત્રાર્થ
૩૩ ભક્તિ મુક્તિ પર્યુષણ પર્વમાળા
૩૯ નેમિ વિવાહલો
૧૪૩ પ્રશાંતરસ ઝરણાં
૧૫૬ પંચસૂત્રાદિ સંગ્રહ
ઉત્તરાધ્યયન સૂત્રાર્થ ભાગ૧થી૪
૧૬૬/૧૮૨/૧૮૩/૧૮૪
૧૭૭ હરીઆળી

# અભિપ્રાયો

અકલંક ગ્રંથમાળા તરફથી પ્રગટ થતા કથા સાહિત્યનાં પુસ્તકો ઉપરાંત અન્ય વિષયનાં પુસ્તકો સામાન્ય માણસને પણ ઉપયોગી થઈ શકે તેમ છે આવાં પુસ્તકોના પ્રકાશનની જરૂરીઆત છે મને આપની જ્ઞાનની પ્રવૃતિથી આનંદ થાય છે.

લિ. પૂ. આ. શ્રી અભયદેવસૂરિ તા. ૧-૭-૬૨

અમારા પરમશ્રુત શાસનપ્રેમી અને ધરખમ પ્રચારક તપસ્વી મુનિ અકલંક વિજયજીએ પુસ્તક પ્રકાશનનો ભારે યજ્ઞ માંડ્યો છે. હું એમના પ્રચંડ પુરૂષાર્થને જોઈને આનંદ અનુભવું છું.

લિ. પૂ. આ શ્રી યશોદેવ સૂરિ પાલીતાણા, તા. ૫-૮-૬૨

તમારી શ્રુતિભક્તિ અવર્ણનીય છે. તપસ્યાની સાથે સમ્યગ્જ્ઞાનની લગની અને લાગણી અપૂર્વ છે. આપના પુસ્તકો ઘણાં ઉપયોગી છે.

લિ. પૂ. આ શ્રી ધનેશ્વરસૂરિ અહમદનગર તા. ૩૧-૭-૬૨

જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનના ભવ્ય વારસા સામગ્રીરૂપ અકલંક ગ્રંથમાળા તરફથી પ્રગટ થતાં પુસ્તકો આબાલગોપાળને શ્રુતજ્ઞાનની આત્મોન્નતી તરફને અનન્ય પ્રેરક માહિતિ ઉપલબ્ધ થાય છે. સામાન્ય વાચકથી આરંભીને વિદ્વાન વર્ગને પણ એમનાં પુસ્તકો દ્વારા જ્ઞાન સંપાદન કરવાની અમૂલ્ય તક મળી રહે છે. આ પુસ્તકો પોકેટ બુકની ગરજ સારે તેવાં હોવાથી સત્સંગ અને સ્વાધ્યાયનો અનેરો આનંદ આપે તેવા છે.

લિ. ડૉ. કવિન શાહ બીલીમોરા તા. ૧૦-૧૦-૬૨

આપશ્રી સરળ ભાષામાં સાહિત્યનું સર્જન કરીને જ્ઞાનનો લાભ આપી રહ્યા છો તેની જૈન સમાજને ખરેખર આવશ્યકતા છે. આપશ્રીનું પ્રકાશન કાર્ય જ્ઞાન જ્યોતને જલતી રાખી ભવ્યાત્માઓના આત્મકલ્યાણમાં ઉપકારક નીવડે એવી અભિલાષા છે.

પ્રો. કુમુદચંદ્ર ગોકળચંદ શાહ તા. ૧૨-૩-૬૩